કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ચોપનમું · અંક સાતમો

જુલાઈ ૧૯૭૭

તંત્રી

બચુભાઈ રાવત


અમેરિકાનો ગ્રામપ્રદેશ (ચિત્રકાર · ગ્રાન્ટ વુડ



સળંગ


૬૪૩મો અંક

અમેરિકન ગ્રામપ્રદેશના આ લાક્ષણિક દૃશ્યમાં આપેલા ગોળમટોળ આકારો અને સરળ વળાંકોમાં ચિત્રશૈલીને આત્યંતિકપણે ખેંચી હોવા છતાં એમાં એક પ્રકારથી તાલબદ્ધતા દેખાય છે. (જુઓ આ અંકની 'કલાવાર્તા')



'અમેરિકન ગૉથિક' (ચિત્રકાર : ગ્રાન્ટ વુડ). યુનાઈટેડ સ્ટેટ્સના મધ્ય પ્રદેશ (મિડલ-વેસ્ટ)ના કોઈ પ્રૌઢ ખેડૂત દંપતીનું આ ચિત્ર પ્રથમ નજરે તો એક વિગતસભર વાસ્તવિક છબિચિત્ર જ લાગે છે. પણ યુરોપની કલાશૈલીઓને આદર્શ માની એની નકલ કરનારા ગણાવાને બદલે પોતાની માતૃભૂમિના આગવા ગૌરવની પ્રતિષ્ઠા કરવાના અમેરિકન કલાકારોના પ્રયાસનો પ્રારંભ આ અને આ સમયની ત્યાંની અન્ય કલાકૃતિઓથી આરંભાયો હતો. બધી વિગતો આપવા છતાં બહુ જ સાદગીભરી લાક્ષણિકતાથી ગ્રાન્ટ વુડે આ ચિત્રમાં તે સમયના અમેરિકન ગ્રામીણ પાત્રોની સુંદર રજૂઆત કરી છે. (બ્લૉકો : 'SPAN'ના સૌજન્યથી)

(જુઓ આ અંકની 'કલાવાર્તા')



કુમાર

જુલાઈ ૧૯૭૭ · અંક ૬૪૩

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થયેલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થયેલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫४ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

'કુમાર' દ્વારા સંસ્મરણ

'કુમાર'માં પ્રગટ થયેલ મારા એક પત્રે એક મિત્રને ૩૦ વર્ષ પહેલાંનો સમય યાદ અપાવી દીધો! ધનબાદમાં રહેતા શ્રી નવનીતભાઈ મહેતાએ 'કુમાર'માં પત્ર વાંચ્યો અને ત્રીસ વર્ષ પહેલાં પોતાના આતરફના વસવાટનું સુરેખ ચિત્ર આપ્યું:—

'મેંગણી દરમિયાન અમે ખરેખર બીજી દુનિયામાં હતાં. આજે ગર્વની સાથે અનુભવું છું કે મારાં ૬૦ વર્ષોમાં એ વર્ષો 'ગોલ્ડન' હતાં!

અમો ત્રણ ભાઈ...લગભગ સમોવડિયા... ક્યારે ય ખેતી જોયેલી-જાણેલી નહિ. ઉરૂલી-કાંચનમાં બાળકોબા ભાવે સાથે પરિચય થતાં ઋષિખેતીના વિચારો દૃઢ થયા. હું જરા શરીરે સશક્ત તેથી ખેતીની તૈયારી કરવામાં પસંદ થયો. અમોએ અલીઆબાડા લોકશાળામાં ૪ માસનો અનુભવ લીધો અને એ બાજુ આવ્યા. વચ્ચે હું વર્ધા આશ્રમમાં તાલીમ લઈ આવ્યો. પરંતુ વારંવાર વર્ષ મોળું પાકયું અને કંઈક શરીરે સુંવાળા તેથી આખરે ખેતીને રામરામ કર્યા. તે પછી રાષ્ટ્રીય શાળામાં અંબર ચરખા વિશે તથા ચર્મશાળામાં ખાદી અંગેની તાલીમ મેળવી. ત્યાં ગામના ચોરામાં ભૂદાનયાત્રા દરમિયાન મારા નાનાભાઈ ખુશાલભાઈ ઊતરેલા. 'દિલમાં દીવો કરો રે દીવો કરો' એ ભજનથી શરૂઆત થયેલી. આ બધું સ્પષ્ટ ચિત્ર છે. મારા એક મિત્ર (વાંકાનેરમાં) કલાના શોખીન. તેણે મને 'કુમાર'નો ચેપ લગાડેલો. હજુ ૧૫ દિવસ પહેલાંની જ વાત. મેં મારાં પત્નીને પૂછ્યું કે લવાજમ સમયસર નહિ ભરવાને કારણે 'કુમાર'નું વી. પી. આવ્યું છે, શું કરીશું? હવે મોંઘું લાગે છે. જવાબ મળ્યો 'એમાં આવતા એક જ વિભાગ (વાચકો લખે છે)માં આપણા ૨૮/૫૦ વસૂલ નથી?'

શ્રી નવનીતભાઈએ એ વખતના જીવનના ફોટા પણ અમને જોવા મોકલ્યા છે. આમ 'કુમારે' બે 'કુમારો'ને અજાણ્યામાંથી સાવ નજીક લાવી મૂક્યા છે!

(મેંગણી) —ભાસ્કર સ્વાદિયા

શિલાલેખોમાં સંસ્કૃત

'વઢવાણમાં મળી આવેલી ભોંયરાની ઈમારત પુરાણી છે' એ તા. ૧૦–૯–'૭૬ના 'ગુજરાત સમાચાર'માંના લેખના સંદર્ભમાં શ્રી મોહનપુરી ગોસ્વામીએ 'કુમાર' ૬૩૬મા અંકમાં 'શિલાલેખોમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ ક્યા વર્ષથી મળી આવે છે?' એવો પ્રશ્ન પૂછ્યો છે. શ્રી ગોસ્વામીનો પ્રશ્ન અતિ સૂચક છે. 'મારા ખયાલ-મત મુજબ શિલાલેખોમાં સંસ્કૃત ભાષાનો વિનિયોગ શક (ક્ષત્રપ?) સંવત ૭૨ના રુદ્રદામાના શિલાલેખથી આરંભાયો છે. રુદ્રદામા મહાક્ષત્રપ ચષ્ટનનો પૌત્ર હતો ને ચષ્ટન પછી તરત જ એ મહાક્ષત્રપ બન્યો હતો. 'આ સમયના શિલાલેખ શરૂઆતમાં પ્રાકૃત ભાષામાં લખાતા, પરંતુ આગળ જતાં એ શુદ્ધ સંસ્કૃતમાં લખાયા. રુદ્રદામાનો લેખ તો સંસ્કૃત ગદ્યની ઉચ્ચ શૈલીનો પ્રાચીન નમૂનો પૂરો પાડે છે.' (જુઓ, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' પૃ. ૬૭, શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી) આમ, ક્ષત્રપ(?) સંવત ૭૨ પૂર્વેના લેખોની ભાષા પ્રાકૃત હતી અને ક્યારેક તેમાં પ્રદેશ અનુસાર બોલીભેદ પણ રહેતો. આથી જ અશોકના લગભગ બધા લેખો પ્રાકૃત ભાષામાં હોવા છતાં સ્થાન અનુસાર લિપિમાં બોલીભેદ દૃષ્ટિગોચર થાય છે.

વિ. સં. ૧૩૯ના સંસ્કૃત ભાષાના શિલાલેખનો ઉલ્લેખ કરનાર એ પ્રદેશને પ્રાચીન સિદ્ધ કરવા યત્ન કરી રહ્યા હોય તેમ લાગે છે. સંભવતઃ સ્વપ્રદેશની અસ્મિતા વ્યક્ત કરવાની ભાવના તેમાં હોય! મૂળ લેખનો ફોટોગ્રાફ અથવા રબિંગ પ્રસિદ્ધ કરાય તો જ ભાષા ને લિપિનો ખયાલ સવિશેષ આવે, અને ચોખ્ખો-અક્ષય સંવત ઉકેલી શકાય (કદાચ આગલો કે પાછલો આંક અદૃશ્ય થયો હોય કે ખવાઈ પણ ગયો હોય!) ને તે સ્થળની પ્રાચીનતાનો પણ ખયાલ આવે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

'કુમાર'ની સુવાસ

પોતાની પાસે જે કંઈ સારું હોય તેનો વારસો પોતાનાં સંતાનને દઈ જવાની વૃત્તિ માનવ માત્રમાં સહજ છે.' પણ સંતાનની ક્ષેત્ર-મર્યાદાથી આગળ વધી સમગ્ર સમાજને આપવાની વૃત્તિ બ્રાહ્મણ પરંપરામાં બળવાન રહી છે. એ સંસ્કારથી જ અને એ સંસ્કારનો ચેપ પ્રભુકૃપાથી બ્રાહ્મણેતરમાં પણ ફેલાયો છે. કુદરત પણ માનવનું હિત અનેક રીતે સાધે છે. મનુષ્ય ભૂલો કરે છે—હરામખોરી વડે પણ ભૂલો કરે છે; પણ પ્રકૃતિ એ માતા છે, સંતાનની ભૂલ સુધારી સન્માર્ગે વાળે છે. 'કુમારે' ગુજરાતમાં એ કાર્ય તમારા (રવિશંકર રાવળ) વડે ઘણું સિદ્ધ કર્યું છે. મારા પિતા ને કાકાએ 'કુમાર'ને અમારા ઘરમાં લીધું અને મેં તો ૧૯૩૦માં ૧૫ વર્ષની વયે તેમાં લખવાનું શરૂ કર્યું—કવિતાથી. આજ ૪૬ વર્ષથી તેમાં લખતો આવ્યો છું, પણ એ જ સંસ્કારનો વારસો મને મળ્યો તે નવી પેઢીને દઈ જવાની વૃત્તિથી.

એ વૃત્તિ જન્માવનાર તમે જ, એવું નથી કહેતો. એટલું જરૂર કહું કે તમે પણ ખરા જ.

મોરબીના શ્રી ભૂરુભા જાડેજા ત્રણેક દિવસ પહેલાં મળવા આવેલા. મને કહે કે અમારા ઘરમાં કોઈનો જન્મદિન ઊજવાતો નથી પણ 'કુમાર'નો જન્મ-દિવસ દર વર્ષે ઊજવીએ છીએ. પોતાના જીવનનું ઘડતર 'કુમાર'થી થયાનો ગર્વ લેતા'તા. તમારા પ્રત્યે તથા શ્રુ. બચુભાઈ પ્રત્યેની ભક્તિ ને આદરને વ્યક્ત કરતા'તા, મારા જ જેવા એમને જોઈને હું ખૂબ રાજી થયો. એ રાજીપો તમને લખી વધુ રાજી થાઉં છું. 'કુમાર'ની, તમારી, બચુભાઈની સુવાસ કંઈક અહીંકે ખૂણે પ્રસરીને અનોખું કાર્ય સાધતી રહી છે. હું એ કારણે તમને વંદન કરી સમાપ્ત કરું છું.

(ભાવનગર) —મુકુન્દરાય વિ. પારાશર્ય

કેટલાક વધુ અંકસંદર્ભો

બે–દ્વિવિધ પ્રકૃતિ : પરા (જીવભુતા), અપરા (જડ).

ત્રણ–ત્રિવિધ કર્મ: કર્મ, અકર્મ અને વિકર્મ, ત્રિવિધ તાપ : આધ્યાત્મિક, આધિભૌતિક ને આધિદૈવિક. ત્રિદોષ : શરીરના–ચોરી, વ્યભિચાર અને હિંસા. મનના : તૃષ્ણા, ચિંતા અને બુદ્ધિમંદતા.

ચાર–વાણીના ચાર દોષ–નિંદા, અસત્ય, કઠોરતા, અતિકથન. ચતુર્વિધ અન્ન : ભોજ્ય (ચાવવાનું), પેય (પીવાનું), લેહ્ય (ચાટવાનું) અને ચોષ્ય(ચૂસવાનું). બ્રહ્મના ચાર પાદ: વૈરાટ, હિરણ્યગર્ભ,ઈશ્વર,ઈશ્વર સાક્ષી. આત્માના ચાર પાદ : વિશ્વ, તૈજસ્, પ્રાજ્ઞ, તુરીય. ઓમકારના ચાર માત્ર : અકાર, ઉકાર, મકાર, અર્ધમાત્ર. ચાર પ્રકારના ભક્ત : આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ, જ્ઞાની. ચાર પ્રકારની મુક્તિ : સામિપ્ય, સાયુજ્ય, સારૂપ્ય, સાર્ષ્ટિ. ચાર પ્રકારના શબ્દ : ઘોષ, ધ્વનિ, નાદ, ઓમકાર.

પાંચ : યોગનાં મુખ્ય પાંચ-આસન : સિદ્ધ, પદ્મ, ભદ્ર, વજ્ર, સ્વસ્તિક. પંચ ક્લેશ: અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ, અભિનિવેશ. પંચકર્મ : નિત્ય, નૈમિત્તિક, કામ્ય, પ્રાયશ્ચિત્ત, નિષિદ્ધ. પંચ કોષ : અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય, પંચ દેવતરુ: મંદાર, પારિજાત, સંતાન, કલ્પ, હરિચંદન.

(રાજકોટ) —રવજીભાઈ ડાભરિયા

ગિરનારનું નેમિનાથ મંદિર

વાચકો લખે છે વિભાગમાં ગિરનારના નેમિનાથના મંદિર વિષે ઇતિહાસના અભ્યાસુને ઘણી ઉપયોગી ચર્ચા આ અગાઉ 'કુમાર' દ્વારા મળી. આ વિષે તાજેતરમાં એક નવી હકીકત મારી જાણમાં આવી છે જે અહીં રજૂ કરું છું.

'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના સાતમા અધિવેશન (ભાવનગર)માં ઇતિહાસ વિભાગમાં શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર શિલાલેખોને આધારે ચુડાસમા રાજાઓની વંશાવળી આપતાં અહેવાલના પૃ. ૮૨ ઉપર ગિરનારના નેમિનાથ મંદિરનો એક શિલાલેખ ટાંકે છે. શ્રી ડિસકળકર જણાવે છે કે આ લેખ 'ઍન્ટીક્વિટીઝ ઑાવ કાઠિયાવાડ' પુસ્તકમાં પૃ. ૧૫૯ ઉપર છપાયો છે. આ લેખમાં 'યદુવંશમાં મંડલિક નામનો રાજા થયો. તેણે નેમિનાથનું મંદિર બંધાવ્યું.' એવું સ્પષ્ટ જણાવ્યું છે. હજી સુધી આપણા વિદ્વાનોએ આ શિલાલેખ ને મંડલિકે નેમિનાથનું મંદિર બંધાવ્યાની વાતની નોંધ લીધી હોવાનું મારી જાણમાં નથી. 'કુમાર'માં ચાલેલી ચર્ચા દરમિયાન પણ આ વાતનો કોઈએ નિર્દેશ કર્યો નથી.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

અવળસવળ

મારા 'વક્ર ગમતો' કાવ્યોવાળો જાન્યુ. અંક મળ્યો. શિલ્પિન્ થાનકીના કાવ્યનો 'તાર' આ કાવ્યમાં અને આ કાવ્યનો 'તારાં' 'તારા' બનીને શિલ્પિન્ થાનકીના કાવ્યમાં અરસપરસ સ્થાન ફેર કરી બેઠા છે।

(પોરબંદર) —દેવજી રા. મોઢા

∞

એપ્રિલ માસના 'કુમાર'માં 'મંડોવર'ના લેખ સાથે બેલુરના મંદિરનું એક ચિત્ર અપાયું છે. આ મંદિરની ઓળખ 'છન્ન કેશવ' વિષ્ણુમંદિર તરીકે આપી છે. ખરી રીતે એ 'ચન્ન કેશવ' છે. ચન્ન એટલે નાનું. એ રીતે ચન્ન કેશવ એટલે બાલ કૃષ્ણ.

મ્હૈસુરથી શ્રવણ બેલગોલા યાને ચંદ્રગિરિ જતાં બેલુર પાસે 'ચન્નરાયપટ્ટનમ્' નામે એક નાનું કસ્બાતી ગામ છે. મ્હૈસુર અને બૅંગલોર વચ્ચે 'ચન્નપટ્ટન' નામે ગામ પણ ત્યાંના કાષ્ઠ અને રેશમકામ માટે જાણીતું છે. 'પટ્ટનમ્' એટલે શહેર. તેલુગુ અને કન્નડ ભાષામાં એ આ અર્થમાં વપરાય છે.

(મુંબાઈ–૩) —કાંતિલાલ એ. મોદી

∞

'કુમાર'ના મે માસના અંકમાં ૧૫૭મે પાને કવિ નાનાલાલના જીવન-સોપાનમાં લખ્યું છે કે 'નાનો લોધીકે 'બા ચા પા'ના પાઠ ભણ્યો.'

ખરું જોતાં કવિ ટી. સી. હોપ સાહેબ રચેલી વાચનમાળાની પહેલી ચોપડી ભણ્યા હતા. તેમાં પહેલા પાઠમાં 'બા, ભૂ પા' આવું વાક્ય હતું. ભૂ એટલે બાલભાષામાં પાણી.

'ચા પા' તો સને ૧૯૦૦ પછી નવી વાચનમાળા ચાલુ થઈ તેમાં આવ્યું.

(નવી દિલ્હી-૪૯) —દેસાઈ વાલજી ગોવિંદજી

તારી વસંતવેળા / દિવજી રા. મોઢા

• વસંતતિલક-સૉનેટ •

આજે સ્મરું છું જવ તારી વસંતવેળા
ત્યારે ધરા પર તું ચાલતી તે ધરાને
કૉળાવતી તૃણ મહીં વ્રુજ પાની-સ્પર્શે,
ને મુક્ત જે જગતની મહીં વાઈ રૂ'હેતો
તે વાયુને, અણુઅણુની મહીં સુગંધ
તારી ભરી શ્વસનની, મહકાવતી તે
સંધું ચડે સ્મરણુ...
આજ ભલે ન તારા
સ્પર્શે કશું ખીલતું, છો પવનો સુગંધે
ના મ્હેકતા, પતઝડે મર દેહ દાઝી,
તો યે પ્રભાવ હજી એ જ વસંતનો ત્યાં
વર્તી રહ્યો, હજી ય તે ગરવાઈ એ જ
મ્હેરે રહી વિલસી, પાનખરે વિનાશ
વેર્યો બધે—જનપદે, પુરમાં વનોમાં,
તે તારી કાયની નજીક શકયો ન ઢૂકી।

પ્હેલી વખતે / દેવજી રા. મોઢા

• શિખરિણી-સૉનેટ •

તમે આવ્યાં છો તો બસ અહીં હવે થિર થઈને
રહી જાઓ, બીજે કયહીં નથી જવું; આ જ ઘરમાં
તમારી જોડી દો મનની સુરતા, આ જ ઘરમાં
થવું બુઢ્ઢાં એવો મનથી દઢ સંકલ્પ કરી લ્યો!

હતાં આંહીં મારા ઘર સમ હજારો ઘર, અને
હતા મારા જેવા પુરુષ પણ લાખ્ખો અહીં, છતાં
કશે બીજે ના, ને મુજ ઘર તમે આવી ચડિયાં
હશે એમાં કાંઈ અકળ ગૂઢ સંકેત વિધિનો!

તમે યે અંતે તો નમી નિયતિને ભાગ્ય-નકશા
મહીં આડીઊભી લીટી કૂદી ટપી માર્ગ કરતાં
અહીં પ્હોંચ્યાં, મારા ઘરમહીં પ્રવેશ્યાં, રહી ગયાં
ત્યહીં ઠામૂકાં, ને ફરી કદી ન બ્હારે જ નીકળ્યાં.

તમે આજે બ્હારે ઘરથી નીકળ્યાં—પ્હેલી વખતે,
થયું જ્યારે સોનાપુર-પથ જવું ખાંધ ચડીને!

ખુમારી / મણિલાલ હ. પટેલ

• ગઝલ •

આભ જેવી વેદનાનું શું થશે?—
કોચલું ફૂટયા પછી હું જોઈ લઈશ!

હાલ તો સૂરજ ઉપર અસવાર છું,
આભના ખૂટયા પછી હું જોઈ લઈશ!

સાથ રહે છે કેટલો મારો મને,
તું મને લૂટયા પછી હું જોઈ લઈશ!

બિમ્બ જેવા પ્રેમ તારું શું થશે?—
આયનો ફૂટયા પછી હું જોઈ લઈશ!

જન્માન્તર / જયન્ત પંડયા

• શિખરિણી-સૉનેટ •

હવે મારી પાસે સમય બહુ થોડો, જીવનનો;
પણે ઊભું મૃત્યુ અજબ નટના ખેલ કરીને
લુભાવે છે મારાં મન, તન અને ચક્ષુ હૃયને,
કહે છે: રે ભોળા જીવ! અવ બધી છોડ મમતા—

વિશાળા પ્રાસાદો, નીર, સમીર, ઉદ્યાન ગરવા
કશાં પારેવાં? શી રમણી કમનીયા મધુરવી?
ભરી સંપત્તિ કે જન સ્વજનની હેતલ કથા?
બધું માયાવી એ; તવ મન તણી મર્કટ લીલા.

અહીં જો, આ પેલા ગિરિવર તણી પાર નભમાં
ધીમા સૂરે બાજે અરવ-રવની બંસરી મીઠી;
અહીં ના સંતાપો જીવતર તણા, શાંતિ સઘળે,
ચિરાનંદે છંદે વહત ઋતની સ્રોત-રમણા.

ખરું.

જન્મ્યા ત્યારે દીસતું હતું જે ચિત્ર જગનું
હવે તે મૃત્યુમાં પ્રકટ! જીવ ચાલો, કઇ બીજે.

ઘાવ ફૂલોના / જિતેન્દ્ર કા. વ્યાસ

• ગઝલ •

આપ જ્યાં આવી મળ્યાં, સ્વપ્નો ફળ્યાં!
ઝાંઝવાં યે જલ બનીને ઝળહળ્યાં!

એક ખોવાએલ લ્હેરો સાંભર્યે,
દર્પણો તો કેટલું યે ટળવળ્યાં!

કેટલી કાતિલતા એમાં હતી?
કબ્રમાં યે ઘાવ ફૂલોના કળ્યા!

કોક ચંદનડાળખીને ઝાલતાં,
અંગમાં લાવાતણા રસ ઊકળ્યા!

શી અજબ ઘટના બની છે આભમાં?
તારલા ચૂપચાપ કાં રોજે વળ્યા?

વર્ષા-હાઇકુ / ધીરુ પરીખ

વર્ષા: પલળી
ડુંગર કોરા: ખાડા
ઝીલતા ફોરાં.

વરસે જલ:
કોરું રહેતું આભ:
ભીંજે ભૂતલ.

કવિલોક

કવિલોકનો મે-જૂન ગ્રીષ્મ અંક ન્હાનાલાલ જન્મશતાબ્દી-વિશેષાંક તરીકે પ્રકટ થઈ ગયો છે. આ દળદાર અંકમાં નવી-જૂની પેઢીના અભ્યાસીઓએ કવિલોક માટે ખાસ તૈયાર કરેલા ૨૦થી પણ વધુ લેખો, ન્હાનાલાલના હસ્તાક્ષરમાં એમનું છેલ્લું રચાએલું કાવ્ય તથા એમનું જાણીતું ગીત 'શતદલ પદ્મમાં પોઢેલો', એમના એક ગીતનું સ્વરાંકન, અને એમના જુહુનિવાસ દરમિયાનની કેટલીક અપ્રકટ તસવીરો છે. આ ઉપરાંત પ્રથમ વાર જ એમનાં સ્મૃતિચિહ્નો રૂપ સામગ્રીની કેટલીક તસવીરો અપાઈ છે તથા એમના જીવનના વિવિધ તબક્કાની પણ કેટલીક છબીઓ આ અંકમાં સામેલ છે. પ્રત્યેક શિક્ષણસંસ્થા, શાળા-કૉલેજ અને સાહિત્યના અભ્યાસીએ વસાવવો જ પડે તેવી તેની અનિવાર્યતા સ્વતઃસિદ્ધ છે. આ અંકની છૂટક કિં. રૂ. ૫ + ટપાલ ખર્ચ રૂ. ૧ રહેશે; પરન્તુ રૂ. ૧૨ ભરી વાર્ષિક ગ્રાહક થનારને તે લવાજમમાં જ મળી શકશે. આ વર્ષના પ્રથમ બે અંકો હવે સિલકમાં નથી, તેથી નવા ગ્રાહકો આ ન્હાનાલાલ અંકથી જ નોંધી શકાશે. કવિલોકના આજીવન સભ્ય થઈ શકાય છે. આજીવન લવાજમ માત્ર રૂ. ૧૦૦ છે. C/o. કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ

માનવ થાઉં તો ઘણું!

બહાદુરશાહ પંડિત

ગારફીલ્ડ નાનો હતો ત્યારે કોઈએ એને પૂછ્યું, 'તું મોટો થઈને શું થવા માગે છે? ડૉક્ટર, એન્જિનિયર કે વકીલ?'

ગારફીલ્ડે જવાબ આપ્યો: 'સૌથી પહેલાં તો હું માણસ થવા માગું છું. જો હું માણસ થવામાં સફળ ના થાઉં તો પછી હું કોઈ કાર્યમાં સફળ ના થઈ શકું.'

શ્રી સુંદરમે એક કાવ્યમાં લખ્યું છે: 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' બીજું કંઈ ના થઈ શકાય પણ એક માનવી જ થઈ શકાય તો ઘણું છે.

પહેલી દૃષ્ટિએ આ વાત જરા વિચિત્ર લાગે છે, વિરોધાભાસી પણ ખરી, માનવયોનિમાં જન્મેલો દરેક જીવ માણસ તો છે જ. એને જન્મથી પોતાને માણસ કહેવડાવવાનો હક પ્રાપ્ત થઈ ગયો છે. પછી એણે માણસ બનવા મહેનત કરવાની શી જરૂર છે?

પણ વિચિત્ર લાગતી આ વાત પાયાની ને મહત્ત્વની છે. માનવદેહ ધારણ કરનાર દરેક વ્યક્તિ માણસ હોય છે જ એવું નથી. શ્રી રમણ મહર્ષિ એમને મળવા આવનાર વ્યક્તિઓને આ પ્રમાણે સંબોધતા 'આવો શિયાળભાઈ,' 'આવજો વરુદાસ', 'આવો વાઘભાઈ', 'આવજો સિંહભાઈ.'

એમના શિષ્યે આમ બોલવનું રહસ્ય પૂછ્યું ત્યારે મહર્ષિએ કહ્યું: 'મને જે માણસમાં જે પશુના ગુણ દેખાય છે એ પ્રમાણે એને બોલવું છું. કોઈમાં મને વાઘની ક્રૂરતા તો કોઈમાં શિયાળની લુચ્ચાઈ દેખાય છે. અને એ મુજબ હું એમને સંબોધું છું.'

ઉપનિષદમાં લખ્યું છે: 'જન્મના જાયતે શૂદ્ર સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે'. માણસ જન્મથી શૂદ્ર હોય છે પણ સંસ્કારથી એ બ્રાહ્મણ બને છે. માણસ પશુરૂપે જન્મે છે, પણ સંસ્કારથી માણસ બને છે.

માણસ બનવાની આ વાત ઘણી મોટી છે. ભણીગણી ડૉક્ટર, વકીલ, એન્જિનિયર કે શિક્ષક, વેપારી કે ચીટનીસ થઈ શકાય પણ માત્ર ભણવાગણવાથી જ 'માણસ' થઈ શકાય એવી ચોક્કસ ખાત્રી ના આપી શકાય. કસરત કરીને પહેલવાન બની શકાય, પરેડ કરીને સૈનિક બની શકાય, તરવાના મહાવરાથી સારા તરવૈયા બની શકાય પણ આવા કોઈ પ્રયાસથી માણસ ના બની શકાય.

સંસ્કૃતમાં એક શ્લોક છે:

आहारनिद्राभयमैथुनं च
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषो
धर्मेण हीनाः पशुभिः समानाः ॥

એનો અર્થ એવો છે કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર વૃત્તિઓ માણસમાં અને પશુમાં સરખી છે. પણ ધર્મ માણસને પશુથી જુદો પાડે છે. આ શ્લોકના તાત્પર્ય મુજબ તો પશુથી માણસને જુદો પાડનાર ભેદરેખા ધર્મ છે. ધર્મ એટલે હિન્દુ, ઈસ્લામ, પારસી કે ખ્રિસ્તી ધર્મ નહિ; ધર્મ એટલે માનવ ધર્મ, ધર્મ એટલે કર્તવ્ય, માણસ તરીકેનું કર્તવ્ય.

નદી કિનારે બેસી સ્નાન કરતા એક સાધુએ નદીમાં તણાતા એક વીંછીને જોયો. સાધુએ એને બહાર કાઢવા હાથમાં લીધો એટલે વીંછીએ ડંખ માર્યો. ડંખની વેદનાથી સાધુએ હાથ ઝાટક્યો એટલે વીંછી પાછો નદીના પ્રવાહમાં પડ્યો. સાધુએ તણાતા વીંછીને ફરી હાથમાં લઈ બહાર કાઢવા પ્રયત્ન કર્યો અને વીંછીએ ફરી ડંખ માર્યો. આમ સાત વાર પ્રયત્ન કરતાં અંતે સાધુ વીંછીને કિનારા ઉપર સલામત લાવી શક્યો પણ એનો હાથ ડંખથી સૂઝી ગયો હતો.

કિનારે ઊભેલા એક વ્યવહારડાહ્યા માણસે સાધુને કહ્યું: 'મહારાજ, તમે એ વીંછીને ખોટો બચાવ્યો. એ તમને ડંખ મારતો હતો તો તમારે એને તણાઈ જવા દેવો જોઈએ ને?'

'ભાઈ,' સાધુએ કહ્યું, 'આવો નાચીઝ જીવ પણ ભગવાને આપેલો એનો ડંખ મારવાનો સ્વભાવ છોડતું નથી તો મારાથી માણસ તરીકે ઉદાર બનવાનો મારો ધર્મ કેવી રીતે છોડી શકાય?'

આમ માણસ બનવાની પહેલી શરત ઉદારતા છે, પ્રાણીમાત્ર પ્રત્યેની અનુકંપા છે. પોતાની ક્રોધવૃત્તિ પર કાબૂ રાખી ક્ષમા કરવી એ માણસ બનવા માટેની પહેલી ને અગત્યની શરત છે.

માણસને સાચો માનવ બનાવવા માટે આપણે કેટલી બધી સંસ્થાઓ સ્થાપી છે. કુટુંબ, શાળા, સમાજ, રાજ્ય, ધર્મ એ બધી સંસ્થાઓ પશુ તરીકે જન્મેલા માણસને માનવી બનાવવા પ્રયાસ કરે છે, પરંતુ આટલી બધી સંસ્થાઓના પ્રયાસ છતાં માણસને સાચો માનવ બનાવી શકાય જ એની કોઈ ખાત્રી નથી. એનું કારણ છે કે ઘોડાને નદી સુધી લઈ જઈ શકાય પણ એને પાણી પીતો તો ના જ કરી શકાય.

માનવી બનવાની આંતરિક ઇચ્છા વિના સંસ્થાઓ માત્ર આળપંપાળ જ બની રહે છે. માનવી બનવા માટે માણસને પ્રત્યેક પળે જાગ્રત રહેવું પડે છે.

ગૌતમ બુદ્ધને એમના પટ્ટ શિષ્ય આનંદે કહ્યું કે, 'આપ તો હવે "બુદ્ધ" (પરમ જ્ઞાની) બની ગયા છો, આપને તપ કરવાની શી જરૂર છે?' ત્યારે ભગવાન બુદ્ધે આપેલો જવાબ સૌએ યાદ રાખવા જેવો છે:

આયુષ્ય છે ત્યાં સુધી છે જ યુદ્ધ,
કો મૃત્યુ પહેલાં ન સંપૂર્ણ બુદ્ધ.

'બુદ્ધ' એ યુનિવર્સિટીની કોઈ ડિગ્રી નથી કે એક વાર પ્રાપ્ત કરી લીધી પછી આખી જિંદગીની નિરાંત થઈ ગઈ. સાચી માનવતા પ્રાપ્ત કરવા માટે તો પેલા સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે એમ.

પ્રત્યહં પ્રત્યવેક્ષેત નરશ્ચરિતમાત્મનઃ
કિં નુ મે પશુભિસ્તુલ્યં કિં નુ સત્પુરુષૈરિતિ.

માણસે હરરોજ પોતાના આચરણની પરીક્ષા કરતા રહેવું જોઈએ અને તપાસતાં રહેવું જોઈએ કે મારાં આચરણ પશુઓની સાથે સરખાવાય એવાં છે કે સજ્જનોની સાથે?

આમ માણસ બનવા માટે આપણે ઉપનિષદમાં આપેલી પેલી સલાહ મુજબ–

દૃષ્ટિપૂતં ન્યસેત પાદં
ધર્મપૂતં સમાચરેત.

આંખથી બરાબર જોઈને પદ મૂકવાં જોઈએ અને ધર્મથી ગાળીને આચરણ કરવું જોઈએ.

પણ માનવી બનવાના આયુષ્યના આ લાંબા માર્ગ પર અનેક પ્રકારની વિટંબણાઓ આવી પડે ત્યારે શું કરવું? ત્યારે શ્રી નિરંજન ભગતની પેલી કવિતા યાદ કરી

પગલે પગલે પાવક જાગે
ત્યાં ઝરશું નેનની ઝારી.

અને શ્રી ઉમાશંકર જોશીના આદર્શને ધ્યાનમાં રાખી

જે જે થયો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.

એમ માનીશું તો માનવી બનવાના આપણા માર્ગમાં આવતા કાંટા ફૂલ બનીને મ્હોરી ઊઠશે. □

जिह्व प्रमाणं जानीहि भोजने भाषणे तथा।
अतिभुक्तिः अतीवोक्तिः सद्यः प्राणापहारिणी ॥

હે જીભ, તું તારી મર્યાદાને સારી રીતે જાણી લે: ભોજન અને ભાષણ (વાતચીત) વિષે સાવધ રહેજે. વધુ પડતું ખાઈ લેવું અને વધારે પડતું બોલવું—એ બન્ને જીવન માટે હાનિકારક છે, કષ્ટદાયક છે.

આમુંડસેન અને સ્કૉટની પહેલાં દક્ષિણ ધ્રુવની વધુમાં વધુ નજીક પહોંચીને એ શોધસાહસની સફળતાનો માર્ગ આંકી જનાર ખમીરવંતો આઈરિશ શોધસફરી

સર અર્નેસ્ટ હેન્રી શૅકલટન

લેખક · **અશોક હર્ષ**



ઈ. ૧૮૭૪ની ૧૫મી ફેબ્રુઆરીએ આયર્લૅન્ડમાં એનો જન્મ. લંડનની ડલવિચ કૉલેજમાં અભ્યાસ કરી એણે વ્યાપારી જહાજાતમાં જોડાઈને કારકિર્દીનો આરંભ કર્યો. સ્કૉટની સાથેની દક્ષિણ ધ્રુવખંડની પોતાની પહેલી યાત્રામાંથી માંદગીને કારણે પાછા ફર્યા પછી ઈ. ૧૯૦૮માં જાતે ત્યાંની નવી સફર યોજી જે શોધ-સાહસ કરી બતાવ્યાં એ બદલ ૧૯૦૯-માં એને ઉમરાવપદ મળ્યું. એની બીજી યાત્રા પૂર્ણતઃ સફળ તો ન થઈ પણ એમાં એણે પોતાની સાહસિકતા, ધૈર્ય અને નેતૃત્વનો અજબ પરિચય આપ્યો. અને ત્રીજી યાત્રામાં દ. ધ્રુવખંડની નજીક જ એનું અવસાન થયું. પણ દ. ધ્રુવખંડ વિષે એણે એકઠી કરેલી માહિતીથી એ પ્રદેશની લાક્ષણિકતા અંગે ઘણું નવું જ્ઞાન પ્રાપ્ત થયું. 'ઈન હાર્ટ ઑફ ધી ઍન્ટાર્કટિક' ને 'સાઉથ' નામના પોતાના બે પુસ્તકમાં એણે એ સાહસયાત્રાઓ સાથે એ હિમાળાખંડ વિષે અનેક નવી માહિતીઓ આપી છે.

આ પણી પૃથ્વીએ તેને બંને છેડે હિમત્વ ધારણ કરેલું છે. એના ટોચના છેડાનો એટલે કે ઉત્તર ધ્રુવપ્રદેશનો પરિચય તો માનવીને સદીઓથી હતો, જો કે ઉત્તર ધ્રુવ પર પહેલો પગ એણે આ સદીમાં જ મૂક્યો. એ જ રીતે દક્ષિણ ધ્રુવ પર પણ તેનું પદારોપણ આ સદીમાં જ થવા પામ્યું, પણ આજથી બે સદી પહેલાં પૃથ્વીના આ દક્ષિણ છેડાથી માનવી તદ્દન અપરિચિત જ હતો. પહેલવહેલા કૅપ્ટન જેમ્સ કૂકે ઈ. ૧૭૭૩ના જાન્યુઆરીની ૧૧મીએ દક્ષિણ ધ્રુવ-વર્તુળ પસાર કર્યું ત્યારે તેની કિંચિત્ ઝાંખી માનવજગતને થવા પામી. ત્યાર બાદ પાછી અરધી સદી એમની એમ પસાર થઈ ગઈ. ઈ. સ. ૧૮૧૯માં રશિયાના ઝાર એલેક્ઝાંડર પહેલાએ બે રશિયન સારંગો બેલિંગહૉસેન તથા લાઝારેફને પૃથ્વીના દક્ષિણ છેડે જેટલે સુધી પહોંચી શકાય તેટલે સુધી પહોંચવાની આજ્ઞા આપી અને તેઓ એ દિશામાં હંકારી ગયા. દક્ષિણ ધ્રુવ વર્તુળની અંદરનો જે ભૂમિભાગ આજે એલેક્ઝાંડરના નામે ઓળખાય છે ત્યાંથી દક્ષિણ ધ્રુવના એ વિશાળ ભૂમિખંડનાં પ્રત્યક્ષ દર્શન કરનાર એ પહેલા માનવી હતા. એ પછીના સમયગાળાની અનેક શોધસફરોને પરિણામે હવે તો એ વિશાળ ભૂમિખંડનો સવિસ્તર નકશો પણ તૈયાર થઈ ચૂક્યો છે. એ નકશા પર નજર નાખતાં જણાશે કે હિમકવચથી ઢંકાયેલો એ વિશાળ ભૂમિખંડ અરધો ડઝન જેટલાં સ્થળોએ ધ્રુવવર્તુળની બહાર ડોકાય છે. તેમાં ય ગ્રેહામલૅન્ડ નજીકના નાનકડા દ્વીપસમૂહથી આગળ ઉપર તો બીજા કેટલાય ટાપુઓ આવેલા છે. એ બધા ય ધ્રુવ-વર્તુળની ઉત્તરે, અને બધાયની લાક્ષણિકતા એકસરખી જોવા મળે છે.

દક્ષિણ ધ્રુવના ભૂમિખંડ ઉપરના હિમકવચની ઘનતાનો ખયાલ એટલા પરથી સહેજે આવી શકશે કે એ બધો બરફ જો ઓગળી જવા પામે તો જગતના મહાસાગરોની સપાટી છે તેનાથી લગભગ ૨૫૦ ફૂટ ઊંચી આવી જાય. અને તો પૃથ્વીનો જમીનનો કેટલો ભાગ જલાંતર્ગત બની જાય તેની કલ્પના જ કરવાની રહી. પરંતુ એવી કોઈ શક્યતા નથી. ત્યાં તો હજી જાણે હિમયુગ જ ચાલે છે. સજીવતાનું નામનિશાન ત્યાં ન મળે. જો કે એ ભૂમિખંડ પર શોધાયેલા કોલસાના વિશાળ જથ્થા તથા અશ્મીતહોંથી મળી આવતા નાના સમુદ્રી જીવોના અવશેષો પરથી એવું અનુમાન તારવી શકાય કે કોઇ કાળે અત્યારના કરતાં વધુ સૌમ્ય વાતાવરણ એ ભૂમિખંડ ધરાવતો હશે, પરંતુ કોઇ પણ કાળે માનવવસવાટ ત્યાં હોવાનું તો ચિહ્ન સરખું આજ સુધી હાથ નથી લાગ્યું. થોડાઘણા સીલ કે પૅંગ્વીન ત્યાં નજરે પડે ખરા, પરંતુ તે પણ મહાન હિમકોટ ('ગ્રેટ આઈસ બૅરિયર')ની ધાર સુધી એટલે કે ૭૮ અંશ દક્ષિણ સુધી જ, અને તે ય ઉનાળાના દિવસોમાં. આ હિમકોટ તો એ વિશાળ ભૂમિખંડના છેક છેડે આવેલો છે. જ્યાંથી પછી છેક દક્ષિણ ધ્રુવ સુધી બરફનો અફાટ વિસ્તાર પથરાએલો છે. દરિયાથી થોડાક સો ફૂટની જ ઊંચાઈએ આવેલા આ હિમકોટ પરનું ઉષ્ણતામાન રીઅર-ઍડમિરલ બાયર્ડે શૂન્ય નીચે ૮૫ અંશ નોંધ્યું હતું, તો પછી દરિયાની સપાટીથી દસ હજાર ફૂટ જેટલી ઊંચાઈએ પહોંચતા એના અંદરના ભાગનું ઉષ્ણતામાન એ કરતાં કેટલું નીચું હશે? વળી બધા જ ધ્રુવસફરીઓની ત્યાંના હવામાનની નોંધો ઉનાળામાં લેવાએલી છે એ પણ ભૂલવું જોઈતું નથી.

લાખો વર્ષોથી રહસ્યનો અંચળો ઓઢી પડેલા એ મહાખંડની પહેલવહેલી ઝાંખી કરનાર સાહસવીર હતો સર જેમ્સ ક્લાર્ક રૉસ. ધ્રુવપ્રદેશની સફરનો એ અનુભવી હતો અને ઉત્તર ધ્રુવની શોધસફર દરમિયાન કૅપ્ટન પૅરીની સરદારી નીચે ઉત્તર ચુંબકીય ધ્રુવનું ચોક્કસ સ્થાન નિશ્ચિત કરનાર એ જ હતો. જેટલી સાહસદિલીથી એટલી જ વૈજ્ઞાનિક જિજ્ઞાસાથી પ્રેરાઈ એણે બે જહાજ સાથે દક્ષિણ ધ્રુવની સફર ખેડવાનો નિર્ણય કર્યો અને તદનુસાર બે જહાજ 'ઇરેબસ' ને 'ટેરર' સાથે તે ઊપડી ગયો. ઇરેબસની સરદારી એણે પોતે સંભાળી જ્યારે ટેરરની સરદારી પોતાના કસાએલા અને વિશ્વાસુ મિત્ર એફ. આર. એમ. ક્રોઝિયરને સોંપી. દરેક જહાજ પર એમની સરદારી નીચે અફસરો ને ખલાસીઓનો મળી ૬૪ જણનો કાફલો રહેલો.

દક્ષિણ ધ્રુવખંડની આ સફરમાં એ જે ભૂમિભાગ પર પહોંચ્યો તેને નામ આપ્યું ઇંગ્લૅન્ડની ત્યારની રાણીના નામ પરથી 'વિક્ટોરિયા લૅન્ડ'. એક ટાપુનું નામકરણ કર્યું ખુદ પોતાના નામ પરથી 'રૉસ ટાપુ' અને ભૂમિખંડ પર નજરે પડેલા ૧૩,૦૦૦ અને ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈના બે જ્વાળામુખીઓને નામ આપ્યાં પોતાનાં જહાજોનાં, અનુક્રમે 'ઇરેબસ' અને 'ટેરર'. મહાન હિમકોટને પણ એણે પોતાનું જ નામ

કૅપ્ટન સ્કૉટ સાથે રૉસ ટાપુની દક્ષિણેથી ૮૨°-૧૭' દ. અક્ષાંશ સુધીની સફર ખેડી આવ્યા પછી માંદગીને કારણે શૅકલટનને વહેલા પાછા ફરવું પડયું હતું. પણ એ પછી એણે જાતે દક્ષિણ ધ્રુવખંડ પર જવાની યોજના કરી. બસો ટનના ચાળીસ વર્ષ જૂના વ્હેલર (વ્હેલનો શિકાર કરનાર) 'નિમરૉડ' નામે એક જહાજ એણે આ માટે તૈયાર કર્યું. બળતણ બચાવવા માટે ન્યૂ ઝીલૅન્ડથી 'કૂની' નામની એક સ્ટીમર નિમરૉડને દ. ધ્રુવખંડ સુધી ખેંચી ગઈ અને ઈ. ૧૯૦૮ના પહેલા જ દિવસે દ. ધ્રુવખંડની સીમા પર છોડીને પાછી ફરી. રૉસ ટાપુ સુધી જઈને ત્યાં છાવણી સ્થાપી શૅકલટને નિમરૉડને શિયાળો ગાળવા ન્યૂ ઝીલૅન્ડ પાછું મોકલી દીધું. અહીંથી શૅકલટને ત્રણ ટુકડી રચી ત્રણ અલગ અલગ કાર્યો હાથ ધર્યાં. એક ટુકડીએ માઉન્ટ ઇરેબસના ૧૩૦૦૦ ફૂટ ઊંચા શિખરનું ચઢાણ અને મોજણી કરવાની હતી જે એમણે મૉવસનની સરદારીમાં પૂરું કરેલું. બીજી ટુકડીએ દક્ષિણ ચુંબકીય ધ્રુવનું સ્થાન નિશ્ચિત કર્યું ને ત્રીજી ટુકડીમાં ૧૯૦૮ની ૩જી નવેમ્બરે શૅકલટન, લેફ. જે. ઍડમ્સ, ડૉ. માર્શલ અને ફ્રૅન્ક વાઈલ્ડ અગાઉ સ્કૉટે પસંદ કરેલા માર્ગથી સહેજ પૂર્વમાં થઇને ૧૦,૦૦૦ ફૂટ ઊંચા પ્રદેશ પર થઈને દક્ષિણ ધ્રુવ જવા નીકળ્યા. આ સફર માટે સાથે આણેલા આઠ મંચુરિયન ટટ્ટુઓમાંથી ચાર તો આરંભમાં જ મરી ગએલાં. બાકીનાં ચારને સ્લેજ ખેંચવા સાથે લીધાં. આગળ જતાં એમાંનાં ત્રણ મરી ગયાં. સફરમાં બીઅર્ડમોર ગ્લેસીઅરનો માર્ગ પણ શોધવાની યોજના હતી. શૅકલટને એ ગ્લેસીઅરના સ્થાનને દુનિયામાં વધુમાં વધુ ભયાનક સ્થાન ગણાવ્યું હતું. એ માર્ગમાં આવતી બરફની ઊંડી કરાડો ભયાનક અવરોધરૂપ હતી. એમનું છેલ્લું ટટ્ટુ પણ એમાં પડીને મરી ગયું. છતાં બધા અવરોધો ને કાતીલ હવામાનનો સામનો કરી તેઓ એ કાળે કોઈ નહોતું પહોંચી શક્યું એટલા દૂર (૮૮°-૨૩' દ. અક્ષાંશ અને ૧૬૨° પશ્ચિમ રેખાંશ)–દક્ષિણ ધ્રુવની વધુમાં વધુ નજીક સુધી પહોંચ્યા. અંતે બરફનાં તોફાનોને કારણે ને પુરવઠાના અભાવે એમને પાછા ફરવું પડયું. માત્ર કોકોના કપ પર નભતા ને ભૂખમરો વેઠી મોત સામે બાખડતા તેઓ જ્યારે મુખ્ય છાવણી પર લગભગ બેભાન જેવી સ્થિતિમાં પાછા પહોંચ્યા ત્યારે, તેઓની પાછા ફરવાની આશા છોડીને એમને લેવા આવેલું નિમરૉડ ઊપડી જવાની તૈયારીમાં જ હતું. આ યાત્રામાં વાઈલ્ડે દ. ધ્રુવખંડ પર એક અણધારી જ શોધ કરેલી. એને એમાં કોલસાના સાત સ્તર જડી આવેલા.

પોતાની આ સફરને શૅકલટને 'ધ હાર્ટ ઑવ ધી ઍન્ટાર્કટિક'માં વર્ણવી છે. એનાથી એને ઘણી ખ્યાતિ મળી, અને 'નાઈટહુડ'નો ખિતાબ પણ. આ સફર વિષે એનાં અનેક વ્યાખ્યાનો પણ યોજાયાં અને તેમાં પહેલી જ વાર ધ્રુવ પ્રદેશનાં સાહસોને લગતી ફિલ્મ પણ બતાવાઈ હતી.

એ સમયે શૅકલટન દ. ધ્રુવની વધુમાં વધુ નજીક પહોંચનાર પહેલો સાહસિક હતો. એના પછી ૧૯૦૯માં પીઅરી ઉત્તર ધ્રુવ પર પહોંચ્યો અને ૧૯૧૧ ને ૧૯૧૨માં એક જ માસના આંતરે આમુંડસેન અને સ્કૉટે દક્ષિણ ધ્રુવ સર કરેલો.

—સંપાદકીય

આપેલું—'રૉસ આઈસ બૅરિયર'–ઉત્તરની જેમ દક્ષિણ ચુંબકીય ધ્રુવનું પણ ચોક્કસ સ્થાન એણે જ શોધી કાઢયું.

ત્યારથી તે ઈ. ૧૯૧૧ના ડિસેમ્બરની ૧૪મીએ આમુંડસેને અને એથી અજાણ કૅપ્ટન રોબર્ટ ફૉલ્કન સ્કૉટે ૧૯૧૨ના જાન્યુઆરીની ૧૮મીએ દક્ષિણ ધ્રુવ સર કર્યો સુધીનો ઇતિહાસ અનેક સાહસો અને બલિદાનોની મહાગાથા સમો છે. આ મહાગાથામાં કૅપ્ટન સ્કૉટની જેમ લેફ. અર્નેસ્ટ શૅકલટનની સાહસગાથા એ પણ એક અનોખો જ ઇતિહાસ છે.

દક્ષિણ ધ્રુવના અમર શહીદ સ્કૉટે એની ઈ. ૧૯૦૨ની ધ્રુવ સફરમાં ડૉ. ઈ. એ. વિલ્સન અને અર્નેસ્ટ શૅકલટનને પોતાના સાથીદારો તરીકે સાથે લીધેલા. પરંતુ એ સફરમાં બરફગાડીઓ ખેંચવા સાથે લીધેલા કૂતરાઓ એક પછી એક માંદા પડીને મરવા લાગતાં સામાન જાતે જ ખેંચવાનું આવ્યું. એથી યે મોટી આપત્તિ તો એ આવી પડી કે ત્રણે હિમાંધતાનો ભોગ થઈ પડયા—રંગીન ગોગલ્સ પહેરી રાખ્યા છતાં. એ પછી ત્રણેને અસ્થિશોષ લાગુ પડયો, જો કે તેમ છતાં ત્રણે ત્યાર સુધીમાં કોઈ પણ માનવી પહોંચ્યો હોય એથી ૨૦૦ માઈલ આગળ સુધી પહોંચેલા.

સ્કૉટે ત્યાંથી હવે પાછા ફરવાનો આદેશ આપ્યો, કારણ સાધનસામગ્રી ખૂટવા આવી હતી, કૂતરા પણ માત્ર બે જ જીવતા રહ્યા હતા, અને હવે તેમના પોતાનામાં પણ એટલી તાકાત રહી નહોતી.

વળતી મુસાફરીમાં બાકીના બે કૂતરાથી પણ હાથ ધોઈ નાખવા પડયા. શૅકલટન તો એટલો અશક્ત બની ગયો હતો કે ચાલતાં ચાલતાં પણ લથડી પડતો હોઈ સામાન ખેંચવાનું સ્કૉટ અને વિલ્સનને જ ફાળે આવ્યું. ઈ. ૧૯૦૩ના ફેબ્રુઆરીની ૩જીએ તેઓ તળ છાવણીએ પહોંચ્યા ત્યારે તો માત્ર છેલ્લા હોશ જ બાકી રહ્યા હતા. પણ ત્યાં એમની મદદે જહાજ 'મૉર્નિંગ' આવી પહોંચતાં સ્કૉટે શૅકલટન તથા બીજા આઠ જણને એમને ઘેર પાછા રવાના કરી દીધા અને બાકીનાઓ સાથે સ્કૉટ ત્યાં જ રોકાઈ પડયો.

પરંતુ શૅકલટન હારી ખાય એવો આદમી નહોતો. બીમારીની અસરથી તે હજી પૂરો મુક્ત પણ નહોતો થયો ત્યાં એણે પાછા દક્ષિણ ધ્રુવ પહોંચવા માટેની તૈયારી શરૂ કરી દીધી. જેમ તેમ નાણાં ભેગાં કરી એણે ચાળીસ વર્ષ પુરાણું એક જહાજ 'નિમરૉડ' ખરીદ્યું ને જરૂરી માણસો અને સાધનસામગ્રી સાથે તે હંકારી ગયો. એની આ સફરની વિશેષતા એ હતી કે સામાન્ય સ્લેજને બદલે એણે મોટરસ્લેજ તથા કૂતરાને બદલે મંચુરિયન ટટ્ટુઓ સાથે લીધેલાં.

ઈ. ૧૯૦૭ના ઑગસ્ટમાં ઇંગ્લૅન્ડનો કાંઠો છોડતી વખતના શૅકલટનના આ ત્રણ મુખ્ય ઉદ્દેશો હતા: (૧) દક્ષિણ ધ્રુવ પર સૌથી પ્રથમ પદાક્રાન્ત કરવો; (૨) દક્ષિણ ચુંબકીય ધ્રુવ પર યુનિયન-જૅક ફરકાવવો, અને (૩) મહાન હિમકોટનું સંશોધન કરવું.

અને આ ત્રિવિધ ઉદ્દેશે એ આગળ વધતો જ ગયો, પહાડો અને વિવિધ ભૂમિભાગોનું નામકરણ કરતો ગયો. પરંતુ પછી હિમપ્રપાત, હિમદંશ, હિમવ્રણ અને હિમાંધતાથી પાછા પડીને દક્ષિણ ધ્રુવના માત્ર ૯૭ માઈલના અંતરેથી જ એને પાછા ફરવું પડયું. એ પુનરાગમન પણ મોત સાથેની એક શરત જ હતી.

અર્નેસ્ટ શૅકલટન એટલે સાહસ અને ધૃતિનું મૂર્તિમંત સ્વરૂપ. સાચા કે કલ્પિત કોઈ પણ ભયથી મહાત થવાનું એ શીખ્યો જ નહોતો. સાગર તો એનો જાણે જનમજનમનો સંગાથી હતો. એટલે તો ઍડમિરલ લૉર્ડ માઉન્ટ ઈવાન્સે એને 'સાગરના સાચા કવિ' તરીકે બિરદાવેલ છે, અને એના ચરિતલેખક હૅરોલ્ડ બિગ્બીએ એ ચરિતગ્રંથના આરંભે વિલિયમ બ્લૅકની આ પંક્તિઓ ટાંકેલી છે:


'Great things are done
when men and mountains meet,
This is not done
by jostling in the street.'

ઈ. ૧૯૧૪માં 'એન્ડ્યુરન્સ' નામના જહાજમાં એ ફરી પાછો પોતાની અધૂરી રહેલી મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરવા હંકારી ગયો. એ સાહસપ્રાણ આદમીને મન કોઈ પણ જોખમ કશી વિસાતમાં નહોતું. જેમ જોખમ વધુ તેમ તેનો કાર્યોત્સાહ અધિક. ગમે તેવા ઝંઝાવાત સામે પણ એ સંપૂર્ણ સ્વસ્થ જ રહેતો, માર્ગમાં એવી જ એક ઝંઝાનાં પૂર્વચિહ્નો કળાતાં માણસોએ તેને એ વિષે ચેતવ્યો ત્યારે શૅકલટને તેના કામમાંથી

ઈ. ૧૯૧૧ની૧૪મી ડિસેમ્બરે આમુંડસેને અને તે પછી એક જ મહિને ૧૮મી જાન્યુઆરી(૧૯૧૨)એ સ્કૉટે દક્ષિણ ધ્રુવ સર કર્યા બાદ શૅકલટને દક્ષિણ ધ્રુવ ખંડ પર એક નવી જ શોધયાત્રાનું આયોજન કર્યું. વેડેલ સમુદ્રથી દ. ધ્રુવ પર થઇને સામે છેડે રૉસ સમુદ્ર પહોંચવાની ૧૮૦૦ માઈલ લાંબી એ યાત્રા એણે વિચારી હતી. આ સફરમાં આગળ જતાં પુરવઠાની મુશ્કેલી ન પડે એ સારુ એણે રૉસ સમુદ્રની દિશામાંથી પોતાના માર્ગમાં જરૂરી સામગ્રી ગોઠવવા એક ટુકડી રૉસ સમુદ્ર બાજુ મોકલી આપી હતી.

ઈ. ૧૯૧૪ના ઑગસ્ટમાં શૅકલટને જ્યારે આ 'ઇમ્પિરીઅલ ટ્રાન્સ ઍન્ટાર્કટિક એક્સપિડિશન' આરંભ્યું ત્યારે પહેલું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. સફર માટે એણે એક ખડતલ જહાજ પસંદ કરેલું. 'બાય એન્ડયુરન્સ વી કૉન્કર'-ધૈર્યથી જ આપણે વિજય પામીએ છીએ-એ શૅકલટન કબિલાનો એક મુદ્રાલેખ હતો, અને એ પરથી એણે પોતાના જહાજને 'એન્ડયુરન્સ' નામ આપેલું. વેડેલ સમુદ્રમાં દ. ધ્રુવખંડની કંઠાર નજીક એન્ડયુરન્સ બરફની વચ્ચે ફસાઈ પડ્યું અને તરતા તથા ઉત્તરોત્તર વધતા જતા બરફમાં એ વધુ ને વધુ ભીંસાતું બરફ સાથે ૨૮૧ દિવસે ૫૭૦ માઈલ દૂર ઘસડાઈ ગયું. બરફની ભીંસ સામે જહાજના બચાવની કોઈ આશા ન રહેતાં અંતે ૧૯૧૫ની ૨૭મી ઑક્ટોબરે શૅકલટને સાથે આણેલી હોડીઓ, બરફગાડી-સ્લેજો અને અન્ય જરૂરી સાધનસામગ્રી એમાંથી ઉતારી લઇને એન્ડયુરન્સનો ત્યાગ કરીને એક તરતા હિમખંડ પર છાવણી નાખી. આ હિમખંડ સાથે ખસતાંખસતાં તેઓ કોઈ સલામત સ્થાને પહોંચશે એવી એમને આશા હતી પણ ૧૯૧૬ની ૯મી એપ્રિલે ઉત્તરમાં ૬૨° દ. અક્ષાંશ પર પહોંચી એ હિમખંડ પણ તૂટી પડ્યો અને શૅકલટન તથા અન્ય ૨૭ સાથીઓએ પોતાની પાસેની ત્રણ હોડીઓમાં દરિયો ખેડવો પડ્યો. દક્ષિણના ખૂબ તોફાની હવામાનમાં છ દિવસ સુધી હેરાન થઈ અંતે તેઓ એલિફન્ટ ટાપુ સુધી પહોંચ્યા ને ત્યાં એક બરફીલા ખડક પર આશરો લીધો. અહીં પણ બચવાની કોઈ આશા ન હોઈ પાંચ જણને સાથે લઈ શૅકલટને એક હોડીમાં ૭૫૦ માઈલ દૂર ઉત્તરે સાઉથ જ્યૉર્જિયા ટાપુ પરથી મદદ લેવા નીકળ્યો. દુનિયાભરમાં અતિશય તોફાની ગણાતા એ સમુદ્રવિસ્તારમાં અનેક કપરી કસોટીઓમાંથી પસાર થઈ અંતે એણે સફળતા મેળવી અને ૧૯૧૬ની ૩૦મી ઑગસ્ટે એણે સૌ સાથીઓને ઉગારી લીધા.

શૅકલટનની આ સફરનું મુખ્ય ધ્યેય તો સિદ્ધ ન થયું, પણ એન્ડયુરન્સના ઘસડાવાથી વેડેલ સમુદ્રના હિમપ્રવાહો અંગે ઘણી નવી જાણકારી પ્રાપ્ત થઈ. આ ફસામણમાં શૅકલટને દાખવેલું ધૈર્ય ને પોતાના દરેક સાથીઓને ઉગારી લેવા માટે એણે માત્ર ૨૨ ફૂટ લાંબી હોડીમાં ખેડેલું સાહસ એ એના ખમીર ને ઉમદા નેતૃત્વનાં દ્યોતક હોઈ દ. ધ્રુવખંડની



△ બરફની ભીંસમાં ફસાએલું 'એન્ડયુરન્સ'. △

શોધસફરોના ઇતિહાસમાં ઘણું ગૌરવ ધરાવે છે. જેના દ્વારા એણે સૌને ઉગારી લેવા સાહસ કરેલું તે હોડી આજે પણ ડલવિચ કૉલેજના સંગ્રહસ્થાનમાં સચવાએલી છે.

બીજી બાજુ રૉસ સમુદ્ર તરફથી પોતાના માર્ગમાં પુરવઠો ગોઠવવા મોકલેલી ટુકડીએ ૧૯૧૬ના જાન્યુઆરી સુધીમાં છેક ૮૨°-૩૦' દક્ષિણ અક્ષાંશ સુધી એ સામગ્રી સફળતાપૂર્વક ગોઠવી દીધી હતી.

શૅકલટને 'સાઉથ' નામના પુસ્તકમાં પોતાની આ કપરી સફરનું અદ્ભુત વર્ણન સવિસ્તર લખેલું છે. આ સફરના એના એક સાથીદાર એફ. આર. વૉર્સ્લેએ પણ 'એન્ડયુરન્સ' નામે એક પુસ્તક લખી એમાં એ જહાજની ફસામણને કારણે તેઓને વેઠવી પડેલી મુશ્કેલીઓ અને અન્ય અનુભવોને વિસ્તારથી વર્ણવ્યા છે.

—સંપાદકીય

ઊંચું જોઈ માત્ર માથું હલાવી સ્મિત વેર્યું ને ફરી પાછો કામમાં મચી ગયો.

છેવટે બધાએ સાથે મળીને ટે નામના એક સાથીદારને આવતી ઝંઝા સામે કામ બંધ રાખવાની વિનંતી કરવા શૅકલટન પાસે મોકલ્યો.

'બૉસ, પવનના વધતા જતા વેગ પરથી લાગે છે કે ઝંઝા આવી રહી છે. ઘેરાં હિમવાદળો જામતાં જાય છે અને કેટલાકને હિમદંશ પણ થવા લાગ્યો છે.' ટેએ વસ્તુસ્થિતિની રજૂઆત કરતાં કહ્યું.

સાંભળીને શૅકલટન મલક્યો. પછી ટેબલ પરનું બાઈબલ ઉઘાડી તેમાંનું એક પાનું ચીંધી તે વાંચવા જણાવ્યું.

ટેએ મોટેથી તે વાંચ્યું—'અનેકને બોલાવવામાં આવે છે, પણ પસંદ તો થોડાક જ થાય છે.'

'ફરીથી વાંચી જા.' શૅકલટને કહ્યું.

અને પછી પુસ્તક બંધ કરી ટે સામે જોતો બોલ્યો, 'ઠંડા ઘણા પડી જાય છે, પણ થીજી તો થોડાક જ જાય છે.'

પરંતુ અપ્રતિહત એવા શૅકલટનના અરમાન આ વખતે પણ અધૂરા જ રહી જવા પામ્યા. એનું જહાજ 'એન્ડયુરન્સ' વેડેલ સમુદ્રમાં બરફમાં એવું ખૂંપી ગયું કે આગળ વધી શકવાની કોઈ જ આશા ન રહી. આમ છતાં-માણસોનાં ઈંતરાજી અને આશ્ચર્ય છતાં તે પોતાના જહાજને છોડી જવા તૈયાર નહોતો.

છેવટે ૧૯૧૫ના ઑક્ટોબરની ૨૭મીની સાંજે ૫ વાગ્યે એને જહાજને છોડી દેવાનો હુકમ આપવો જ પડ્યો, કારણ જહાજ જરા ય ટસથી મસ થવાને બદલે ઊલટું બરફથી વધારે ભીંસાતું જતું હતું. એના આ હુકમ સાથે જહાજ પરના તમામે એક જાતની હાશ અનુભવી. આ હુકમે જરા ય વિસ્મય નહોતું ઊપજાવ્યું, કારણ સૌ જાણતા જ હતા કે 'એન્ડયુરન્સ'ના બચાવનો હવે કોઈ જ આરોવારો નહોતો.

ચોગમ છેક ક્ષિતિજ સુધી જ્યાં બીજું કંઈ જ નજરે પડતું નહોતું એવા નક્કર બરફમાં 'એન્ડયુરન્સ' ભીંસાયેલું પડ્યું હતું. ધ્રુવશિશિરની

ત્રણ માસ લાંબી રાત વીતીને વસંત બેસી ચૂકી હતી, પણ જહાજ પરની બરફની ભીંસ ઢીલી પડવાનાં કોઈ જ ચિહ્ન દેખાતાં નહોતાં. ઊલટું તે વધુ ને વધુ ગાઢ બની રહી હતી. ૧૪૪ ફૂટનું એ જહાજ લાકડાનાં તમામ જહાજોમાં સૌથી વધુ મજબૂત બાંધેલું હતું. ઓક અને ફરનાં તેનાં પાટિયાંની જાડાઈ ક્યાંક ક્યાંક તો અઢી ફૂટ જેટલી હતી. જો કે એ એના નામને વફાદાર રહી બરફ સામે છેવટ સુધી ઝીંક ઝીલતું રહ્યું. પણ છેવટે ભીંસનું પ્રમાણ એટલું તો વધી જવા પામ્યું કે તેનાં પાટિયાંની કડેડાટી બોલવા માંડી. અને પછી તો એનો કૂવાથંભ ૨૦ ફૂટ દૂર જઈ પડ્યો સાથે એના મોરા, સથ્થા, સુકાન વ.નો ખુરદો બોલવા માંડતાં શૅકલટન-ને નાછૂટકે જહાજ તજી દેવાનો હુકમ આપવો પડ્યો. ૩ લાઈફબોટ અને ૪૯ કૂતરાઓ સાથે બે કલાકમાં તો બધો જરૂરી સામાન નીચે ઉતારી લઈને જહાજને પડખે જ એક રાવટી ઊભી કરી દેવામાં આવી.

જહાજના ત્યાગે બધાએ ભલે હાશ અનુભવી, પણ શૅકલટનનું દિલ હાશ ન અનુભવી શક્યું, કારણ જહાજની અને માણસોની સઘળી જવાબદારી એના એકલાના પર હતી. પરિસ્થિતિ ભારે વિકટ હતી. વેડેલ સમુદ્રના બરફીલા વેરાન અને દક્ષિણ ધ્રુવ વચ્ચે એ બધા એવા ફસાઈ પડ્યા હતા જ્યાંથી નજીકમાં નજીકનો માનવવસવાટ પણ ઉત્તરે બાર સો માઈલના અંતરે હતો. આ અફાટ હિમવિસ્તારની બહારની દુનિયા સાથે એમને કોઈ જ સંપર્ક રહ્યો નહોતો. નહોતું એમની પાસે રેડિયો-ટ્રાન્સમીટર કે જેથી બહારની દુનિયાને પોતાની આ કમનસીબીની જાણ કરી તેમાંથી સમયસર ઊગરી જઈ શકાય. ઉપસ્થિત પરિસ્થિતિ-માંથી કોઈ એમને ઉગારી શકે તેમ હોય તો તેઓ પોતે જ હતા.

શૅકલટનને એ થીજી ગએલા સાગર પર થઈને ત્યાંથી ઈશાને ૩૪૧ માઈલ પર આવેલા અને પૉલેટ-ટાપુ તરીકે ઓળખાતા જમીનના એક નિર્જન ટુકડા પર પહોંચી જવાનું વિચાર્યું. ત્યાં થીજી ગયા વિનાનો ખુલ્લો દરિયો મળી આવવાની વકી હોઈ તેણે બરફગાડીઓ સાથે ત્રણ લાઈફબોટો પણ સાથે લઈ લેવાનું નક્કી કર્યું. જો કે ઉપરના છ ફૂટ જાડા બરફના એ થર નીચે ૨૦૦૦ ફેધમ સુધી ઊંડાં પાણી હતાં જ.

શૅકલટનના આ નિર્ણયથી સારો યે કાફલો ખુશમિજાજમાં આવી ગયો. શૅકલટનનો તો એ વારસાગત મુદ્રાલેખ હતો—'ધૈર્ય જ વિજય-દાતા છે.' અને ધ્રુવપ્રદેશનું તેનું આ કંઈ પહેલું જ ખેડાણ નહોતું. ઈ. ૧૯૦૭માં એણે સ્વયં યોજેલી સફરમાં દક્ષિણ ધ્રુવથી માત્ર ૧૧૩ માઈલ જેટલો જ એ દૂર રહેલો, ને એની આ અપૂર્વ સિદ્ધિ બદલ એને નાઈટહુડ એનાયત કરવામાં આવેલું. બીજા પણ અનેક દેશોએ એનું સંમાન કરેલું.

દરેકને માત્ર ખપપૂરતા જ સામાન સાથે આગળ વધવાનું હતું. શૅકલટને પોતાનું સોનાનું સિગારેટકેસ તથા તેની પાસેના સોનાના સિક્કા પણ ત્યાં બરફમાં ફેંકી દીધાં જેણે તેની સાથેના બીજાઓ પર પણ જોઈતી અસર ઊપજાવી. રાણી ઍલેક્ઝાન્ડ્રાએ આપેલું બાઈબલ સુદ્ધાં રાણીના સંદેશાનું પાનું તથા ૨૩મા સુગીતનું પાનું ફાડી લઈ તેણે ત્યાં જ ફેંકી દીધું. પરિણામે બાકીનાઓએ પણ પોતપોતાનાં ઘડિયાળોથી માંડી બીજી અનેક અંગત વસ્તુઓ ત્યાં ફેંકી દીધી. બરફગાડીઓમાં તદ્દન અનિવાર્ય જણાઈ એટલી જ વસ્તુઓ લાદવામાં આવી. શૅકલટન સૌને મોખરે રહ્યો, તેના પછી સામાનભરી બરફગાડીઓ ખેંચતા કૂતરા, અને તે પછી 'એન્ડ્યુરન્સ'ના કપ્તાન ફ્રૅન્ક વૉર્સ્લીની સરદારી નીચે બાકીનો રસાલો; જેનું કામ હતું લાઈફબોટોને ખેંચવાનું. એકેક ટન વજનની એકેક લાઈફબોટ પાછળ પંદરપંદર જણ લાગવા છતાં માંડમાંડ તે ખેંચી શકાતી, કેટલીક વાર તો નરમ બરફમાં ખૂંચી જઈ જબરી તકલીફ ઊભી કરતી.

પહેલે દિવસે તેઓ માત્ર એક જ માઈલનું અંતર કાપી શક્યા. એ રાતે હિમવર્ષા થતાં બીજા દિવસની પ્રગતિ તો આના કરતાં પણ ધીમી રહી. શૅકલટનને આમ કીડીવેગે આગળ વધવામાં કશો સાર ન જણાયો અને દસ ફૂટ જાડા બરફના એ થર પર તેણે ત્યાં જ ધામા નાખ્યા. ફરી ફરીને તેનું મન બરફના જડબામાં ભીંસાયેલા 'એન્ડ્યુરન્સ' તરફ જતું.


નવેમ્બરની ૨૧મીએ 'એન્ડ્યુરન્સ'ની હીલચાલ એને અસાધારણ લાગી અને એનાથી ઉદ્ગાર નીકળી ગયો—'એ...ગયું!' અને ખરેખર 'એન્ડ્યુરન્સ' ઘડીકમાં જ બરફના ઉદરમાં ગરક થઈ ગયું. એ લોકોએ જેના પર ધામા નાખેલા એ બરફ પણ દસ ફૂટ જાડાઈની પણ એક હિમ-શિલા જ હતી. એક માઈલના ત્રીજા ભાગના વ્યાસની એ હિમશિલા એમને ક્યાં પહોંચાડે છે એ હવે જોવાનું રહ્યું. જો કે એની ગતિ વાયવ્ય ભણીની હોઈ તે ખસતીખસતી પૉલેટ ટાપુ આગળ ક્યાંક લઈ જવાનો સંભવ હતો. બીજી બાજુ એ પણ અસંભવિત ન હતું કે તે ત્યાંથી મુદ્દલ ન ખસતાં બધાને ત્યાંના ત્યાં જ રાખે.

જેવી તેવી રાવટીમાં જેમતેમ કરીને દિવસો ગુજારતા તેમણે ૪૯૭ દિવસે એલિફન્ટ-ટાપુ પર પહોંચીને જમીન પર પહેલવહેલો પગ મૂક્યો. એ દરમિયાન જિંદગી અને મોત વચ્ચેની શરતમાં તેમણે બતાવેલાં ધૈર્ય અને કુવ્વત ખરેખર તારીફ માગી લે તેવાં છે. એટલે જ તો જૉન ઠેનિંગે શૅકલટનની આ સફરને 'ધ્રુવસફરોની કદાચ સૌથી મહાન ગાથા' તરીકે ઓળખાવેલી છે.

કડે પડતા શોષ અને કલાકે એંશી માઈલની ઝડપે ફૂંકાતા હેમાળા વાયરા વચ્ચે થઈને જિંદગી અને મોત વચ્ચેની એ શરતમાં વિજયી બનીને જ્યૉર્જિયા ટાપુ પર પગ મૂક્યો ત્યારે બધાની જીભ સૂજી ગયેલી અને હોઠ તરડાઈ ગયેલા. પણ ટુકડીમાં એકે જીવની ખુવારી થવા દીધા વિનાની શૅકલટનની આ સફર ખરે જ તમામ શોધસફરોમાં અનન્ય છે.

પણ શૅકલટનનો જીવ જંપીને બેસે એવો હતો જ નહિ. ૧૯૨૦માં ફરી તેણે નવી સફરનું આયોજન કર્યું. તે માટે તેણે 'ક્વેસ્ટ' નામનું જહાજ પસંદ કર્યું જે વજનમાં બહુ જ હલકું-માત્ર સવા સો ટનનું હતું. પૂરતાં નાણાંના અભાવે આનાથી વધુ સારું જહાજ તે મેળવી શકે તેમ નહોતો. અને એવા એ જહાજમાં શૅકલટન ફરી ધ્રુવસફરે ઊપડી ગયો,

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૧)



◁ સાઉથ જ્યૉર્જિયા ટાપુ પર ગ્રીટવિકન મુકામે શૅકલટનની મજાર. ઈ. ૧૯૨૧ના સપ્ટેમ્બરમાં એક નાના જહાજ 'ક્વેસ્ટ'માં શૅકલટન દ. ધ્રુવખંડની પોતાની ત્રીજી શોધસફરે ઊપડ્યો. 'એન્ડર્બી ક્વૉડ્રન્ટ' એટલે કે દ. ધ્રુવખંડના ૦° થી ૯૦° પૂર્વ રેખાંશમાંની કંઠારની મોજણી કરવાનો એનો ખયાલ હતો. પણ સાઉથ જ્યૉર્જિયા ટાપુથી થોડે દૂર જહાજ પર જ ઈન્ફ્લુએન્ઝા અને હૃદયના દુખાવાને કારણે ઈ. ૧૯૨૨ની ૪થી જાન્યુઆરીએ એનું અવસાન થયું. ગ્રીટવિકનમાં એનો અંતિમવિધિ કરી એના સાથી ફ્રૅન્ક વાઈલ્ડે એ સફર જારી રાખી એ તરફના સમુદ્રના ઊંડાણનાં માપ લીધેલાં. રાણી ઇલિઝાબેથ પહેલીના સમયમાં થએલાં ભવ્ય શોધસાહસોનાં ખમીર અને ખુમારી ધરાવનાર શૅકલટને દક્ષિણ ધ્રુવખંડની કાતીલ હિમાળી કુદરત સામે વારંવાર ભીડેલી બાથ અને એ બરફીલા ખંડ પરનાં ત્રણત્રણ શોધસાહસોમાં પોતાના એકેએક આદમીને સલા-મત પાછાં પહોંચાડનાર એનું ધૈર્યવંતુ ઉમદા નેતૃત્વ પણ કદી ભુલાશે નહિ. —સં.

બળબળતા તાપમાં ખીલેલો ગુલમહોર

લેખક • અશ્વિન દેસાઈ

કોઈ વાર શેઠ તેને જિમખાનામાં ચાની પત્તી આપવા મોકલતા. કોને ખબર કેમ તેને જિમખાનામાં માલ આપવા જવાનું બહુ ગમતું! ગમે તેટલું વજન ખુશીથી ઊંચકીને તે જિમખાનામાં લગભગ દોડતોદોડતો જતો!

જિમખાનાનો દરવાન તેને જોઈને એકદમ ખુરશીમાંથી ઊભો થઈ જતો, 'કહાં જાતા હૈ?' કહીને દરવાજામાં તેનો હાથ જોરથી પકડીને ઊભો રાખતો.

ઘડીભર તો તે સહેજ ડરી જતો, પછી હાથમાંનું ચાનું પડીકું બતાવીને, થોડી હિંમત ભેગી કરી તે અંદરની તરફ ઈશારો કરતો; 'અંદર દેનેકા હૈ! મંગાયા હૈ!' ઝટકાથી દરવાન તેનો હાથ છોડી દેતો; 'જલદી વાપસ બાહર આ જાના!' અને તે લગભગ પડતાંપડતાં રહી જતો.

તેને ખૂબ નવાઈ લાગતી. દરવાન તેની સાથે આમ કેમ કરતો હશે? અંદર જતા ઘણા માણસોને તો તે કંઈ પૂછતો નહિ! અરે, ઘણાં એની ઉંમરનાં છોકરાંને પણ ઊભો થઈને સલામ કરતો!

વિચાર કરતાંકરતાં તે ધીમેથી અંદર સરકી જતો. ચાનું પડીકું કૅન્ટિનમાં આપીને, હંમેશની માફક તે સહેજ અંદરના ભાગમાં કુતૂહલને ખાતર જતો. મોટામોટા માણસો—ઘણા તો બુઢ્ઢા પણ—જાતજાતની રમતો રમતા દેખાતા તે એક ખૂણામાં ઊભો રહીને જોયા જ કરતો! કોઈ વાર તેને વિચાર પણ આવતો કે તે પણ આ લોકો જેટલો મોટો થશે ત્યારે તેને પણ આ બધી રમતો કદાચ રમવા મળશે! તેને થતું, હવે કદાચ નાના—તેની ઉંમરના છોકરાઓને રમવાનો જમાનો વીતી ગયો હશે! કારણ કે, કોઈ વાર રજાને દિવસે તે ઘરની બહાર નીકળી જવાની કોશિશ કરતો ત્યારે તેની મા તેને ઊભો રાખતી 'ક્યાં ચાલ્યો?'

'જરા બહાર જઈ આવું, મેદાનમાં.' તે કહેતો. 'શું કામ? જખ મારવા?', તેની મા અકારણ ગુસ્સે થઈ જતી, 'ખબર નથી, શેઠનું જૂનું ઘર સાફ કરવા જવાનું છે તે? કોણ તારો બાપ જશે? તે તો ઉપર જઈને બેઠો છે?' માનો અવાજ ધીમેધીમે ધીમો થઈ જતો.

'ઠીક છે, હું નથી જતો, બસ?' તે પહેરેલું ખમીસ કાઢી નાખતો અને તેની મા રડવા જેવી થઈ જતી—અને એકદમ તેને દુકાન યાદ આવી જતી, શેઠની લાલ આંખો યાદ આવી જતી, એટલે તે રમત જોવાનું છોડીને, દોડતો દોડતો જિમખાનાની બહાર નીકળી જતો. દરવાન તેને આશ્ચર્યથી જોઈ જ રહેતો!

બીજી વાર તે જિમખાનામાં જતો ત્યારે દરવાન તેનો ખભો પકડીને જોરથી હલાવતો: 'વો દિન ભાગકે કયું ગયા થા? કુછ ચોરી કરકે ગયા થા ક્યા?' દરવાનના મોંમાંથી થૂંકના તણખા ઊડતા.

'નહિ! ચોરી નહિ કિયા થા! હમારા શેઠ મારતા થા ઈસ લિયે...' તે લગભગ રડવા જેવો થઈ જતો.

'મારેગા નહિ તો ક્યા તેરી પૂજા કરેગા?' દરવાન તેને લગભગ ધક્કો મારીને છોડી દેતો! તેને ખૂબ વિચારો આવતા. જિમખાનામાં દરવાનની શી જરૂર હશે? અહીં કોણ મફત પિક્ચર જોવા ઘૂસી જવાનું હતું? કે અહીં ક્યાં સરકસનો ખેલ થાય છે? અહીં દરવાન શું કામ બેસાડયો હશે?

શેઠની દુકાનમાં આવ્યો તે પહેલાં તે છાપાંની ફેરી કરતો હતો. સવારે ચાર વાગ્યે ઊઠતો. ઊઠતો એટલે કે, તેની મા તેને ઉઠાડતી, કારણ કે તેની મા પાછલી રાતે જાગતી જ સૂઇ રહેતી. દૂર ક્યાંક મિલમાં ચારના ટકોરા થતા તે સાંભળતી: કહો કે, ટકોરાની રાહ જોતી જ સૂઈ રહેતી, અને સંભળાય કે તરત જ સફાળી બેઠી થઇને તેને ઢંઢોળી કાઢતી: 'ઊઠ! ઊઠ! મૂઆ! ચાર વાગી ગયા!'

'હું' કરીને તે પથારીમાં સહેજ પડખું બદલતો એટલે મા વધારે જોરજોરથી ઢંઢોળતી.

તે પરાણે સહેજ આંખો ખોલીને, પથારીમાં પડ્યોપડ્યો જ માની સામે જોતો: 'કૂકડો બોલ્યો?'

'ના. મિલમાં ટકોરા થઈ ગયા! ઊઠ જલદી!'

'સાંભળવામાં ભૂલ થઈ હશે! ચાર ટકોરા નહિ થયા હોય! હજી તો તમરાં બોલે છે!' તે ફરીથી માથા સુધી ઓઢીને સૂઈ જવાનો પ્રયત્ન કરતો, એટલે તેની મા તેની પિછોડી ખેંચી લેતી.

'ના! ના! મેં બરાબર ગણ્યા! રોજ જ તું તો આવું કરે છે! આમ કેમ ચાલશે?' અને તે આળસ મરડી લાંબું બગાસું ખાઈને પથારીમાં બેઠો થતો. તેની મા ચા મૂકવા જતી. તે દાતણ કરીને મોં ધોઈ કાઢતો, અને ચા પીને સ્ટેશને દોડતો.

કોઈ વાર છાપાં આવવામાં મોડું થતું ત્યારે તે સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર સૂતેલા પોર્ટરો સાથે સહેજ આડો પડીને એકાદ ઝોકું ખાઈ પણ લેતો! છાપાં આવી જતાં એટલે એજન્ટ તેને ઢંઢોળી કાઢતો—

'ઊઠ! ઊઠ! છોકરા! પેપર આવી ગયા!' અને તે પેપરો ગોઠવવા માટે સફાળો બેઠો થઈ જતો. છાપાં વહેંચતી વખતે તેને સારો એવો ઝપાટો મારવો પડતો! અજવાળું થાય એ પહેલાં જો છાપું ન મળે તો ઘણા ઘરાકો ખૂબ ધમકાવતા! તેને ખૂબ નવાઈ લાગતી! રોજ જ સવારના, છાપામાં એવું તે શું આવતું હશે, કે લોકો દાતણ કરતા પહેલાં જ છાપાની વાટ જોઈને બેસતા હશે! એટલે, કોઈ વાર કુતૂહલ ખાતર જ, તે છાપાને પહેલે પાને આવતા ફોટાને ધ્યાનથી જોતો. તેને થતું, અમુક માણસોના ફોટા કેમ લગભગ રોજ છાપામાં આવતા હશે?

સવારના આઠેકના અરસામાં તો તે છાપાનો હિસાબ આપી પણ દેતો! ત્યારે તેને થતું, કે કૅન્ટિનના શેઠનો છોકરો તો હજી કદાચ ઊઠ્યો પણ નહિ હોય!

કૉલેજની ચાની કૅન્ટિનમાં તેને આખા દિવસની નોકરી હતી. છાપાની ફેરી કરીને ત્યાં જવાનું થતું તે તેને ખૂબ ગમતું! કારણ કે ત્યાં પહોંચતાની સાથે જ તેને ફરી વાર ચા પીવા મળતી. અને કૅન્ટિનની ચા, કોને ખબર કેમ, તેને ખૂબ ભાવતી! કોઈક વાર તે આગલી રાતે માને સમજાવીને વીસ પૈસા કઢાવી લેતો, અને છાપાં વહેંચીને સીધો ડબલરોટીવાળાની લારી ઉપર જતો. વીસ પૈસામાં એક છૂટી ડબલરોટી મળતી તે લઈને કૅન્ટિન તરફ ભાગતો.

કૅન્ટિનની ચા સાથે અડધો ટુકડો ખાઈને, અડધો ટુકડો તે તેના નાના ભાઈ 'નાનકા' માટે ખિસ્સામાં મૂકીને ઘરે લઈ જતો.

ડબલરોટીના ટુકડાથી તેના પગમાં અનોખું જોમ આવતું! ચાના કપ ફટાફટ ઊપડતા અને ગલ્લા ઉપર બેઠેલો શેઠ સંતોષથી તેને જોઈ રહેતો.

પણ પછી કોને ખબર કેમ, એક દિવસ કોઈ કૉલેજિયને ગલ્લા ઉપર ચાના કપમાં આંગળી બોળાવાની ફરિયાદ કરી તેથી કે કેમ, શેઠે તેને તમાચો મારીને કૅન્ટિનમાંથી કાઢી મૂક્યો.

તે રડતોરડતો ઘરે ગયો એટલે તેની માએ તેને માથે હાથ ફેરવીને કહ્યું: 'રડે છે શું કામ, દીકરા! મજૂરી તો ઘણી મળી રહેશે!'

અને ખરે જ, થોડા દિવસમાં તે કરિયાણાની દુકાનમાં લાગી ગયો.

દુકાનમાંથી ઘણી વાર લોકોને ઘરે પણ માલ આપવા જવાનું થતું. એક મારવાડી શેઠને ત્યાં તે માલ આપવા જતો ત્યારે હમેશાં શેઠના ડાઇનિંગ ટેબલ ઉપર પેંડાનું બૉક્સ પડેલું જોતો. તેને પોતાને તો ગળ્યું

ખાસ ભાવતું નહિ, પણ પેંડા જોઈને તેને હમેશાં 'નાનકો' યાદ આવતો. નાનકાને પેંડા ખૂબ ભાવતા. તેને યાદ આવતું, એક વાર મા ક્યાંકથી પ્રસાદના બે પેંડા લઈ આવી હતી, ત્યારે નાનકાએ બંને પેંડા પોતે જ ખાઈ જવાની હઠ કરેલી તેથી તેની માએ તેને ખૂબ મારેલો. પણ પછી નાનકો રડતો રહેલો જ નહિ. એટલે માએ બંને પેંડા નાનકાને આપી દીધેલા, અને નાનકો રડતોરડતો પણ બંને પેંડા ખાઈ ગએલો!

તેથી કોઈ વાર બૉક્સ ખુલ્લું જોતો ત્યારે તેને મારવાડી શેઠના ટેબલ ઉપરથી એકાદ પેંડો ઉઠાવીને ખિસ્સામાં મૂકી દેવાનું મન થતું, પણ પછી બીકનો માર્યો માંડી વાળતો, તેને પેંડાની સાથેસાથે પોતાની દુકાનના શેઠની લાલ આંખો પણ દેખાવા માંડતી, એટલે ખાલી થેલી લઈને જ તે પાછો ફરતો.

બપોરનો એક વાગતો એટલે તે સહેજ ઊંચોનીચો થતો. કોઈ વાર દુકાનમાં ખાસ કામ ન રહેતું, અને શેઠની એના ઉપર નજર પડી જતી, તો વખતસર એને ખાવા જવાની રજા મળી જતી. નહિ તો ક્યાંક માલ આપવા જવાનું કે એવું કંઈ કામ બાકી હોય તો દોઢ-બે પણ થઈ જતા.

છૂટતાંની સાથે જ તે દોડતો તેની માના કામ ઉપર જતો. તેની મા મકાન બંધાતું ત્યાં કામ કરતી, એટલે ખાવા માટે તે વહેલો-મોડો થતો તો ય તેની વાટ જોઈને બેસી રહેતી. તે પહોંચતો એટલે બંને જણાં ડબ્બા ખોલીને રોટલો ને મરચું ખાવાનું શરૂ કરતાં.

તેની મા હમેશાં ખૂબ ધીમેધીમે અને ઓછું ખાતી, કારણ કે તે જાણતી, કે દુકાનની મજૂરીને લીધે તેને ખાવાનું વધારે જોઈતું. તેનું ધ્યાન જતું ત્યારે તે અચૂક માને ટોકતો:

'મા! કેમ ખાતી નથી? દાંત દુ:ખે છે?'

'ના! ના! હું તો ચાવીને ખાઉં તો જ લોહી બને ને? તારી માફક કોળિયા ઉતારી જવાથી કંઈ થોડું જ બને?' અને મા હસીને તેને વહાલની ટપલી મારતી.

તેની આંખો ભીની થઈ જતી. પછી ધીમેથી તે માને પૂછતો; 'મા, નાનકાને શાક બનાવી આપીને આવેલી કે?'

'હા,' તેની મા કહેતી, 'નાનકો તો મૂઓ એવો જિદ્દી છે, કે શાક વગર રોટલો ખાતો જ નથી, એટલે બે ચાર કાંદા પડેલા હતા તે...'

તેને હસવું આવતું; 'મા! નાનકાને આપણે લૉજમાં જ કામ પર મૂકીશું, કેમ? એને શાક તો ખાવા મળશે ને?' મા પણ હસતી; 'એ તો મૂઓ કહે છે કે હું તો કામ પર નથી જવાનો? નિશાળમાં ભણવા જઈશ!'

તે એકદમ ગંભીર બની જતો, અને થોડી વારે વિચારીને બોલતો: 'મા! આપણે બે તો કામ કરીએ છીએ; પછી નાનકાને નિશાળે જ મોકલીએ તો કેવું? છો ને જતો!' તેની મા કંઈ બોલતી નહિ, નીચું જોઈ-ને ધીમેધીમે ખાયા કરતી. રોટલા પૂરા થતાં ડબ્બા બંધ થઈ જતા.

અને એક દિવસ એ જીદ કરીને માને લઈને નાનકાને નિશાળમાં દાખલ કરાવવા ગયો. તેની મા ધીમેથી બીતાંબીતાં નિશાળની ઑફિસ-માં ગઈ. તે અને નાનકો બહાર ઊભા રહ્યા.

માસ્તરે બધી પૂછપરછ કરીને નાનકાનું નામ દાખલ કરવા માટે રજિસ્ટર ખોલ્યું. બધી વિગતો પૂછીને લખી અને છેલ્લે પૂછ્યું: 'એના વડીલ તરીકે કોનું નામ લખવાનું છે?'

મા સહેજ વિચારમાં પડી ગઈ, પછી થોડી વારે બીતાંબીતાં, તે બ-હાર ઊભો હતો તેના તરફ આંગળી ચીંધી: 'આનું નામ ચાલશે?' માસ્તરે ચશ્માં ઉતારીને ઝીણી આંખ કરીને બહાર જોયું. ત્યારે તે કોઈ વર્ગમાં ધીંગામસ્તી કરતાં છોકરાંઓને જોતો ઊભોઊભો મલકાતો હતો! □

ક્રિકેટ જગતની યાદગાર ટેસ્ટ મૅચો-૪

'ધ ક્રાઉચર્સ ટેસ્ટ'

ભરત ના. ભટ્ટ

ઇંગ્લૅન્ડ વિ. ઑસ્ટ્રેલિયા પાંચમી ટેસ્ટ: ઓવલ, ઑગસ્ટ-૧૧, ૧૨, ૧૩-૧૯૦૨.

સીરીઝમાં ઑસ્ટ્રેલિયા ૨-૦થી આગળ હતું ને હજી ૨૬મી જુલાઈએ ચોથી ટેસ્ટમાં ઇંગ્લૅન્ડને ૩ રનની નાટ્યાત્મક હાર ચોંટી હતી. કોને ખ-બર હતી કે આ ટેસ્ટમાં ઇંગ્લૅન્ડ માટે એવો જ વળતો વિજય લખાએલો છે!

ટૉસ જીતી ઑસ્ટ્રેલિયાએ ૩૨૪ રન કર્યા. રાત્રે વરસાદ પડયો ને ટ્રમ્બલની જરા ઝડપી ઑફ્સ્પિન બોલિંગ સામે ઇંગ્લૅન્ડ ખખડવા લાગ્યું ને ૮૩ રનમાં ૬ વિકેટ ગઈ! જો કે પછી બ્રાઉન્ડ, હર્સ્ટ અને લૉકવૂડના પ્રયત્નોથી ૧૮૩ રન થયા ને ૯ રને ઇંગ્લૅન્ડ ફૉલોઑનમાંથી બચ્યું. ટ્રમ્બલે ૬૫ રનમાં ૮ વિકેટો લીધી. હવે બગડેલી પીચ પર ઑસ્ટ્રેલિયા ના આવ્યું ને બીજા દિવસની રમતને અંતે બીજા દાવમાં તેની ૧૧૪ રને આઠ વિકેટો ગઈ. ત્રીજી સવારે ૧૨૧ રનમાં ઑસ્ટ્રેલિયાનો બીજો દાવ પત્યો અને ઇંગ્લૅન્ડ જીત માટે ૨૬૩ રન કરવા મેદાને પડયું.

હવે મૅચે રંગ બદલ્યો. હજી પણ મુશ્કેલ એવી પીચ પર ડાબેરી સ્પિનર સૉન્ડર્સે ૧૦ રન થયા ત્યાં ત્રણ વિકેટો ખખડાવી. તેમાં મૅકલેરેન ને ટાઇલ્ડસ્લે જેવા મહારથીઓ–બધા કલીન બૉલ્ડ. ૪૮ રનમાં પાંચ વિકેટો ગઈ! હવે ટ્રમ્બલ અને સૉન્ડર્સની બોલિંગ એવી પડતી હતી કે ઇંગ્લૅન્ડના ૧૦૦ રન પણ અશક્ય હતા. આ સમયે ગિલબર્ટ જેસપ-'ધ ક્રાઉચર' ('ક્રાઉચ' એટલે કે વધુ નમીને ઊભા રહેવાની તેમની શૈલીને કારણે આ ઉપનામ તેમને મળેલું.) જૅક્સન સાથે બૅટિંગમાં જોડાયા. એકાએક એમણે એવી આક્રમક રમત આરંભી જેવી જેસપ જ આરંભી શકે. ખતરનાક સૉન્ડર્સની જ પહેલી ઓવરમાં સાત રન! જો કે તેમને એક સ્ટમ્પનો અને એક અધરા કૅચનો ચાન્સ મળ્યો, તો પણ તેમનું આ-ક્રમણ ચાલુ જ રહ્યું અને લંચ પહેલાંની ૨૦ મિનિટમાં ૨૯ રન કર્યા. લંચ પછી તો જૅક્સન જેવા ધુરંધર પણ માત્ર પ્રેક્ષક જેવા બની ગયા ને જેસપે તો ઑસ્ટ્રેલિયન બોલિંગને ભીષ્મ પદ્ધતિએ સાફ કરી નાખી. જૅક્સન (૪૯) ૧૫૭ રને ગયા ત્યારે ૬૫ મિનિટમાં ૧૦૯ રન ચડેલા! જેક્સનની જગ્યાએ ઑલ-રાઉન્ડ હર્સ્ટ આવ્યા ને જેસપની ધડાધડી તો ચાલુ જ. કુલ ૧૮૭ રને તેઓ આઉટ થયા ત્યારે માત્ર ૭૫ મિનિટમાં ૧૩૯માંથી ૧૦૪ રન તો તેમણે જ કરેલા. તેમણે બીજા ૫૦ રન તો માત્ર ૨૦ મિ-નિટમાં કરેલા. એક પંચો અને ૧૭ ચોગ્ગા (તે સમયે છગ્ગાં તો મળતા જ નહિ—જો કે જેસપે ત્રણ વાર બૉલને પૅવેલિયનમાં નાખેલો.) સાથેની તેમની આ સદી આજ સુધી બીજા નંબરની સૌથી ઝડપી ટેસ્ટ સદી છે. ટ્રમ્બલ-સૉન્ડર્સની તીક્ષ્ણ બોલિંગને એમણે સાવ બુઠ્ઠી બનાવી દીધી. પણ હજી ૭૬ રન બાકી હતા. હર્સ્ટે લૉકવૂડ અને વિ. ફી. લીલેની મદદથી આંકડો ૨૪૮ રને પહોંચાડયો ત્યારે નવમી વિકેટ પડી. હવે હર્સ્ટ સાથે રૂહોડ્ઝ જોડાયા અને ૧૧ ઑસ્ટ્રેલિયનોના મરણિયા પ્રયાસ પછી પણ આ બંનેએ જરૂરી ૧૫ રન કરી એક વિકેટે વિજય મેળવ્યો. વિજય ફટકો મારનાર હર્સ્ટ (૫૮ નૉ. આ.)નો આ વિજયમાં અમૂલ્ય ફાળો હતો, છતાં ઑસ્ટ્રેલિયાની બોલિંગના કાતીલ ઝેરને ધોવાનું કામ તો જેસપે જ કર્યું. કહેવું હોય તો કહી શકાય કે જેસપ-ના આ દાવનું બેવડું મૂલ્ય છે, કારણ તે દાવ થકી ન કેવળ ઉત્તમ બૅટિંગ જોવા મળ્યું, પણ સાથેસાથે ઇંગ્લૅન્ડને એક યશસ્વી વિજય મળ્યો. ટેસ્ટ ઇતિહાસ આ ટેસ્ટને 'જેસપ ટેસ્ટ' તરીકે ઓળખે છે તેમાં ઔચિત્ય છે. □

મહાવિનાશક છતાં ઉપકારક અને રોમાંચક
વીજળી

વર્ષા ઋતુના પ્રફુલ્લ વાતાવરણમાં ગરજતા મેઘ અને એની વચ્ચે ઝબૂકતી વીજળીનું દૃશ્ય અત્યંત પ્રભાવકારી અને રોમાંચક લાગે છે. પોતાના આદિ કાળથી માનવી ભયમિશ્રિત કુતૂહલ સાથે એનું રહસ્ય પામવા મથતો રહ્યો હશે. ખેતીનો આરંભ કર્યા પછી તો માનવીને વરસાદની ગરજ પણ વધી ગઈ અને પોતાને ન સમજાય એવી કુદરતની દરેક પ્રક્રિયાને દૈવી ચમત્કાર ગણીને એણે વરસાદના દેવની પણ સ્થાપના કરી દીધી. એક યા બીજી રીતે દુનિયામાં સર્વત્ર આમ જ થયું છે અને હજી યે એવા ખયાલો સદંતર દૂર થયા નથી જ. દેવને પ્રસન્ન કરીને વરસાદ લાવવા યજ્ઞયાગ ને એવા અનેકવિધ વિધિઓ આજે યે ઘણા દેશોમાં પ્રચલિત છે. આ જ રીતે વરસાદના અતિરેક તથા એથી થતી હોનારતો નિવારવાના વિધિઓ પણ હજી યે થતા રહે છે. વરસાદ જીવનદાતા ગણાતો તેમ એની સાથેની મેઘગર્જનાઓ અને વીજળીને માણસ પાપાચાર સામેની દૈવી ચેતવણી કે કોપ પણ સમજતો. પલક માત્રમાં આંખને આંજી દેતો વીજઝબકાર અને એની પાછળ સંભળાતી મેઘગર્જનાનું રહસ્ય નહિ સમજતો માણસ એને દૈવી સંકેત કે કોપ સમજી લે એ સ્વાભાવિક જ હતું. પણ ગઈ સદીમાં બેન્જામિન ફ્રેંકલિને પોતાના વિખ્યાત પ્રયોગ દ્વારા માનવસર્જિત વિદ્યુતનો તણખો અને આકાશી વીજળી એક જ હોવાનું સાબિત કરીને એના રહસ્યને જાણવાનું ઉદ્ઘાટન કર્યું. બીજા વિશ્વયુદ્ધ પછી બલૂનો, વિમાનો, રડાર ને રૉકેટો દ્વારા આજે તો માણસ વીજળી ને વરસાદ વિષે ઘણું જાણે છે એટલું જ નહિ, પણ કુદરતની આ કરામતોની કેટલીક નકલો પણ એ કરી શકે છે. વીજળી પડવાથી થતી હોનારતો સામે આપણે હવે ઠીકઠીક રક્ષણ મેળવી લીધું છે તો કૃત્રિમ રીતે વરસાદ આણવાની કરામતમાં પણ સારા પ્રમાણમાં સિદ્ધિ મેળવી છે. ને છતાં હજી યે આ દિશામાં નવાંનવાં સંશોધનો ચાલે જ છે.

આપણે એ તો જાણીએ છીએ કે સૂર્યના તાપથી તપેલી હવા વજનમાં હળવી થઈ આકાશમાં ઊંચે ચડવા લાગે છે. આ હવા સ્થળભેદે ઓછાવધતા પ્રમાણમાં સૂક્ષ્મ જલકણો પણ પોતાની સાથે લેતી જાય છે. પૃથ્વીના શીત કટિબંધોના પ્રદેશોમાં તો હવા ગરમ થઈ ઊંચે ચડવાની શક્યતા જ ઓછી છે, પણ સમશીતોષ્ણ અને ઉષ્ણ કટિબંધમાં એની સંભાવના ખરી. આમાં યે ઉષ્ણકટિબંધ પરના સમુદ્રો ઉપર પ્રખર સૂર્યતાપ પડવાથી પાણીના અણુઓ સવિશેષ પ્રમાણમાં ભેજ રૂપે હવામાં ભળીને સતત ઊડી જતા રહે છે. (ઉષ્ણ કટિબંધમાં વધુ વરસાદ પડતો હોવાનું આ એક મુખ્ય કારણ છે.) આ જલકણો એક ઈંચના ૨૫૦૦મા ભાગ જેટલા સૂક્ષ્મ હોય છે. હવામાં ભળેલા એ જલકણો ઊંચે આકાશમાં વહેતી ઠંડી હવામાં ઠરી જઈને ઘટ્ટ બની એનાં વાદળ બંધાય છે. આવાં વીસેક ઘન માઈલ જેટલા વિસ્તૃત વાદળમાં લગભગ ૧,૫૦,૦૦૦ ટન જેટલું પાણી આ સૂક્ષ્મ જલકણો રૂપે સમાએલું હોય છે. એ બધું પાણી પૃથ્વી પર પડી નથી જતું તેનું કારણ જલકણોની સૂક્ષ્મતા જ છે. પણ જ્યારે એ જલકણો વધુ ઘટ્ટ બનવા લાગે છે ત્યારે એનાં બિંદુ રચાય છે. ઓછામાં ઓછા એક ઈંચના ૫૨૧મા ભાગ જેટલા વ્યાસવાળાં જલબિંદુ રચાય ત્યારે જ એ વરસાદનાં ટીપાં રૂપે વરસી શકે છે. પણ ઘણી વાર તો પવન એ ટીપાંઓને પણ પોતાની સાથે આગળ કે ઉપર ઘસડી જઈ એને નીચે પડતાં અટકાવે છે. વળી, જો પેલા સૂક્ષ્મ જલકણો આકાશમાં વધુ ઊંચાઈએ પહોંચી ગયા હોય તો ત્યાંની વધુ ઠંડીમાં ઠરી જઈને એના હિમકણો રચાય છે. બહુ ઊંચે આકાશમાં જે સફેદ વાદળો દેખાય છે તે આવા હિમકણોમાં બનેલાં હોય છે. આકાશમાં ઊંચે વિવિધ સ્તરે પ્રવર્તતી ઠંડીનું પ્રમાણ અને ત્યાં વહેતા પવનના વેગ વગેરે વિવિધ



કારણે વાદળોનાં સ્વરૂપ પણ ભિન્નભિન્ન હોય છે. એના આકાર ને ઊંચાઈ વગેરે પરથી એમને વિવિધ નામે ઓળખવામાં આવે છે. (વાદળોની આ વિભિન્ન લાક્ષણિકતાનું વર્ણન અને એમનાં નામ અગાઉ 'કુમાર'ના ૬૨૪મા અંકમાં આવી ગયાં છે.)

આમાં ગાજવીજનાં તોફાન સાથે ચડી આવતાં વાદળ 'ક્યુમ્યુલોનિમ્બસ' નામે ઓળખાય છે. વરસાદનાં ઝાપટાં કે ગાજવીજ સાથેના તોફાની હવામાનની આગાહી આપતાં આ વાદળોનું તળ ધરતીની ઘણું નજીક હોય છે, જ્યારે એનું મથાળું ક્યારેક તો પૃથ્વીની સપાટીથી બારતેર માઈલ ઊંચે સુધી પહોંચ્યું હોય છે. એટલી ઊંચાઈએ વાતા વેગીલા પવનને કારણે એનું મથાળું ફેલાઈને ચપટું બની ગએલું દેખાય છે. નીચેથી કૉબીફ્લાવર જેવું દેખાતું આ વાદળ ઉપર જતાં મહાકાય ઘેઘૂર વૃક્ષની જેમ ફેલાએલું લાગે છે. સોએક ચોરસ માઈલ જેટલા વિસ્તારના આવા એકાદ વાદળમાં પચાસ લાખ ટનથી યે વધુ પાણી સમાએલું હોય છે. એમાં લાખો વૉલ્ટ જેટલી વીજળીક શક્તિ પણ હોય છે, જે ગર્જના સાથે છૂટી પડે ત્યારે એમાંથી એકાદ મેગાટન બૉમ્બ જેટલી તાકાત પ્રકટ થાય છે.

વાદળાંમાં આ વિદ્યુતશક્તિ કઈ રીતે આવે છે? વાદળમાંના સૂક્ષ્મ જલકણો ઘટ્ટ બની જલબિંદુનું રૂપ ધરીને જો એક સેકંડના આઠ મિટર કરતાં વધુ વેગે નીચે પડવા લાગે તો એ પોતાના વેગથી જ ભાંગી પડે છે. આ રીતે ભાંગીને નાનાં બનેલાં ટીપાંની નીચે પડવાની ઝડપ પણ ઘટી જાય છે. એ જ વખતે નીચેથી ઉપર ચડતો પવન એને ફરી પાછો ઊંચકીને ઉપર ચડાવે છે. પણ આ ઉપર જતા પવનનો પ્રવાહ પણ એક ધારો નથી હોતો. ક્યારેક એનો વેગ કલાકના ૬૦ મા. જેટલો તો ક્યારેક ૧૫૦ મા. કે એથી યે વધુ હોય છે. આથી જ્યાં આ પવન ધીરો પડે ત્યાં પેલાં જલબિંદુઓ ફરી નીચે પડવા લાગે છે, તો જ્યાં પવનનો વેગ વધે ત્યાં પાછાં ઉપર ચડે છે. આમ, ઉપર–નીચે ચડતાં–પડતાં એ વલોવાયાં કરે છે અને એથી પેદા થતા ઘર્ષણથી એમનામાં, અને એ રીતે વાદળમાં વિદ્યુતભાર ઉત્પન્ન થાય છે. આપણે જાણીએ છીએ કે વિદ્યુતભારના ધન અને ઋણ એ બે પ્રકાર છે. એકબીજાથી વિરુદ્ધ એવા આ વીજભાર પરસ્પર આકર્ષે છે. જ્યારે આ વીજભાર અત્યંત વધી જાય છે ત્યારે એ વીજળીના ઝબકારા રૂપે ઝરી પડે છે. વિદ્યુતસાધનોમાં ઘણી વાર જે સ્પાર્ક (તણખો) થતો જોવા મળે છે એનું જ આ એક મહાકાય રૂપ છે. વીજળીનો આ ઝબકાર ખરેખર

લઘુકથા

મોસાળું

હસમુખ કે. રાવલ

'મામા આવ્યા...મામા આવ્યા...'ના અવાજેથી વાતાવરણ ભરાઈ ગયું. ઓરડામાં સીધું' લખતી બહેન લોટવાળા હાથે બહાર આવી. મામ.ના હાથમાંથી બૅગ લેવાઈ ચૂકી હતી. હસતી આંખો વચ્ચે ચાનો કપ મુકાયો...ને સૌ આવનારી જાનનો માંડવો શણગારવા વિખરાઈ ગયાં.

'મને તો હતું કે તમે નહિ આવો.'

'હા. પહેલાં તો રાકેશને જ મોકલવા વિચારેલું પછી થયું ખરાબ દેખાશે એટલે જાતે જ...'

'આવ્યા તે બહુ સારું થયું. ભાણીના મોસાળાનો પ્રસંગ હોય તે મામાએ તો આવવું જ પડે ને ?'

'હા. મોસાળું લઈ આવવાનું હતું ને એટલે જ...' ભાઈએ બહેનની આંખમાં વારંવાર ડૂબકી મારી પ્રેમનું મોતી ગોતવા પ્રયત્ન કર્યો, પણ વર્ષો પહેલાં બગડી ચૂકેલા સંબંધોના મગરમચ્છ સિવાય કંઈ જ દેખાયું નહિ, છેક મોડી રાતે ભાઈએ પોતાની રોજનીશીમાં ટપકાવ્યું: 'સામાજિક સંબંધોમાં પ્રેમ હોતો નથી, માત્ર સંબંધ જ હોય છે. નહિતર માત્ર મોસાળા માટે ભાઈની રાહ ન જોવાત.'

સવારે ભાણી ચા આપવા આવી ત્યારે મામા બાથરૂમમાં હતા ને બૅગ ખુલ્લી હતી. લોસામણા પ્લાસ્ટિક કવરે પાડેલી બૂમ ભાણીનાં ટેરવાં સાંભળી ગયાં. ડાયરીની સૃષ્ટિ ઊઘડી. ફડફડતાં ટેરવાં છેક છેલ્લા લખાએલા પાનની ડાળી પર બેઠાં: 'સામાજિક સંબંધોમાં...' ને સૃષ્ટિ બિડાઈ ગઈ.

વિદાય લેતી ભાણીના રૂપમાં મામાને બહેન દેખાઈ. વર્ષો પહેલાં સાસરે સિધાવતી બહેન ને રડતો ભાઈ. બાકીનું બધું ભૂંસાઈ ગયું. મામાનો ભાવવિભોર હાથ ભાણીના માથા પર ફરી રહ્યો હતો, ત્યારે ભાણીનું ભાવશૂન્ય મસ્તક ઝૂકી જવાનો માત્ર અભિનય કરતું હતું.

તો ઇલેક્ટ્રૉન પરમાણુઓનો પ્રવાહ જ છે. આ પ્રક્રિયા ચાલતી જ રહે છે. એક રીતે કહીએ તો વાદળ વિદ્યુત પેદા કરતો ડાઇનેમો બની જાય છે.

ક્યુમ્યુલોનિમ્બસ વાદળની ટોચ ધન વીજભારવાળી અને એનું તળ ઋણ વીજભારવાળું હોય છે. એટલે આ બે સ્તરની વચ્ચે વારંવાર વીજ ઝબકાર થતા જ રહે છે. એવે વખતે હવાના અણુઓ પણ આ ઇલેક્ટ્રૉનને ઝીલી લે છે ને એ પોતે પણ વીજભારવાળી બની જાય છે. આખરે એ હવામાં પણ વીજભાર એટલો બધો વધી જાય છે કે વાદળાંની વીજળીને પૃથ્વી સુધી પહોંચાડવાનો એ એક વીજવાહક પથ બની જાય છે. અને ત્યારે વીજળી પૃથ્વી પર પણ ત્રાટકી શકે છે.

આપણે જોયું કે વાદળનું તળ ઋણ ભારવાળું અને પૃથ્વીની સપાટીથી નજીક હોય છે. આ વાદળની બરાબર નીચેની પૃથ્વીની સપાટી પર ધન ભાર હોય છે. સામાન્યતઃ પૃથ્વી પર ઋણ ભાર જ હોય છે, પણ ઉપરનું વિરાટ વાદળ પોતાની નીચેની ધરતી પર ધન ભાર પ્રકટાવે છે. એ વાદળ જેમજેમ ખસતું જાય તેમતેમ નીચે ભૂમિ પર પ્રકટેલો ધનભાર પણ એના પડછાયાની જેમ ખસતો રહે છે, અને પડછાયાની જેમ જ એ વીજભાર જમીન પરની ટેકરીઓ કે ઊંચી ઈમારતો યા વૃક્ષો પર પણ ચડતો જાય છે. આમ થતાં એ ધન વીજભાર અને વાદળના ઋણ ભારવાળા તળ વચ્ચેનું અંતર એટલા પ્રમાણમાં ઘટે છે. આ રીતે ભૂમિ અને વાદળની વચ્ચેની વીજળીક શક્તિનું સંધાન થાય છે. અને ત્યારે જે થાય છે તેને આપણે 'વીજળી પડી' એમ કહીએ છીએ. આ સમગ્ર પ્રક્રિયાનો વિજ્ઞાનીઓએ સૂક્ષ્મ અભ્યાસ કરેલો છે, પણ અહીં આપણે એટલા ઊંડા ઊતરવાની જરૂર નથી. વીજળીનો વેગ એક સેકંડના લગભગ ૮૦,૦૦૦મા. જેટલો હોય છે. એટલે કે પ્રકાશની ગતિના ત્રીજા ભાગથી યે વધુ ઝડપ થઈ. જોકે એની આથી યે વધુ ઝડપ માપી શકાઈ છે. વીજળીની પહોળાઈ તો તદ્દન ઓછી હોય છે, પણ એની લંબાઈ માઇલો જેટલી પણ હોઈ શકે. પલક માત્રમાં ઝબકીને એ તો તુરત વિલીન થઈ જાય છે, પણ આપણા મગજમાં પડેલી એની છાપ ભૂંસાતાં જરા વાર લાગે છે. ક્યારેક જ્વાળામુખી ફાટતાં એના પ્રચંડ દબાણથી આકાશમાં ઊંચે ચડેલા ધૂળનાં રજકણોનાં વાદળ અને ઉપર આકાશમાં તરતા હિમકણોનાં વાદળ વચ્ચે ઘર્ષણ થવાથી પણ વીજળી પેદા થાય છે.

ઉષ્ણ કટિબંધના ભેજવાળા ગરમ વિસ્તારોમાં પ્રકૃતિનો આ નાટારંગ વધુમાં વધુ જોવા મળે છે. ઘણી જગ્યાએ વર્ષ દરમિયાન સરાસરી ૮૦ જેટલા દિવસોમાં ગાજવીજ થતી રહે છે. યુગાન્ડાના કમ્પાલામાં વર્ષે સરાસરી ૨૪૨ દિવસ ગાજવીજ થાય છે જે દુનિયાભરમાં વધુમાં વધુ છે. પણ ઈ. ૧૯૧૬થી '૧૯ના અરસામાં જાવામાં બરગોર નામક એક પહાડી શહેરમાં વર્ષમાં સરેરાશ ૩૨૨ દિવસ ગાજવીજ થયાની નોંધ છે, જે એક વિક્રમ છે.

વીજળી પડે છે ત્યારે એની ગરમી પણ પ્રચંડ હોય છે. એ ગરમીથી રેતી પીગળીને કાચમાં ફેરવાઈ જાય છે. આવી રીતે બનેલા કાચના ગઠ્ઠાને 'ફુલ્ગ્યુરાઈટ' કહે છે. સહરાના રણમાંથી બેએક ઇંચ વ્યાસવાળા અને ચાળીસેક ફૂટ લાંબા ફુલ્ગ્યુરાઈટના ગઠ્ઠા મળી આવેલા છે. આવા ગઠ્ઠા બંધાવા માટે ઓછામાં ઓછું ૧૬૫૦° સે. ઉષ્ણતામાન જોઇએ, જ્યારે વીજળીની ગરમી તો એથી અનેક ગણી–લગભગ ૩૦,૦૦૦° સે. જેટલી હોય છે. સેકંડથી યે ઘણા ઓછા સમયમાં પ્રકટતી આ પ્રચંડ ગરમી ઘણી વાર કોઈ ખડકની ફાટોમાં ભરાએલા બરફ કે પાણીની એકાએક વરાળ બનાવી છે, અને એ વરાળનું જે ભયંકર દબાણ થાય છે એ ડાઈનામાઈટ જેવું કામ કરી ખડકના ભુક્કા ઉડાડી દે છે. આ જ રીતે ચણતરની ઈંટમાંનો ભેજ પણ વરાળ થઇને પોતાના દબાણથી એ બાંધકામને છિન્નભિન્ન કરી નાખે છે. ચણતરમાં વપરાએલી ધાતુ પણ એ ગરમીમાં ઓગળી જતાં એના આધારે ટકી રહેલું બધું તૂટી પડે છે. આમાં બારીબારણાંના કાચ વગેરે તો પીગળીને સીધા વરાળ જ થઈ ઊડી જાય છે. વીજળી પડતાં જમીન તપી જઈને એની અંદર ઊગેલા બટાટા શેકાઈ ગયાની નોંધ પણ છે. ક્યારેક માણસના પોશાક સાથે તો એ અજબ ખેલ ખેલે છે. પહેરેલા પોશાકની નીચેની હવા વીજળીની ગરમીથી એકાએક ફૂલી જતાં કપડાંના લીરેલીરા ઊડી જાય છેઃ આથી વીજળી પડે ત્યારે એ સ્થળની નજીકમાં હાજર હોય એવા માણસ ઘણી વાર મરે નહિ તો પણ ઉઘાડા નિર્વસ્ત્ર બની જાય છે. જ્યારે લાકડાંનાં વહાણો દરિયો ખેડતાં ત્યારે દરિયાઈ તોફાનો ઉપરાંત એમને વીજળીઓનો પણ મોટો ભય રહેતો. ભૂમિ પર કે સમુદ્રમાં સામાન્ય સપાટીથી જે કંઈ જેટલું વધુ ઊંચું હોય તેના પર વીજળી ત્રાટકવાનો ભય પણ વિશેષ રહે. એ રીતે સમુદ્રની સપાટી પર તરતાં વહાણોના ઊંચા કૂવાથંભ વીજળીનો સરળતાથી ભોગ બનતા અને એના પરિણામે સેંકડો વહાણો નાશ પામ્યાની નોંધો મળે છે. પડતી વીજળીને ઝીલી લઇને ભોંમાં ઉતારી દેવાની, બેન્જામિન ફ્રૅંકલિનની 'લાઇટનિંગ રૉડ'-ની શોધ પછી ઈમારતો અને ઈ. ૧૮૪૯થી જહાજો પર પણ એને લગાડવાનો આરંભ થયા બાદ વીજળીની સામે મોટું રક્ષણ મળી ગયું છે. ન્યૂ યૉર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ પર અત્યાર સુધીમાં વધુમાં વધુ વાર વીજળી પડી છે. પણ એ ઈમારત, અને ત્યાર પછી બનેલાં એથી યે ઊંચાં બાંધકામો આ લાઇટનિંગ રૉડનાં પ્રતાપે સલામત રહ્યાં છે.

વીજળીના કડાકા થતા હોય ત્યારે સલામતી ખાતર માણસે ઊંચાણ-

વાળી જગ્યા, લાઈટનિંગ રૉડ વગરના મકાનની ઊંચી દીવાલો, ખુલ્લું સપાટ મેદાન કે તેના પરના તંબૂ કે છાપરાં યા ઊંચાં વૃક્ષોથી દૂર રહેવું જોઈએ. ઘણી વાર સ્વાભાવિકપણે જ વરસાદથી બચવા ઘણા લોકો મોટાં ઝાડ નીચે આશરો લે છે, ને અજાણતાં મોતને નોતરે છે. લોખંડી વાડ પણ ઘણી વાર જોખમી બની જાય છે. દૂર પડેલી વીજળી ક્યારેક એમાં વિદ્યુત પેદા કરી દે છે, અને ક્યારેક વીજળીનો કડાકો શમી ગયા પછી યે એ વાડમાં વિદ્યુત સંઘરાઈ રહે છે. એવે વખતે એ વાડનો સ્પર્શ પણ જીવલેણ બની જાય છે.

બહુ નજીકમાં વીજળી થતી હોય તો ખુલ્લી સપાટ જમીન પર ઊભા રહેવું પણ જોખમી બની જાય છે. એવે વખતે ઊભા રહેવાને બદલે જમીન પર લેટી પડવું વધુ સલામત છે. જો નજીકમાં ખાડો કે ખાઈ હોય તો તેમાં ઊતરી જવું. વીજળીનો ભોગ બનવા કરતાં એમાં ભરાએલા પાણીમાં રગદોળાવું ઓછું જોખમકારક છે.

જ્યારે જ્યારે વીજળી થાય છે ત્યારે ત્યારે એ દેખાયા પછી થોડી વારે એના ભયંકર કડાકા પણ સંભળાય છે. એક સમયે એનું કારણ નહિ સમજવાથી લોકો એનાથી ગભરાતા, એને ઈશ્વરનો કોપ સમજતા. જો કે આજે યે ઘણા ભડવીરો મેઘગર્જનાથી થરથરી જતા જોવા મળે છે, પણ એનું કારણ અજ્ઞાન નહિ, પરંતુ એમનો માનસિક ભય છે. વીજળી થવાથી એના માર્ગમાં જે પ્રચંડ ગરમી પેદા થાય છે એથી હવામાંના અણુઓ ગરમ થઈ ધડાકા સાથે સ્ફોટ પામે છે. એ ધડાકો તે જ મેઘગર્જના. એ હોય છે તો સુપરસોનિક, પણ અંતરના વધવા સાથે એનું બળ ઘટતું જાય છે. પાંચસો ફૂટ દૂરથી એ સહજપણે સાંભળી શકાય છે. વીજળી દેખાયા પછી થોડી વાર બાદ જ એ સંભળાય છે એનું કારણ છે પ્રકાશ અને અવાજના વેગ વચ્ચેનો તફાવત. પ્રકાશ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલની ઝડપે અને અવાજ એક સેકંડમાં ૧,૦૯૦ ફૂટના વેગે આપણા સુધી પહોંચે છે, એટલે વીજળી અને એનો કડાકો એક સાથે જ થયા હોવા છતાં પહેલાં વીજળી દેખાય છે ને અવાજ થોડી વાર પછી સંભળાય છે. પ્રકાશ અને અવાજના વેગ વચ્ચેના આ તફાવતના આધારે વીજળી કેટલે દૂર થઈ હશે તેનો આપણે અંદાજ કાઢી શકીએ. અવાજની ઝડપ પાંચ સેકંડે એક માઈલ જેટલી ગણીને, વીજળી દેખાયા પછી કેટલી વારે અવાજ સંભળાયો એ ગણીએ તો એ કેટલે દૂરથી એ આવ્યો તેનો ખયાલ મળી શકે. ક્યારેક બહુ નજીકમાં વીજળી થઈ હોય તો પ્રથમ કાપડ ચીરાતું હોય એવો અવાજ પળભર સંભળાઈને પછી તુરત જ વીજળીનો કડાકો સંભળાય છે. વીજકડાકા પડઘાતા આવવાથી મેઘગર્જનાને એનું લાક્ષણિક રૂપ મળે છે.

પ્રચંડ શક્તિવાળી હોવા છતાં વીજળી માત્ર નુકસાન જ કરે છે એવું નથી. વાતાવરણમાં રહેલા પ્રાણવાયુના કેટલાક પ્રમાણુને એ ઓઝોન વાયુમાં ફેરવી નાખે છે. આ ઓઝોન જંતુઘ્ન છે, એટલે એનાથી હવા વધુ સ્વચ્છ બને છે. ગાજવીજ શમી ગયા પછીનું વાતાવરણ સ્વચ્છ અને વધુ તાજગીભર્યું લાગે છે તે આથી જ. વળી, વીજળી હવામાંના નાઈટ્રોજનને પણ અમુક પ્રમાણમાં ખાતરના રૂપમાં ફેરવી નાખે છે. વરસાદનાં ટીપાં સાથે ભળી જઈને એ ખાતર જમીનમાં ઊતરી જાય છે. જેનાથી વનસ્પતિને વધુ પોષણ મળે છે. આમ, વિનાશક હોવા સાથે વીજળી ઉપકારક પણ છે. અને એનું દર્શન પણ કંઈ ઓછું રોમાંચક છે?

હવે પછી તમે જ્યારે ભયાનક વીજકડાકો સાંભળશો ત્યારે સહેજે સમજી જશો કે તમારાથી દૂર ક્યાંક વીજળી થઈ છે કે પડી છે. જો તમે વીજળી પડતી જોવા પામો તો એનો અર્થ એ જ કે તમે એનાથી બચી ગયા છો, અને જો એ તમારી પાસે જ પડી હશે તો સંભવ છે કે તમે એનું વર્ણન કરવાની સ્થિતિમાં હવે ન પણ હો. □

શતરંજ : પંદરમી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ . . . . સુરેશ મોદી

તાજેતરમાં કેરળમાં કોટાયમ ખાતે પંદરમી રાષ્ટ્રીય 'બ' ટુર્નામેન્ટ રમાઈ હતી. કેરળ એસોસીએશન તરફથી ખેલાડીઓને રહેવા તથા રમવા માટે જે સગવડ અપાઈ હતી તે અત્યંત ખરાબ હતી. પહેલી જ વાર ખેલાડીઓએ સાથે મળીને તેનો વિરોધ કર્યો અને બીજી (સંતોષકારક તો નહોતી જ) સગવડ મળ્યા પછી જ રમવાનું કબૂલ કર્યું. આથી ટુર્નામેન્ટ નિર્ધારીત દિવસ કરતાં એક દિવસ મોડી શરૂ થઈ.

આ ટુર્નામેન્ટમાં પહેલાં ૧૪ સ્થાન મેળવનારનાં નામ, તેમણે મેળવેલાં પૉઈન્ટ તેમ જ તેમના મિડિયન સ્કોર નીચે આપ્યા છે:

૧. એસ. વી. નટરાજન્ (તમિળનાડ) ૧૧ (૮૮)
૨. વિ. રવિકુમાર (તમિળનાડ) ૧૧ (૮૬½)
૩. રફીકખાન (મધ્યપ્રદેશ) ૧૦½ (૬૮)
૪. ટી. એન. પરમેસ્વરન્ (તમિળનાડ) ૧૦½ (૮૭)
૫. આર. રવીન્દ્રન્ (કર્ણાટક) ૧૦½ (૮૧½)
૬. આર. નાગેન્દ્ર (આંધ્રપ્રદેશ) ૧૦ (૮૭)
૭. સમશુલ હસ્સન (મહારાષ્ટ્ર) ૧૦ (૭૨)
૮. મોહન બાપુર (મહારાષ્ટ્ર) ૧૦ (૮૪½)
૯. અવિનાશ આવતે (મહારાષ્ટ્ર) ૧૦ (૮૪)
૧૦. વિ. રવિચંદ્રન્ (પોંડિચેરી) ૧૦ (૮૩½
૧૧. રાજેશ બહાદુર (મધ્યપ્રદેશ) ૧૦ (૭૨)
૧૨. કિશનબિહારીશ્રીવાસ્તવ (દિલ્હી) ૯½ (૮૪)
૧૩. એસ. મણિકંડસ્વામી (તમિળ.) ૯½ (૮૨½)
૧૪. હરિહરન્ (તમિળનાડ) ૯½ (૭૮½)

૧૫ થી ૨૨મા સ્થાન પર આવેલ ખેલાડીનાં પણ ૯½ પૉઈન્ટ હતાં, પણ તેમનો મિડિયન સ્કોર ઓછો હોવાથી તેઓ રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં રમી શકશે નહિ. દિલ્હી તરફથી આ ટુર્નામેન્ટમાં પહેલી વખત રમતા I.F.S. થયેલા અજય ચૌધરી ૯½ પૉઈન્ટ અને ૭૭½ મિડિયન સાથે ૧૫મે સ્થાને આવ્યા હતા.

આ ૧૪ ખેલાડી ઉપરાંત, ૧૪મી રાષ્ટ્રીય 'અ'માં પહેલાં છ સ્થાને આવેલા ૧ મેન્યુઅલ ઍરાન (તમિળનાડ) ૨. રાજારવિશેખર (તમીળનાડ), ૩. નસીરઅલી (ઉત્તરપ્રદેશ), ૪. મહમ્મદ હસ્સન (આંધ્રપ્રદેશ), ૫. આનંદકુમાર ઘોષ (પ. બંગાળ) અને ૬. નાસીરૂદ્દીન ગાલીબ (આંધ્રપ્રદેશ) ૧૫મી રાષ્ટ્રીય 'અ' ટુર્નામેન્ટમાં રમશે. આથી હવેની રાષ્ટ્રીય 'અ'માં તમિળનાડના સાત જ્યારે મહારાષ્ટ્ર ને આંધ્રપ્રદેશના ત્રણત્રણ ખેલાડી રમશે. તમિળનાડના ખેલાડીએ મહેનત અને અભ્યાસ તેમજ ત્યાંના ઉચ્ચ ખેલાડીના સક્રિય માર્ગદર્શનની મારી આ કૉલમનાં અગાઉ કરેલ આગાહી ખરી પાડી છે.

ગુજરાત તરફથી Seeded ખેલાડી વિરાફ આવરી રમ્યા ન હતા. અગાઉ રાષ્ટ્રીય 'અ'માં રમી ચૂકેલ ગૌરાંગ મહેતા તેમજ ગુજરાતના સૌથી અનુભવી ખેલાડી પ્રફુલ્લ ભટ્ટ પાસેથી સારા દેખાવની અપેક્ષા હતી, જે પારપડી નહિ. તેમની સરખામણીમાં નવા ખેલાડીઓ શાંતિલાલ સોલંકી તેમજ પી. ડી. ચૌહાણે આઠ આઠ પૉઈન્ટ મેળવી અનુક્રમે ૫૧મું ને ૫૪મું સ્થાન મેળવ્યું તે પણ સારું કહેવાય.

∞

એક સુધારો: એપ્રિલ અને મે માસના કોયડામાં 'નાઈટ રાઈડર (લખાણમાં 'S' ને આકૃતિમાં ઊંધા ઘોડા) મુકાયા છે એ નાઈટ રાઈડર' નહિ પણ 'નાઈટ' (N) જોઈએ. જો કે એથી કોયડાના ઉકેલમાં ફરક પડતો નથી પણ એ એક ભૂલ છે. —સુરેશ મોદી

કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકો સુધ્ધાંને આકર્ષી રહેલી—ડૉ. મધુસૂદન પારેખની—લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૫મો · પ્રકરણ ૫મું · પૅરેડાઈઝ લૉસ્ટ

મિલ્ટને કિશોરકાળથી જ મહાન કવિ થવાનું સ્વપ્ન સેવ્યું હતું. વિશ્વસાહિત્યમાં ચિરંજીવ બની રહે તેવી કોઈ કૃતિ રચવાની તેણે અભિલાષા વર્ષો સુધી ચિત્તમાં ઘૂંટીને એ માટેની સજ્જતા પ્રાપ્ત કરી લીધી હતી. પોતાની એ કલાકૃતિ મહાન ને ભવ્ય બને તે સારુ તેણે ઘણું ચિંતવન કરી તેણે એનું આયોજન પણ વિચારી રાખ્યું હતું, નોંધો પણ કરી હતી. અલબત્ત એના જીવનમાં ને સમગ્ર દેશમાં ચિત્તને મથી નાખે એવી અનેક ઘટનાઓએ એના મહાન સ્વપ્નને ઝટ સાકાર થવા દીધું નહિ.

'પૅરેડાઈઝ લૉસ્ટ'નું આયોજન

મિલ્ટને પોતાની મહાન કલાકૃતિ (Epic) માટે વિષય વસ્તુની પસંદગીમાં ખૂબ વિચાર કર્યો હતો. આરંભમાં તેણે આર્થર રાજાની કથાઓમાંથી વિષય પસંદ કરવાનું વિચાર્યું હતું, પણ એ કથાવસ્તુ તેને ઐતિહાસિક દૃષ્ટિએ અસત્ય ભાસ્યું. આર્થરની પોતાની ઐતિહાસિકતા પણ તેને શંકાસ્પદ લાગી. એટલે એ વિચાર તેણે પડતો મૂકયો. તેણે વિષયવસ્તુ માટે વિશ્વના અનેક ઇતિહાસો ઉખેળ્યા, પણ તેના સત્યપ્રિય અને ધર્મજિજ્ઞાસુ ચિત્તને કોઈ વિષય સ્પર્શી શકયો નહિ. અંતે તેની દૃષ્ટિ બાઈબલ પર ઠરી. બાઈબલનો ધાર્મિક વિષય તેના અંતરમાં બરાબર વસી ગયો. બાઈબલના તે પ્રસંગોમાં તેને પૂર્ણ શ્રદ્ધા હતી. મિલ્ટને તેમાંથી માણસજાતના વિનિપાત (Fall)નો પ્રસંગ પસંદ કર્યો. આ સમગ્ર કથાપ્રસંગ પહેલાં તેણે નાટયરૂપે રચવાની યોજના વિચારી હતી. પણ પછી તેણે નાટયરૂપને બદલે કાવ્યરૂપ શા માટે પસંદ કર્યું તે વિષે ચોક્કસ માહિતી સુલભ નથી, પરંતુ કેટલાક વિવેચકોનો એવો મત છે કે મિલ્ટનને પુખ્ત વયે પોતાના વિચારો મોકળાશથી રજૂ કરવા માટે નાટય કરતાં કાવ્યરૂપ વધુ અનુકૂળ જણાયું હશે.

'પૅરેડાઈઝ લૉસ્ટ'નું આયોજન નક્કી કર્યા પછી પણ તે કાર્ય વિલંબમાં પડ્યું. ઈંગ્લૅંડમાં ચાર્લ્સ ૧ અને પાર્લામેન્ટ વચ્ચેના સંઘર્ષે મિલ્ટનને રાજકારણમાં સક્રિય બનાવ્યો. રાજા અને પ્રજા વચ્ચે આંતરવિગ્રહ ચાલ્યો. પ્રજાસ્વાતંત્ર્યનો પ્રખર હિમાયતી મિલ્ટન પ્રજાના પક્ષે ભળ્યો. ક્રૉમવેલને તે અનેક રીતે સહાયક બની ગયો. ચાર્લ્સનો શિરચ્છેદ થયો. પ્રજાના વિજયમાં મિલ્ટને નૂતન ઈંગ્લૅંડનાં દર્શન કર્યાં. પણ આ બધી ઘટનાઓએ તેના મહાકાવ્યને ખૂબ વિલંબમાં નાખ્યું. આંતરવિગ્રહ પછી કૉમનવેલ્થના લૅટિન સેક્રેટરી તરીકે તેણે સેવાઓ આપી. પણ તેની આંખોનું નૂર હવે ઓસરવા માંડ્યું હતું અને ૧૬૫૧માં તો તેને લગભગ અંધાપો આવી ગયો.

એ અરસામાં વળી ચાર્લ્સ બીજાનું રાજ્યારોહણ થયું. મિલ્ટનનાં નૂતન ઇંગ્લૅંડ માટેનાં સ્વપ્નાં ખંડિત થઈ ગયાં. આ બધી ઘટનાઓની અસર કૃતિની રચના પર પણ પડયા વિના રહી નહિ. અલબત્ત, કૃતિનો પ્રધાનસૂર બદલાયો નહિ. 'પૅરેડાઇઝ લૉસ્ટ'ના ખંડો ક્યારે રચાયા તેનો કાળાનુક્રમ પ્રાપ્ત થતો નથી. પણ એક સમકાલીન વિવેચકના મત પ્રમાણે ઈ. ૧૬૬૫માં મિલ્ટને એ કૃતિ પૂર્ણ કરી અને ઈ. ૧૬૬૭માં તે પ્રગટ થઈ. એની પહેલી આવૃત્તિમાં દસ ખંડ હતા. ઈ. ૧૬૭૪માં નવી આવૃત્તિ બાર ખંડો રૂપે પ્રકટ થઈ.

'પૅરેડાઈઝ લૉસ્ટ' પાછળનું પ્રયોજન

મિલ્ટને પોતાની કૃતિના પહેલા ખંડના આરંભમાં જ કૃતિના વિષયનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે, તેમાં 'એપિક' પરંપરાનું અનુસરણ તો છે જ, પણ તેણે કેવો મહત્ત્વાંકાક્ષી અને ભવ્ય વિષય કૃતિ માટે પસંદ કર્યો છે તેની પણ પ્રતીતિ થાય છે. ઈશ્વરી આદેશનું મનુષ્યના આદિપૂર્વજ આદમે અને ઇવે ઉલ્લંઘન કર્યું, અને જ્ઞાનવૃક્ષનું ફળ ચાખ્યું અને તેને પરિણામે દુનિયામાં પાપ અને મૃત્યુ આવ્યાં, અને ઈડનના બાગમાંથી આદમ અને ઈવ વિનિપાત પામીને પૃથ્વી પર પડયાં. આ પદ્ય-પરિચ્છેદમાં મિલ્ટનની કાવ્યછટાનો સમર્થ નમૂનો સાંપડે છે.

Of Man's first disobedience, and fruit
Of that for bidden tree, whose mortal taste
Brought death unto the world, and our woe,
With loss of Eden......

આ વિનિપાતમાંથી મનુષ્યનો ઉદ્ધાર કરવા કોઈ પેગમ્બર અવતરશે અને મનુષ્ય ઈશ્વર પ્રત્યે પ્રેમ અને આજ્ઞાંકિતપણું દાખવીને ફરી સ્વર્ગમાં સ્થાપિત થઈ શકશે—એ આદમ અને ઈવની નિરાશામાં રહેલા રૂપેરી દોરનો પણ નિર્દેશ આ નિવેદનમાં છે. ટૂંકમાં મિલ્ટને પોતાનું પ્રયોજન આ રીતે પ્રકટ કર્યું છે —

I may assert eternal providence
And justify the ways of God to men.

મિલ્ટનનું મહાકાવ્ય

'પૅરેડાઈઝ લૉસ્ટ'ની કથાનો દોર સમજવા પ્રયત્ન કરીએ તો કૃતિના પહેલા ખંડમાં પોતાનું પ્રયોજન સ્પષ્ટ કર્યા પછી તરત કવિ આદમ અને ઈવના સ્વર્ગમાંથી વિનિપાત માટેના કારણરૂપ સેતાન પર પોતાનું લક્ષ કેન્દ્રિત સેટ કરે છે. પહેલા બે ખંડમાં સમગ્રપણે સેતાનના વ્યક્તિત્વનો જ પ્રભાવ પ્રકટ થાય છે. ઈશ્વરના આધિપત્ય સામે કેટલાક દેવદૂતનો સથવારો મેળવીને સેતાને સ્વર્ગમાં બળવો પોકાર્યો ને યુદ્ધમાં પરાજિત થએલા સેતાન અને તેના સાગરીતોને દોજખમાં ફેંકવામાં આવ્યા. કવિ સેતાનને પરાજયની શરમ અને દોજખની વેદનામાંથી ધીમેધીમે સ્વસ્થ થતો નિરૂપે છે.-એનો અગ્રણી સાથીદાર-બીલઝેબલ તેની નજીકમાં જ પડેલો છે. સેતાન તેને સ્વસ્થ કરે છે. એ બીલઝેબલનું એકાદ પંક્તિમાં જ કવિ સુરેખ ચિત્ર આપી દે છે—

One next himself in power, and next in crime.

બીલઝેબલ સાથે તે મંત્રણા કરે છે તેમાં તેનો અપ્રતિમ જુસ્સો અને તેની મુખ્ય નેતા તરીકેની વાગ્છટા તથા તેના અણનમ વ્યક્તિત્વનો શાનદાર પરિચય મળી રહે છે. એની ખુમારી આકર્ષક ને પ્રેરક છે. યુદ્ધમાં પરાજય મળ્યો તેથી શું? સર્વનાશ તો થઈ ગયો નથી! અતુલ મનોબળ, વેરની તમન્ના અને સર્જનહાર પ્રત્યે ઉત્કટ ધિક્કાર માટે તેની અપીલ છે:

What though the field be lost
All is not lost: the unconquerable will,
And study of revenge, immortal hate,
And courage never to submit or yield
And what is else not to be overecome?

સ્વર્ગના અધિપતિ સામે સતત લડત, સીધી નહિ તો પ્રપંચયુક્ત લડત એ જ સેતાનનો બળતો મનોરથ છે. એ એક જ સત્ય સમજે છે.


To be weak is miserable
Doing or suffering...

(અનુ. પૃ. ૨૨૩)

'વિનોદ'ની નજરે
[૧૬]

પીતાંબર પટેલ

પીતાંબરભાઈના અવસાનના બે-ત્રણ અઠવાડિયા અગાઉ જ આ લેખ 'કુમાર'માં મોકલી આપ્યો હતો એટલે લેખ યથાવત્ છાપ્યો છે—તેમના મૃત્યુને અમાન્ય ગણીને. તે આપણને ભલે છોડી ગયા. આપણે હજુ તેમને ક્યાં છોડયા છે!... —વિ.



લેખક
વિનોદ
ભટ્ટ

પીતાંબર પટેલનું સ્મરણ કરીએ ત્યારે બીજા બે પટેલ, પન્નાલાલ ને પેટલીકર પણ યાદ આવી જાય; કેમકે એ ત્રણેય એકબીજા સાથે સ્નેહના પડછાયે બંધાએલા છે. આ ત્રણે પટેલો ખેડૂત-પુત્રો છે ને ખેતી કરે છે: જરા જુદા પ્રકારની ખેતી કરે છે—શબ્દોની ખેતી. કહે છે કે ઉમાશંકર કવિ ન બન્યા હોત તો પન્નાલાલ નવલકથાકાર ન બનત. પાટીદાર કોમમાં વર વિક્રયનો રિવાજ ન હોત તો પેટલીકર લેખક ન હોત ને પીતાંબર—

પીતાંબરની વાત જરા જુદી છે. પીતાંબર લેખક કેમ બન્યા એને માટે જુદીજુદી દંતકથાઓ પ્રચલિત છે. એક કિંવદંતી પ્રમાણે વર્ષો અગાઉ તેમણે એક મિત્રને ઉત્સાહથી પૂછેલું: 'અલ્યા ભે, હું સાહિત્યમાં પડું કે રાજકારણમાં ?' 'એટલે ?' મિત્રે સામે પૂછ્યું.

'એટલે કે વાર્તાઓ લખું કે ચૂંટણી લડું ?'

'ચૂંટણી લડો.' મિત્રે સલાહ આપી.

'કેમ ?' 'મેં તમારી વાર્તાઓ વાંચી છે...'

મિત્ર દાઢમાં બોલ્યો છે એમ જણાતાં પીતાંબરે એ જ સવાલ બીજા એક દોસ્તને પૂછયો: 'લેખક બનું કે રાજકારણી ?'

'લેખક.' 'કેમ ?'

'ઊંચું હલાવીને ભાષણ કરતાં તમને મેં સાંભળ્યા છે.'

ને એ દિવસથી પીતાંબરે એક પગ સાહિત્યમાં ને બીજો રાજકારણમાં રાખ્યો છે. પરિણામે રાજકારણવાળાઓ તેમને લેખક તરીકે ઓળખે છે ને લેખકો ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે. લગભગ ૧૯૬૨થી તે ગુ. સા. પ.ના મંત્રી છે. જો કે એની પાછળ ય એક લઘુકથા છે. કોઇકે યશવંત શુક્લને આ બાબત પૂછેલું કે 'શા માટે તમે પીતાંબરને આજીવન મંત્રીપદે સ્થાપ્યા છે?' ત્યારે શુક્લસાહેબ ખાનગીમાં માહિતી આપેલી: 'સાહિત્ય પરિષદના મકાન માટે એક મોટા ભંડોળની જરૂર છે. પીતાંબરભાઇનો ચહેરો જ એવો રાંકડો છે કે જે જોઈને દાતાને દયા આવી જાય. એટલે ભંડોળ એકઠું કરવાનું કામ અમે તેમને સોંપ્યું છે. એમને જોઈને ભલભલા પથ્થર હૃદયવાળા ય પીગળી જાય છે ને મકાન માટે છુટા હાથે સખાવત કરે છે.'

નામ પીતાંબર હોવા છતાં બગલાની પાંખ જેવો ઊજળો ખાદીનો ઝભ્ભો, ધોતિયું ને બંડી તે પહેરે છે. આથી કેટલાક લોકો તેમને શ્વેતાંબર પણ કહે છે. તેમના મિત્રો ખાનગીમાં તેમને 'સેવકરામ' તરીકે ઓળખે છે. 'સેવકરામ'નું સંબોધન સાંભળીને તે રાજી પણ થાય છે. તે પ્રામાણિકપણે સ-કામ ભક્તિમાં માને છે. નિષ્કામ ભક્તિમાં તેમને રસ નથી. હોદ્દો મળતો હોય તો જ તે કામ કરે. ના મળે તો નહિ. પણ જે કામ એ કરશે તે સંપૂર્ણ નિષ્ઠાથી કરવાના. એમાં તે પાછા નહિ પડવાના; કારણ પીતાંબરભાઈ પટેલ છે.

પટેલ અને પાછા મહેસાણાના, ને વળી કડવા. તે સાચેસાચ કડવા પાટીદાર છે. તેમની જીભ પર જો સાકર ભભરાવવામાં આવે તો કદાચ સાકર પણ કડવી થઈ જાય. તેમનામાં બે કુટેવો છે: એક તો સાચું બોલવાની ને બીજી કડવું બોલવાની. 'સત્યં બ્રૂયાત્, પ્રિયં બ્રૂયાત્' એવી સંસ્કૃતમાં ઉક્તિ છે. પણ આ ઉક્તિ તેમના સુધી પહોંચી નહિ હોય કે ગમે તેમ, સત્યને મીઠી રીતે કહેવાનું હોય તો ય તે કડવી ભાષામાં જ કહેવાના. સ્યુગર કોટેડ સત્ય પોતાનો અસલી રણકો ગુમાવી દે છે એવું તે માનતા હોવા જોઈએ.

ગાંધીજીએ માત્ર સત્ય બોલવાની જ ટેક લીધેલી. પણ આપણા આ પીતાંબરભાઈ તો સત્ય હોય એ બધું જ બોલી નાખે છે-પ્રસ્તુત, અપ્રસ્તુત જોયા વગર બેધડકપણે કહી નાખે છે. પેટલીકર ને પીતાંબરમાં આ જ એક મોટો તફાવત છે. સત્ય પારખવાની નજર બન્ને પાસે હોવા છતાં જરૂરી ના હોય એવું સત્ય પેટલીકર ગળી જાય છે. ગળું સાંકડું હોવાને કારણે પીતાંબર તે ગળી શકતા નથી. પેટલીકર પરનો લેખ આ શ્રેણીમાં લખ્યો તેમાં મેં નોંધેલું કે પેટલીકર સત્ય બોલે છે, પણ સત્ય હોય એ બધું જ બોલવાનો ઈજારો પીતાંબર પટેલે રાખ્યો છે. મારું એ વિધાન પીતાંબરને પસંદ નો'તું પડયું. પણ હમણાં મળ્યા ત્યારે બોલેલા: 'વિનોદ, આજે ઓગણસાઠ વરસની ઉંમરે ખયાલ આવ્યો છે કે સત્યથી વધારે નુકસાન થાય છે.'

સાચાબોલાપણા માટે પીતાંબરે ઘણું સહન કર્યું છે. તે બધેથી પાછા પડયા છે. ઈ. ૧૯૬૪ની સાલમાં તે પંચાયતની ચૂંટણી લડયા, જીત્યા. તેમની ઇચ્છા (રાધર મહેચ્છા) શિક્ષણ સમિતિના ચેરમૅન બનવાની હતી. તેમનો સ્વભાવ આડો આવ્યો. તેમને બદલે સંકર ચાર કપાસ ઉગાડનાર એક ખેડૂતને એ સ્થાન મળ્યું. ઈ. ૧૯૭૬માં ય એ ઇતિહાસનું પુનરાવર્તન થયું. પોતે જીતશે તો શિક્ષણ સમિતિના ચેરમૅન બનાવવામાં આવશે એ શરતે જ તે ચૂંટણી લડયા. જીત્યા. પણ આ વખતે કરિયાણાના એક વેપારીને શિક્ષણ સમિતિના અધ્યક્ષનો હોદ્દો મળ્યો. રાજકારણમાં 'યસમૅન' જોઇએ. પીતાંબર ઇચ્છે તો યે 'યસમૅન' થઈ શકે નહિ. ખુશામતખોર, હાજી હા કરવાવાળા ને એકબીજાના ટાંટિયા ખેંચવાવાળાઓ જ રાજકારણમાં ફાવતા હોય છે એની પીતાંબરભાઇને ખબર છે. પૉલિટિશિયનો, પેલા ટ્રેઈનમાં ચડી બેઠેલા મુસાફરોની જેમ, પી. પ.ને 'આગળ જાઓ, આ ડબ્બામાં જગ્યા નથી' એવું કહીને ટાળવા પ્રયત્ન કરે છે એ ય તે જાણે છે. છતાં પી.ભાઈ અગાઉ કરતાં ય વધારે જોરસાથી—સક્રિયપણે રાજકારણમાં ઘૂસવા મથે છે, અને મોરારજીભાઈ જેવા ચોખ્ખા માણસ વડાપ્રધાન થયાથી તેમની શ્રદ્ધા ઘણી વધી ગઈ છે.

કેવળ રાજકારણવાળા જ નહિ, સાહિત્યમાં પડેલા પણ પી. પ.ની સત્યપ્રિયતા ચલાવી લેતા નથી. ઈ. ૧૯૫૬માં તે ઑલ ઇંડિયા રેડિયો અમદાવાદમાં દાખલ થયા—ત્રણ વરસના કૉન્ટ્રેક્ટથી. ચન્દ્રવદન મહેતાનું નાટક, 'માઝમરાત' અમદાવાદમાં ભજવાયું ઈ. ૧૯૫૮માં. 'ગુજરાત

સમાચાર'માં પી.ભાઇએ આ નાટકનો કડક રિવ્યૂ લખ્યો. સી. સી. ખિજવાઈ ગયા. તેમણે ઑલ ઇંડિયા રેડિયો દિલ્હીને લખ્યું. ફરિયાદના લહેજામાં. પરિણામે પી. પ.ની બદલી રાજકોટ કરી દેવામાં આવી. અને પીતાંબરભાઈએ રાજીનામું આપી દીધું.

પી.ભાઈ નાટકનો જીવ છે. ઘણાં વર્ષોથી તે એકસરખા ઉત્સાહપૂર્વક નાટકોનાં અવલોકનો લખે છે. તેમની કલમ પણ જીભ જેવી જ આખાબોલી છે. પણ જીભની સરખામણીમાં કલમ વડે તેમણે વધારે દુશ્મનો ઊભા કર્યા છે. વચ્ચે ગુજરાતમાં પૂર આવેલું. (કે પછી દુષ્કાળ પડેલો, બરાબર યાદ નથી). કલાકારોએ પોતાનાં નાટક ભજવીને એ માટે ફંડ ઊભું કરવાનું નક્કી કર્યું. આ જાહેરાતની પ્રસિદ્ધિ થતાં પી.એ તરત જ પોતાની કૉલમમાં લખ્યું: 'ઘસાઈ ગએલા ફુણિયા જેવા અમદાવાદના કલાકારો છે (ખરેખર તો તેમણે 'રૂપિયા' લખેલું, પણ તેમના અક્ષર ખરાબ હોવાને લીધે કમ્પોઝિટર 'ફુણિયા' સમજેલો.) એમના નામ પર કોણ પૈસા ખરચીને ટિકિટ લેશે?...' કલાકારો તેમના પર ગરમ લાલ જેવા થઈ ગયા. તેમને 'કલા-શત્રુ'નું બિરુદ આપવામાં આવ્યું. આવા કલાવિહીન આત્માને સંગીત-નૃત્ય નાટક અકાદમીમાંથી બરતરફ કરવાની કલાકારોએ માગણી કરી. મૃણાલિનીબેને પી. પ.ને સમજાવ્યા. કલાકારોને આઘાત પહોંચાડતું નિવેદન કરવા બદલ કલાકારોની માફી માગવા જણાવ્યું. પી. એ માફી ના માગી. ઉપરથી કહ્યું: 'જેના નામ પર લોકો પૈસા ફેંકે એવા ચળકાટવાળો એક કલાકાર તો તમે મને બતાવો!' તેમની કડક સમીક્ષાને કારણે કેટલીક સંસ્થાઓ તેમને કૉમ્પ્લીમેન્ટરી પાસ નથી આપતી. એ નાટકો તેમને પૈસા ખરચીને જોવાં પડે છે—સમીક્ષા લખવા માટે. એમ કરતાં પોતાના પૈસા પડી જાય એનો તેમને અફસોસ નથી. પણ પ્રેક્ષકોના પૈસા પડી જાય એ પોતે સહી શકતા નથી.

મારી નજરે પી. પ. પોતાના અભિપ્રાયમાં પ્રામાણિક છે. પોતે પ્રામાણિકપણે જે માને છે તે જ તેઓ લખે છે. તેમની ઑનેસ્ટી બીયૉન્ડ ડાઉટ છે. હા નાટક વિષેની તેમની સમજ વિષે કોઈ શંકા કરી શકે. ઘણા કરે છે ય ખરા. પી. પ.ની સમજ માટે એ લોકોનો અભિપ્રાય બહુ ઊંચો નથી. એ લોકોની દૃષ્ટિએ પી. પ. ભવાઈના માણસ છે. ભવાઈથી આગળ તે નથી વધ્યા. એ ગમે તે હોય, પણ નાટ્ય-વિવેચનની બાબત તે તટસ્થતા ધરાવે છે. કોઈની તરફદારી કરતા નથી. તેમના અંતરંગ મિત્ર પન્નાલાલ પટેલના એડૉપ્ટેડ નાટક, 'ચાંદો શેં શામળો' તેમને નો'તું ગમ્યું. લાગ્યું એવું લખ્યું. મિત્ર નારાજ થઈ ગયા. લગભગ છ માસ જેટલો સમય સંબંધોને રેણ કરવામાં લાગેલો.

અગાઉ પણ આવા જ એક કારણસર પન્નાલાલનો રોષ તેમણે વહોરી લીધેલો. વાત જાણે એવી બનેલી કે 'આરામ'ના દિવાળી અંક માટે પન્નાલાલે એક વાર્તા મોકલી. પી.ભાઈ 'આરામ'ના સંપાદક. પણ એમનો એક પગ અમદાવાદમાં ને બીજો મહેસાણામાં હોય છે. મહેસાણા જવાની ઉતાવળમાં પન્નાલાલની વાર્તા વાંચ્યા વગર જ તેમણે કમ્પોઝમાં મોકલી આપી. એમ વિચારીને કે પન્નાલાલની વાર્તામાં જોવાપણું શું હોય? વાર્તા છપાઈ ગઈ ને વાચકોના પત્રો 'આરામ' પર આવ્યા: આ વાર્તા અશ્લીલ છે.'—પત્રો વાંચ્યા પછી પી. એ વાર્તા વાંચી એટલે એમને ય તે અશ્લીલ લાગી. બીજા અંકમાં તેમણે ખુલાસો છાપ્યો: 'હું ગામડે જવાની ઉતાવળમાં હતો એટલે પન્નાલાલની વાર્તા વાંચી શકેલો નહિ. વાર્તા સાચે જ અશ્લીલ છે. આવી વાર્તા છાપવા બદલ દિલગીર છું.' ને પન્નાલાલ પી. પ. ઉપર ગુસ્સે થઇ ગયા; 'ભલા માણસ! તમારે તો મારી વાર્તાનો બચાવ કરવો જોઈએ; એને બદલે તમે જ ઉપરથી અશ્લીલ કહો છો...શું અશ્લીલ છે આ વાર્તામાં!' પન્નાભાઇનો ગુસ્સો ઉલેચતાં પી. પ.ને ભારે શ્રમ કરવો પડેલો.

એક વાર ઉમાકાન્તને ય તેમની કોઈ વાત પર માઠું લાગી ગએલું. પી.-ભાઇને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે એ બોલ્યા; 'એમાં ખોટું લગાડવા જેવું શું હતું?' એમને મન, પોતે ક્યારે ય કોઈને ખોટું લાગે એવું બોલતા નથી. ઉમાકાન્તને તેમણે જે કહ્યું એ જ વાક્ય ઉમાકાન્તે તેમને કહ્યું હોય તો એ કદાચ માઠું ના પણ લગાડે...મિત્રો પૂરતી તો જાડી ચામડી રાખવી જ જોઇએ.

પી. પ.ને ઓળખનારા તેમનો આ સ્વભાવ જાણે છે. આ ભડભડિયા પટેલ શું બોલે છે તેની એને પોતાને જ કેટલીક વાર તો ખબર નથી હોતી. પણ એ 'બોલે' છે એટલું જ;—'હી ડઝ નૉટ મીન ઈટ' (એનો અર્થ એવો નથી કે શબ્દોના અર્થ તે જાણતા નથી.) મિત્રો તેમની વાતને બહુ ગંભીરપણે લેતા નથી. દોસ્તો તેમની વાતનો મર્મ જ પકડે છે. તેમની ભાષા તરફ કોઈ ઝાઝું લક્ષ નથી આપતું.

હીરાબહેન પાઠકના મને તો પી.ભાઈ હજુ બાર વર્ષના બાળક જ છે. તે બાળક હોય એ રીતે જ હીરાબહેન તેમની સાથે વર્તે છે. (નો કૉમેન્ટ્સ) પી.ભાઈ પાઠકસાહેબના શિષ્ય હતા એટલે ગુરુ પત્નીને દાવે હીરાબહેન તેમને બાળક ગણે એ સામે પી.ભાઇને વાંધો ય નથી. પણ વર્ષોથી બાર વર્ષનો બાબો જ ગણે એ વાત તેમને પસંદ નથી. પી. ભાઈ હીરાબહેનને ઘણી વાર વીનવે છે. 'હીરાબહેન! કૃપા કરીને મને બે વર્ષનું પ્રમોશન આપો. બારના ચૌદ વર્ષ તો કરી આપો! ક્યાં સુધી બારનો રાખશો?'... ત્યારે હીરાબહેન કહી દે છે: 'એવું લાગશે ત્યારે તમને પૂછ્યા વગર તમારી ઉમર વધારી દઈશ.'

હીરાબહેન જેને બાળક ગણે છે એવા પી. પ.થી તો ઉમાશંકર જેવા ય ડરે છે. ઉમાશંકર ક્યારેક મજાકમાં કહે છે ય ખરા, 'મને, ભાઈસા'બ, પીતાંબરની ઘણી બીક લાગે છે.' સાચી વાત છે. ખરી વાત માટે તો પી. પ. ઉમાશંકરની પણ શરમ ભરે નહિ. તેમને ય કહેવાનું મોઢામોઢ કહી દે. વચ્ચે એકવાર ઉમાશંકર લોકસભાની ચૂંટણી લડવા તૈયાર થઈ ગએલા. ઇન્ડિકેટવાળા તેમને ટિકિટ આપતા'તા. જેનો સ્વીકાર કરવાનું ઉમાશંકરે નક્કી ય કરેલું, મનોમન. આ વાતની જાણ થતાં પી.ભાઇએ તેમને નિઃસંકોચપણે કહી દીધું: 'તમે સોનાના સાઠ કરવા ક્યાં નીકળ્યા? રાજસભાના તમે સન્માનીત સભ્ય છો. તેનાથી એક પગથિયું નીચે ઊતરીને લોકો પાસે તમે મતો ઉઘરાવવા નીકળશો? આ કાદવમાં તમારે નથી પડવાનું, સમજ્યા?' ઉમાશંકર તરફના પ્રેમ ને આદરને કારણે જ તે આજ્ઞાર્થવાચક ભાષા વાપરે છે એની ઉમાશંકરને ય જાણ છે.

પી. પ.ની બીજી મુશ્કેલી એ છે કે તે કલાકાર પાસેથી ય સંપૂર્ણ વહેવારિયા માણસના ગુણોની અપેક્ષા રાખે છે. જસવંત ઠાકરને એક કલાકાર તરીકે કે ચન્દ્રવદન મહેતાને અલગારી માણસ તરીકે જોવા જોઇએ. પોતાના ત્રાજવે તોલવા જતા સામેનાને અન્યાય થઈ જાય; ને પોતાના ગજથી પેલો સહેજ પણ ઊણો ઊતરે એટલે પી. પ. દુઃખી થઈ જાય છે.

આને કારણે તેમના ગમા-અણગમા ય ઘણા તીવ્ર છે. તેમને ગમતું કશુંક બને તો પ્રસન્ન થઈ તે મુંડી હલાવે છે; ને તેમને કોઈ માણસ ના ગમે તો એમનો ચહેરો જ ચાડી ખાઈ દે છે. મારી આ લેખમાળામાં પુષ્કર ચંદરવાકરને લીધા છે એ જાણીને તેમનાથી બોલ્યા વગર ના રહેવાયું: 'એ ગાંડિયાને ક્યાં લીધો?' ઇનામ વિતરણની નિર્ણાયક સમિતિમાં તે બેઠા હોય ને કોઈ ખોટા માણસને (એમની દૃષ્ટિએ ખોટા માણસને) ઈનામ મળતું હોય તો તરત જ વિરોધ કરવાના, 'અરે એ તે ક્યાં લેખક છે? એને લખતાં જ ક્યાં આવડે છે?' એ ઈનામ રદ કરાવશે, પણ ભળતા માણસને ઈનામ મળતું અટકાવવા કોશિશ કરવાના ને કરવાના જ,—કોઈ અંગત રાગ-દ્વેષને લીધે નહિ પણ મૂલ્યપ્રતિષ્ઠા માટે. ખોટાં મૂલ્યોને પ્રોત્સાહન મળે એ તે ક્યારે ય સહી શકતા નથી.

ખોટાં મૂલ્યોને પ્રોત્સાહિત કરવામાં આવે તો સમાજને પારાવાર નુકસાન થાય એવું તે દૃઢપણે માને છે.

પી.ભાઈ એમ.એ. છે એ વાત બહુ ઓછા લોકો જાણે છે. અગાઉ ઘણી વાર તે પોતાનાં લખાણોમાં લખી ચૂકયા છે કે, '૧૯૪૨માં એમ.એ. પાસ થઈને હું ગામડે ગયો.' 'ગામડે ગયો' એના કરતાં ય વધારે ભાર તે 'એમ.એ. થઈને' પર મૂકતા. પણ આ વાતમાં હજુ તે કોઈને ય પ્રભાવિત કરી શકયા નથી. વચ્ચે રઘુવીરના કોઈ લેખમાં વાંચેલું કે મૅટ્રિક પાસ થઈને પીતાંબર રેડિયો પર દાખલ થઈ ગયા. એમાં 'મૅટ્રિક પાસ' લખવા પાછળનો રઘુવીરનો આશય ગમે તે હોય, પણ પાછળથી 'એમ. એ. પાસ થઈને' એવો સુધારો થયો એટલે પી. પ. રાજી થઈ ગએલા.

પી.ભાઈ ખેલદિલ ખરા. તેમની મજાક-મશ્કરી કરીએ તો ખુલ્લા મોંએ હસી કાઢે. મારાં લખાણોમાં અગાઉ તેમના વિષે મેં ઘણું લખ્યું છે. દરેક સાહિત્ય પરિષદ કે જ્ઞાનસત્રમાં તેમની અનિવાર્ય હાજરીના સંદર્ભમાં મેં એક લોકકથાનો ઉપયોગ કરેલો. કથા કંઈક આવી હતી: ગામની ભાગોળેથી એક સરકસ પસાર થઈ રહ્યું છે. બાપ ને તેનો પાંચેક વર્ષનો દીકરો ઊભા છે. દીકરાની આંખમાં કુતૂહલ ઊભરાયું છે. પહેલું પાંજરું જોઈને દીકરો બાપને પૂછે છે: 'બાપા, આને શું કહેવાય?'

'બેટા, એ હિપોપોટેમસ છે.'

બીજા પાંજરામાં વાઘ હતો. ત્રીજામાં સિંહ. ચોથામાં ઉરાંગ-ઉટાંગ પાંચમામાં ચિંપાન્ઝી વગેરે. પછી એક પાંજરા તરફ આંગળી ચીંધતાં બેટાએ બાપને પૂછ્યું: 'બાપા, આ શું છે?' બાપે ય આ જાનવર પહેલી જ વાર જોએલું. તેણે માથું ખજવાળીને જવાબ આપ્યો; 'બેટા, આવામાં તો આવું જ હોય...' આ ટકોર વાંચીને પીતાંબરે હસીને મને કહેલું: 'સાચી વાત છે. આ જાનવરને હજુ કોઈ ઓળખી જ નથી શકયું...'

પી. પ.માં દંભનો છાંટો યે નથી. પોતે શું છે એની તેમને પૂરેપૂરી ખબર છે. એક વાર તેમને મેં પૂછ્યું; 'ગુજરાતી સાહિત્ય પરિષદના તમે આજીવન મંત્રી જ રહેવા માગો છો?' 'હા.'

'પ્રમુખ થવાની ઇચ્છા નથી?' 'ના...' 'કેમ?'

'એમાં તો ભાઈ, વિદ્વાનનું કામ. મારી સાહિત્યિક ગુણવત્તા એટલી ઊંચી નહિ.' પછી કહે: 'મારા પન્નાલાલ ને પેટલીકરમાં સૌથી મોટા પન્નાલાલ: ઉંમરમાં ને સાહિત્યમાં પણ; પછી આવે પેટલીકર ને છેલ્લો હું.'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૭૮

અલ્સર

મોં, અન્નનળી, હોજરી અને આંતરડાનો અંદરનો ભાગ, એટલે કે શરીરના પાચનતંત્રની અંદરની દીવાલ ખૂબ કોમળ હોય છે. પેટમાં બગાડ કે અપચન હોય ત્યારે મોંમાં ચાંદાં પડી મોં આવી જાય છે. પેટની ગરમી છેક મોં સુધી અસર કરી ત્યાં ચાંદાં કરે છે તો જો ગરમ અને પિત્તવર્ધક આહારનું નિરંતર સેવન કરવામાં આવે તો હોજરી કે આંતરડામાં ચાંદાં પડી જાય તેમાં નવાઈ નહિ. આ ચાંદાને 'અલ્સર' કહે છે.

વધુ પડતા તીખા, ખાટા, ગરમ, તીક્ષ્ણ, મસાલાવાળા, ઉત્તેજક પદાર્થો ખાવાપીવામાં આવે તો પિત્ત પ્રકોપે છે. પરિણામે હોજરીમાં કે આંતરડામાં વધુ પાચક સ્રાવો ઝરે છે. વળી, મરડો, અમ્લપિત્ત, (ઍસિડીટી), અજીર્ણ વગેરેમાં પૂરી કાળજી ન લેવાય અને ઉપર કહ્યો તેવો ખોરાક સતત લેવાતો રહે તો ચાંદાં પડી જાય છે.

અલ્સર થવાથી પેટમાં સતત વેદના અને બળતરા થાય છે. ખાસ કરીને જમ્યા પછી તે અલ્સર પર ખોરાક ઘસાવાથી પીડા વધી જાય છે. પાચનતંત્ર અને અગ્નિ નબળાં પડે છે. રોગી સુકાતો અને ઘસાતો જાય છે.

રોગોત્પાદક આહારવિહાર બંધ કરી શીતળ અને ક્ષામક આહાર, વિહાર અને ઔષધનું સેવન કરવામાં આવે તો શસ્ત્રકર્મથી બચી જવાય છે. ચાંદાં ઉપર ખોરાક ન ઘસાય અને ચાંદાં જલદી રૂઝાઈ જાય તે માટે ઘી જેવા ચીકણા પદાર્થોનું પડ ચાંદાં ઉપર કરવું જોઈએ. આમાં પટોલાદિ ઘૃત ઉત્તમ છે. બકરીનું દૂધ પણ ઉત્તમ છે. શતાવરીક્ષીરપાક નિયમિત લેવો જોઈએ. અમ્લારિ ટૅબ્લેટ પણ રામબાણ છે. ઉપરાંત જેઠીમધ, કામદૂધા રસ, શતશેખર રસ, પ્રવાહી પંચામૃત, ત્રિફલા ચૂર્ણ વગેરેનું પણ સેવન કરી શકાય.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પી.ભાઈમાં બે પીતાંબર પટેલ પડેલા છે. સાહિત્યકાર પીતાંબર ને માનવ પીતાંબર. આ બેમાંથી કયા પીતાંબર મોટા એવું કોઈ મને પૂછે તો કહી દઉં કે માનવ તરીકે તે વધારે મોટા છે. છે જ... □

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃષ્ઠ ૨૨૦થી

બીલઝેબલના મનમાં સર્વશક્તિમાન ઈશ્વર સામે યુદ્ધમાં વિજયપ્રાપ્ત કરવા અંગે શંકા છે, પણ સેતાન પૂરેપૂરી ખુમારીથી અને વાગ્મિતાથી તથા પૂર્ણ આત્મવિશ્વાસથી તેના ચિત્તની આશંકાઓ દૂર કરે છે—હારીશું તો દોજખમાં રાજ્ય ભોગવીશું, અને સ્વર્ગમાં ઈશ્વરની ગુલામી કરતાં નર્કનું આધિપત્ય શું ખોટું?

To reign is worth ambition, though in Hell
Better to reign in Hell then serve in Heaven.

સેતાન અને બીલઝેબલ એમની મંત્રણા પૂરી કરીને શારીરિક ને માનસિક યાતનામાં સબડતા, પોતાના અનુયાયીઓને જાગ્રત કરે છે. સેતાન કુશળ વક્તાની છટાથી તેમની સમક્ષ ઉદ્‌બોધન કરી તેમને સર્જનહાર સામેના સંગ્રામમાં ફરી કટિબદ્ધ થવા પ્રેરે છે. સેતાનની વાણીના પડઘા આખા દોજખમાં ગાજી ઊઠે છે—

'Princes, Potentates,
Warriors, the flower of Heaven, once yours, now lost.

એમ ધીમેધીમે તે અનુયાયીઓમાં નવી ચેતના ફૂંકે છે. એમનામાં નવી આશા – નવો ઉત્સાહ જાગ્રત કરે છે. એના વક્તવ્યનો મુખ્ય સૂર અનુયાયીઓને વશ કરી દે છે—

Awake, arise, or be for ever fallen!

(ચાલુ)

૮૦મી મેઘાણી-જયંતીએ લેખકના પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ'ની સુશોભિત આવૃત્તિ

ઝવેરચંદ મેઘાણીની ૮૦મી જયંતી તા. ૧૭-૮-૭૭ના રોજ આવે છે. તેની ઉજવણી રૂપે, તેમના સહુથી પ્રથમ પુસ્તક 'કુરબાનીની કથાઓ'ની સુશોભિત આવૃત્તિનું પ્રકાશન તે દિવસે લોકમિલાપ ટ્રસ્ટ તરફથી થશે. આ સુશોભિત આવૃત્તિની કિંમત બજાર ભાવે રૂ. ચાર થાય પરંતુ મેઘાણી જયંતી નિમિત્તે માત્ર રૂ. બે રહેશે. ૧૦ અથવા વધુ નકલ મગાવનારને તે પુસ્તક રૂ. ૧-૫૦માં મળશે ને ૧૦૦થી વધુ નકલ મગાવનારને ફક્ત એક રૂપિયામાં મળશે. છૂટક કે જથ્થાબંધ કિંમતોમાં ટપાલ રવાનગીનો ખરચ પણ આવી જાય છે. આ ઘટાડેલી કિંમતોનો લાભ લેવા માટે વાચકોએ પ્રકાશન પૂર્વે આગોતરી રકમ ભરવાની જરૂર નથી. પોતાને જોઈતી વધુ નકલો મેળવવા માટે તરત જ લખો: લોકમિલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર-૧

કલાવાર્તા

અમેરિકન કળાની બે સદી

અમેરિકાની ચિત્રકળાનાં છેલ્લી બે સદીનાં વિકાસ વલણો પ્રકટ કરતાં પચાસ ચિત્રોનું એક પ્રદર્શન થોડા સમય પર કલકત્તા આર્ટ સોસાએટીના ઉપક્રમે ભારતમાં રજૂ થયું. વ્યાવસાયિક છબિચિત્રોથી માંડી અદ્યતન અમૂર્ત કળા સુધીનાં એનાં વિવિધ સ્વરૂપો અને વિકાસનો ખયાલ એમાંથી મળે છે. કલાવિવેચક રિચાર્ડ બાર્થેલિગ્યુએ 'સ્પૅન' માસિકમાં આપેલી એની પરિચયાત્મક રૂપરેખામાંથી કરેલી આછી તારવણી અહીં આપી છે.


સત્તરમી સદીમાં અમેરિકા આવેલા વસાહતીઓમાં ગણતરી પૂરતા જ થોડા વ્યાવસાયિક ચિત્રકારો હતા. ને તેઓનું કામ પણ મોટે ભાગે દુકાનોનાં પાટિયાં, રાચરચીલાંની શોભા અને વાહનો પરનાં ચિતરામણમાં જ પૂરું થઈ જતું. પણ એ સદીના મધ્ય ગાળામાં કેટલાક સાહસિક ચિત્રકારોએ ધંધાદારી રીતે લલિત ચિત્રો કરવાનો આરંભ કર્યો. એ કાળમાં થએલાં કેટલાંક છબિચિત્રો નોંધનીય છે.

પણ અમેરિકામાં સ્થાયી થઈ ચિત્રવ્યવસાય અપનાવનાર જ્હૉન સ્મિબર્ટ પ્રથમ કક્ષાનું ચિત્રસર્જન કરવા ઉપરાંત એક ચિત્રશાળા પણ ખોલી હતી. વળી એણે ઉમદા ચિત્રોનો સંગ્રહ પણ કર્યો હતો. જેને કદાચ અમેરિકાનું સૌ પ્રથમ ચિત્રસંગ્રહાલય કહી શકાય.

જ્હૉન સિંગલટન કૉપલે અને બૅન્જામિન વેસ્ટ પણ અમેરિકાના અગ્રગણ્ય ચિત્રકારો. કૉપલેએ સ્મિબર્ટ સાથે કલાશિક્ષણ લીધેલું, પણ પછી વેસ્ટે પાછળથી લંડનમાં સ્થાયી થઈ સારી નામના મેળવેલી. ત્યાંથી રૉયલ ઍકેડેમીની ફૅલોશિપ પણ તેને મળેલી. અમેરિકામાં રંગદર્શી ઐતિહાસિક પ્રસંગો ચીતરી તેણે નામના મેળવી. કૉપલે છબિચિત્રો માટે ખ્યાત થયો. બંનેની કૃતિઓમાંથી ત્યારના અમેરિકન જીવનની લાક્ષણિકતા ડોકાય છે.

અઢારમી અને ઓગણીસમી સદીના સંધિકાળમાં અમેરિકાની પરંપરા યુરોપની રંગદર્શી પરંપરા સાથે જોડાએલી હતી. દરિયાપારનો યુરોપીય પ્રભાવ હજી અમેરિકન જીવનમાં ટકી રહ્યો હતો, છતાં જીવન જીવવાની રીતિમાં ને અમેરિકાની પરિસ્થિતિમાંથી મળતાં આહ્વાનોએ એમાં નવી વ્યાવહારિક દૃષ્ટિનું ઉમેરણ કર્યું. ઓગણીસમી સદીની મધ્યમાં વધતા જતા ઉદ્યોગીકરણે ત્યાંના કલાકારોને પણ વધુ ને વધુ ઊંડી આત્મખોજ કરવા પ્રેર્યા. જ્યૉર્જ બિંગહૅમ, આલ્બર્ટ બીઅરસ્ટૅડ, વિન્સ્લો હૉમર, જ્હૉન મૅરિન વગેરે કલાકારોની કૃતિઓમાં એનું પરિણામ પ્રકટ થવા લાગ્યું. જે. સી. બિંગહૅમના ચિત્રોમાં સુંદર સંયોજના સાથે કથનાત્મક આલેખનની સિદ્ધિ જોવા મળી. એડવર્ડ હિકસનાં વન્ય સૃષ્ટિનાં ચિત્રોમાં વળી અનોખી કલાશક્તિ પ્રકટ થઈ. એનાં ચિત્રો કદમાં નાનાં છતાં વિશાળ ભીંતચિત્રોની સમકક્ષ સુંદર રજૂઆત સાથે અજબ કલ્પનાશક્તિ દર્શાવે છે. વનસૃષ્ટિનું એનું આલેખન કાવ્યાત્મક નજાકતવાળું લાગે છે.


▽ ઓરેગૉનના માર્ગે (ચિત્રકાર: આલ્બર્ટ જે. બીઅરસ્ટૅડ): વ્યાવસાયિક વર્તુળ વળોટીને જ્યારે અમેરિકાની કલાએ લલિતક્ષેત્રમાં પ્રવેશ કર્યો ત્યારે યે તેના નિરૂપણમાં યુરોપની કલાશૈલીનો પ્રભાવ તો હતો જ, પણ એ સમયે જેમ રાષ્ટ્રજીવનમાં તેમ કલાક્ષેત્રમાં યે અમેરિકાના તત્કાલીન જીવનનું જે આગવું પ્રતિબિંબ પ્રકટ થવા લાગ્યું હતું તેનું આ એક ઉદાહરણ છે. અજાણ ભોમકામાં વસવાટ કરવા જઈ રહેલા વસાહતીઓની વણઝારના ચિત્રમાં આ ભવિષ્ય પ્રતિ આશાભરી મીટ માંડી રહેલા અમેરિકાનું દર્શન છે.



અમેરિકાના આદિવાસી રેડ ઇન્ડિયનોનાં તો સંખ્યાબંધ ચિત્રો થયાં જેમાં કૅટલિન નિ-ષ્ણાત જેવો હતો. એ તો રેડ ઇન્ડિયનોની વચ્ચે જઇને રહેતો. એમની ભાષા પણ એ બોલી શકતો. એની કૃતિઓનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું છે. આ જ રીતે હબસીઓનાં પણ ઘણાં ચિત્રો થયાં જેમાં ટૅનર અને એકિન્સની કૃતિઓનું કલામૂલ્ય ઊંચું છે.

દશ્યચિત્રોમાં હડસન નદીનાં દશ્યોનું આ-કર્ષણ તો લગભગ એક સદી સુધી રહ્યું. અનેક ચિત્રકારોએ પોતાનું કૌશલ તેમાં પ્રકટાવ્યું છે.

આવી કાવ્યાત્મકતાની વચ્ચે ગ્રાન્ટ વુડની સાદગીભરી સંયોજના ને લાઘવતા ખાસ ધ્યાન ખેંચે છે. એનું એક રંગીન ચિત્ર આ અંકમાં આપ્યું છે. એની તાદશ રજૂઆતમાં ઘણું ઓછું બતાવ્યા છતાં ઘણું જ કહ્યાનો ભાવ છે. ભલે નગ્ન છતાં જીવનનું આગવું ગૌરવ એણે એમાં સ્થાપ્યું છે. ચિત્રવિષયથી લક્ષ દૂર લઈ જાય એવું એમાં કશું જણાતું નથી. એનું એક બીજું ચિત્ર આ અંકના પૂઠા પર છે. સ્વપ્નમાં જોવા મળે એવી એની રજૂઆતમાં ગોળમટોળ આકારો ને સરળ વળાંકો દ્વારા એણે તાલ-બદ્ધતા પ્રકટાવી છે. યુરોપની પ્રસ્થાપિત કલા-શૈલિનું અનુસરણ કરવામાંથી મુક્ત બની અમે-રિકાની આગવી અસ્મિતા સ્થાપવાના પ્ર-યાસોનું એ પરિણામ છે.



દરિયાનું મોજું : ચિત્રકાર : એડવર્ડ હોપર. એનાં ચિત્રોમાં સમૃદ્ધ રંગછટાઓ જોવા મળે છે. પ્રકૃતિ સાથેના પોતાના તાદાત્મ્યને જો પ્રકટ કરી ન શકે તો ચિત્રકારનું સર્જન એ માત્ર એક કસરત જેવું બની રહે છે એમ હોપરનું માનવું હતું. એનું કલાસર્જન આત્મખોજ સમું બની રહેલું. ફ્રાંસ કે અમેરિકાની તે કાળે એટલે કે આ સદીના ચોથા દાયકાના ઉત્તર કાળે પ્રચલિત ફ્રેન્ચ કે અમેરિકન કલાશૈલીને એણે અપનાવી નહોતી. એની દષ્ટિ અને દર્શન સાથેસાથે વિકાસ પામતાં ગયાં. એમાં ધીરો પણ ચોક્કસ વિકાસ જોવા મળે છે. રંગદર્શી અભિગમ અને નાટ્ય-તત્ત્વના બદલે હોપરે દઢ વાસ્તવિકતાની તરફેણ કરી છે. કોણયુક્ત ચિત્રસંયોજનની એને વધુ ફાવટ છે. આ ચિત્રમાં એ જોઈ શકાય છે. આ ઉપરાંત, એની કળા ગતિશીલ ને બળવાન પણ છે, કારણ એ એના કલાવિષયક આગવા વિચાર અને અંગત અનુભૂતિમાંથી વિકાસ પામી છે.

અમેરિકાના જીવનમાં વીસમી સદીમાં આ-વેલા ઝડપી અને ક્રાંતિકારી ફેરફારો વિગતવાર જાણ્યા વિના ત્યાંની કળાને સમજવી મુશ્કેલ છે. અઢારમી સદીમાં કૉપલે અને વેસ્ટ જેમ યુરોપની કલાયાત્રાએ ગએલા તેમ વીસમી સદી-માં યે અમેરિકન કલાકારોએ પારી(સ) જઈ કલા ને કલાકૃતિઓનો અભ્યાસ કર્યો. ઓગ-ણીસમી સદીની અમેરિકન કલાના પ્રવાહમાં એમણે યુરોપીય કલાનાં વહેણને ભેળ્યાં. ઈ. ૧૯૧૩માં ન્યૂ યૉર્કમાં યોજાએલા 'આર્મરી શો' નામક ત્યારની કળાના એક મોટા પ્રદ-ર્શનમાં એનું પરિણામ સ્પષ્ટ થયું. આલ્ફ્રેડ સ્ટૅગલિટ્ઝે એને માટે ભૂમિકા રચેલી. અને આર્થર ડૅવિઅસ તથા વિલિયમ ગ્લૅકન્સ ના-મના બે કલાકારોએ એનું આયોજન કરેલું, એમાં અમેરિકાની આગવી પ્રતિભા તથા યુરોપની સિદ્ધિઓને એક સાથે રજૂ કરવાનો હેતુ હતો. યુરોપનાં સેઝાં, રૂસો, પિકાસો, માતિસ, પિકાબિયા, બ્રાંકુસી વગેરે જેવા ખ્યાતનામ કલાકારોની ૪૦૦ જેટલી કૃતિઓ, તો બીજી બાજુ ૧૨૦૦ જેટલી અમેરિકન કૃતિ-ઓ એમાં એક સાથે જોવા મળી. સમકાલીન (કૉન્ટેમ્પરરી) અને મૉડર્ન કલાની ભિન્નતા તેમાં સ્પષ્ટપણે પ્રકટ થઈ. આ પ્રદર્શનની અઢી લાખ જેટલી ટિકિટો વેચાએલી અને વગર ટિકિટે જોનારો વર્ગ પણ એટલો જ મોટો હતો.

આ પછી ધીરે ધીરે કલા-સંગ્રહસ્થાનોમાં 'આવાં-ગાર્ડ' તિઓ પણ સંઘરાવા લાગી. મૉડર્ન આર્ટમાં પણ કંઈક તથ્ય છે એમ સ્વી-કારાવા લાગ્યું. કલાવિધિઓમાં આધુનિક કૃતિ-ઓ દેખાવા લાગી. અનેક અલ્પ પ્રસિદ્ધ કલા-કારોની નામના બંધાવા લાગી. કલાનાં નવાં 'ઈઝમો'નો પ્રસાર વધવા લાગ્યો. બીજા વિશ્વ-યુદ્ધ દરમિયાન અને તે પછી અનેક યુરોપીય કલાકારોએ અમેરિકામાં સ્થાયી થવા સાથે પોતાને ત્યાંનાં નવાં કલાતત્ત્વો પણ આણ્યાં. અમેરિકાએ એ બધાં તત્ત્વોને પોતાની આગવી રીતે અપનાવ્યાં ને વિકસાવ્યાં. આર્મરી શો પહેલાં અમેરિકનો યુરોપની કલાકૃતિઓ સંઘ-રતા, જેમાં અમેરિકનપણું નહોતું, પણ તે પછી અમેરિકન કળાએ દુનિયાના નકશા પર પોતાનું આગવું સ્થાન સ્થાપ્યું. પૉપ આર્ટ, ઑપ આર્ટ, ઍસેમ્બલેજ, અર્થવર્ક્સ, નીઓ-ડાડા વગેરે નવતર શૈલીઓનાં નામ રમતાં થયાં. પારી(સ)-ની કલા સામે અમેરિકન કલા ટક્કર લેવા લાગી. હવે યુરોપના કલાસંગ્રહોમાં અમેરિકન કલા-કૃતિઓને પણ સ્થાન મળવા લાગ્યું.

આમ, યુરોપની કલાથી પોષાયા છતાં ધીરે-ધીરે અન્ય અનેક ક્ષેત્રોની પેઠે અમેરિકાની કલાએ પોતાની આગવી અસ્મિતા વિકસાવી, જેમાં અમેરિકાનો પોતાનો આત્મા પ્રકટ થતો જણાય છે. (આ અંકમાંનાં બધાં અમેરિકન ચિત્રો SPANના સૌજન્યથી) □

'ગુજપેક્સ-૭૭'

ટિકિટસંગ્રહ

ગયા જૂનની બીજી તારીખથી પાંચ દિવસ માટે અમદાવાદમાં ગુજરાત ફિલાટેલિક એક્ઝિબિશન (૧૯૭૭)-'ગુજપેક્સ-૭૭' યોજાયું. અગાઉ પણ આવાં બે પ્રદર્શનો થએલાં, પણ આ વર્ષનું પ્રદર્શન અત્યાર સુધીમાં આવું સૌથી મોટું પ્રદર્શન હતું. લગભગ ૫૦ હજાર જેટલી વિધવિધ ટિકિટો એમાં રજૂ થઈ હતી. સ્પર્ધાત્મક રજૂઆતમાં ચંદ્રકો અને રોકડ ઈનામો પણ અપાયાં. પ્રદર્શનના પાંચે દિવસ માટે રદીકરણની ખાસ છાપ સાથે ગુજરાતની વિવિધ લાક્ષણિકતા દર્શાવતાં ચિત્રોવાળાં પાંચ ખાસ કવરો પણ બહાર પડેલાં. લોકોએ આ પ્રદર્શનમાં દાખવેલા રસ પરથી આ વ્યાસંગ રાજ્યમાં કેટલો વ્યાપક બન્યો છે તેની પ્રતીતિ મળી. અહીંના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી સૈયદનો એ વ્યાપમાં ઘણો હિસ્સો છે. રાજ્યમાં એમની પ્રેરણાથી અનેક સ્થળે નવી ફિલાટેલિક કલબો સ્થપાઈ છે. પણ એમણે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સહકારથી અહીં ટપાલટિકિટોનું એક કાયમી સંગ્રહસ્થાન પણ આ પ્રદર્શનની સાથે ઊભું કર્યું છે એ કાર્ય ખરેખર આવકાર્ય અને અભિનંદનીય છે. આ પ્રકારનું દેશમાં આ પહેલું જ સંગ્રહસ્થાન છે. સ્વાતંત્ર્યોત્તર ભારતની બધી જ ટપાલટિકિટો અહીં કાયમ જોવા મળશે. સાથે ટિકિટસંગ્રહને લગતું એક પુસ્તકાલય સ્થાપવાની યોજના પણ છે. ¶ બહુરંગી છપાઈની સગવડ થયા પછી ભારતની ટપાલટિકિટોની આકર્ષકતાને એક નવો જ ઓપ મળ્યો. ત્યાર બાદ અવારનવાર વિવિધ નિમિત્તે બહાર પડેલી સુંદર રંગીન ટિકિટોમાં યે ભારતીય લઘુચિત્રો, નૃત્ય શૈલીઓ, પક્ષીઓ, વન્યપ્રાણીઓ અને માઇકેલૅન્જેલોનાં ચિત્રની ટિકિટોએ તો સર્વત્ર અનેરી ચાહના મેળવી છે. છેલ્લે આ માસની પહેલી તારીખે ભારતીય પુષ્પોની સુંદર ટિકિટોએ એમાં નવું ઉમેરણ કર્યું. (જુઓ મથાળે). એના પર મૂલ્યાનુક્રમે કમળ, બુરાંસ, કદમ અને કરિહારીનાં ફૂલોનાં સુંદર ચિત્રો છે. આ માટે એકઠી કરેલી ૩૦૦ જેટલી રંગીન ફોટો ટ્રાન્સપરન્સીમાંથી એની પસંદગી કર્યા બાદ એના પરથી મુંબાઈના ચિત્રકાર જે. પી. ઈરાનીએ ટિકિટની છપાઇને અનુરૂપ બનાવેલાં ડિઝાઇનો પરથી એ તૈયાર થઈ છે. આ મૂળ ડિઝાઇનો પરથી ટપાલખાતાએ એ ચારેનાં મેક્સિમ કાર્ડ પણ બહાર પાડયાં છે. આ નિમિત્તના ફર્સ્ટ ડે કવર ઉપર પણ ગરમાળાનાં ફૂલની સુંદર છબિ આપી છે. ટિકિટો પરનાં કમળ અને કદંબ તો આપણી તરફ જાણીતાં ફૂલ છે. બીજાં બેમાં બુરાંસ હિમાલયના ઉચ્ચ પ્રદેશોમાં થતા એક સદાબહાર વનવૃક્ષનાં ફૂલ છે. નિષ્ણાતો કહે છે કે આ વર્ગ-માં એના લગભગ ૧૧૦થી યે વધુ પ્રકાર છે જેનું રંગવૈવિધ્ય ચિત્તાકર્ષક હોય છે. ટિકિટ પર છે તે એક ફૂલ નહિ, પણ એનું ગુચ્છ છે. દરેક ગુચ્છમાં આવાં વીસેક ફૂલ ખીલે છે. કરિહારી એ ઉષ્ણ-કટિબંધીય એક વેલ છે. અગનજ્વાળા જેવી એનાં ફૂલની પાંખડીની સુંદરતા ટિકિટ પરથી પામી શકાય છે. ¶ આ ઉપરાંત, ગઈ ૨૧મી જૂને ભારતીય રાજ્યસભાની રજતજયંતી નિમિત્તે સંસદ ભવનના એના સભાખંડના ચિત્ર સાથેની એક ખાસ ટિકિટ બહાર પડી છે. બીજી એક ટિકિટ ૫મી જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તની છે. એના પર પ્રદુષિત હવા અને જળથી પૃથ્વીને બચાવી લઈ એના પરની જીવસૃષ્ટિનું સંરક્ષણ કરવા પ્રતિ જાગરૂકતા પ્રકટાવવાનું પ્રતિકાત્મક આલેખન આપ્યું છે. (ટિકિટો મોકલનાર : ડાહ્યાભાઈ પરમાર - અમદાવાદ)











◁ બ્રિટનની બે ખાસ ટિકિટો. પહેલી ટિકિટ કૉમનવેલ્થના રાજકીય વહીવટી વડાઓની તાજેતરમાં ત્યાં યોજાએલી પરિષદ નિમિત્તની છે. જેના પર કૉમનવેલ્થના સભ્ય રાષ્ટ્રોના ઐક્યનું સૂચક આલેખન છે. બીજી ટિકિટ બ્રિટનનાં રાણી ઇલિઝાબેથ બીજાના રાજ્યારોહણની રજતજયંતી નિમિત્તે બહાર પડેલી ચાર ખાસ ટિકિટોમાંની એક છે. મૂલ્ય અને રંગના તફાવત સાથે બાકીની ત્રણે ટિકિટ પણ આવી જ છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી - લંડન)

પચ્ચીસ વર્ષ પહેલાં

જુલાઈ ૧૯૫૨ • સળંગ અંક ૩૪૩

આજે ક્રિકેટ જગતમાં જે ગુજરાતીની બોલબાલા છે, એ અશોક માંકડ 'ચિપ ઑવ ધી ઓલ્ડ બ્લૉક'—શક્તિશાળી પિતાનો પનોતો પુત્ર—છે એ બાબતની ઘણાને જાણ હશે. એના પિતા વિનુ માંકડે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ક્રિકેટ જગતમાં જે ડંકો વગાડેલો તેના ટૂંકા અહેવાલ સાથે આવેલી એમની ટૂંકી જીવનરેખા એ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી ઉતારીએ:

'મૅરૅથૉન માંકડ, ધ મૅગ્નિફિસન્ટ (ક્રીડાંગણનો વીર, ભવ્ય માંકડ)'... 'દુનિયાનો બીજા નંબરનો ઑલરાઉન્ડર'... 'શો અદ્ભુત માનવી છે આ માંકડ! સર્વ કાળના મહાન ક્રિકેટ પટુઓને શોભાવતો'...'ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસનું એક સર્વોત્તમ પ્રકરણ'...'જગતના કોઈ પણ પહેલા અગિયાર "વર્લ્ડ ઇલેવન" ખેલાડીઓમાં નિશ્ચિત સ્થાન કરી ચૂકેલો માંકડ'...'એ અજબ-ક્રિકેટ કલાકારને ઇંગ્લૅંડની આદરભરી સલામ!'

ગઈ તા. ૨૩મી જૂન (૧૯૫૨)ની સવારનાં ઇંગ્લૅંડનાં દૈનિક પત્રો આવી બાખૂબ પ્રશંસાથી હિંદી ક્રિકેટવીર વિનુ માંકડને મોટા અક્ષરે બિરદાવી રહ્યાં હતાં. લૉર્ડ્ઝના વિખ્યાત ક્રીડાંગણ ઉપર, ઇંગ્લૅંડ અને ભારત વચ્ચેની બીજી ટેસ્ટ મૅચમાં જે અદ્ભુત કૌશલ, અણથાક પુરુષાર્થ અને નિશ્ચલ છુટ્ટા હાથની રમતે એણે રમતનું ભાગ્ય ફરકાવ્યું તેના ઉપર ઇંગ્લૅંડની ખેલદિલ પ્રજા વારીવારી ગઈ. એ રમત રમીને તે શમિયાણામાં પાછો ફર્યો ત્યારે એમ. સી. સી.ના બધા ખેલાડીઓએ સામે આવી તેનું સ્વાગત કર્યું—જે વિરલ માન બહુ જ ઓછા ખેલાડીને કોઈ મહાન પ્રસંગે જ મળે છે.



પહેલી ટેસ્ટ મૅચમાં કંગાલ દેખાવ થયા પછી, અનેક આડખીલીઓ બાદ માંકડને રમતમાં ઊતરવા દેવામાં આવ્યો અને એ બીજી ટેસ્ટમાં ભારતને દારુણ પરાજયમાંથી ઉગારવા માટે એણે જે બધી મળીને સાત કલાકની ૭૩ ઓવરની એકધારી અણથાક બોલિંગ નાખી તેમાં એ ક્રિકેટપટુની પ્રચંડ તાકાત જોઈને ઇંગ્લૅંડના પ્રેક્ષકો મોંમાં આંગળાં નાખી ગયા: છેક છેલ્લા દડા સુધી એના ડાબોડી 'સ્પિન' બોલિંગની એ જ એકધારી ચમક, ચાતુરી ને વેગ: લેશ માત્ર થાક નહિ, અથરાપણું નહિ; અરે, ક્રિકેટ કૌશલને બાજુએ રાખીએ તોપણ એટલા સમયનું એવું નિશ્ચલ બોલિંગ એ અદ્ભુત સહનશક્તિ ને પ્રચંડ શરીરબળનું અજોડ ઉદાહરણ હતું. સાથે બૅટિંગમાં પણ એ જ શાંત, નિશ્ચલ પણ અખૂટ ધરબેલી તાકાત વડે બૅટના એ બાદશાહે અવનવા પ્રકારની ફટકાબાજી બોલાવી પોતાના રનનો જુમલો ૧૮૪ને આંકડે પહોંચાડીને, આજ સુધીના ઇતિહાસમાં ઇંગ્લૅંડ સાથેની ટેસ્ટમાં હિંદીએ એકલે હાથે કરેલા વધુમાં વધુ રનનો વિક્રમ સ્થાપ્યો. એ સમગ્રતયા પણ આખી રમતને પોતાના વ્યક્તિત્વથી આવરી લઈને એણે જે ક્રિકેટ-કૌશલ દાખવ્યું તે જોઈને તો એ મૅચ જાણે એકલા માંકડ ને ઇંગ્લૅંડ વચ્ચે જ હોય એમ સૌને લાગ્યું. એ મૅચનું પરિણામ તો, કાળના પ્રવાહમાં, બધાં પરિણામોની પેઠે વિસરાઈ જશે, પણ એ રમત તો 'માંકડ-મૅચ'ને નામે ક્રિકેટના ઇતિહાસમાં અમર રહેશે.

જામનગરના એ જગપ્રસિદ્ધ ખેલાડીનું નાનું જીવનચરિત્ર 'કુમાર'ના ૨૮૫મા અંકમાં આવી ગયું છે. એમનું મૂળ નામ મૂળવંતરાય હેમંતરાય માંકડ. પણ નાનપણના મોસાળના હુલામણા સંબોધન'વિનુ'ને નામે જ એમને ક્રિકેટની કારકિર્દી વરી. ઈ. ૧૯૧૭ની ૧૨મી એપ્રિલે જામનગરમાં એમનો જન્મ થયો. શાળાજીવનમાંથી ક્રિકેટ રમવાની એમણે શરૂઆત કરેલી અને સમસ્ત કાઠિયાવાડ સ્કૂલ્સ ટૂર્નામેન્ટમાં પોતાની શાળાને શિલ્ડ અપાવી એ એમનો પહેલો વિજય. એમાં એમણે જે ચપળતા ને આવડત બતાવ્યાં તેને લીધે તરત એને જામનગર ટીમમાં લેવામાં આવ્યા. જ્યાં પ્રિન્સ દુલીપસિંહજી ને વેન્સલી જેવા ખેલાડીઓ નીચે તે રમતની તાલીમ લેવા સદ્ભાગી થએલા. ઈ. ૧૯૩૭માં એણે પહેલી વાર રણજી ટ્રૉફીમાં ઊતરીને પોતાનું પાણી બતાવ્યું અને તરત તે ચતુરંગી મૅચમાં રમતા થઈ અચૂક બૅટ્સમૅન તરીકે નામના મેળવતા ગયા. ત્યાર પછી એમના 'સ્પિન' બોલિંગની લોકોને જાણ થઈ. લૉર્ડ ટેનીસનની ટીમ સામે ૭ ઇનિંગમાં ૩૭૬ રન કરીને એમણે જેવી પોતાના બૅટિંગની બોલબાલા બોલાવી દીધી; તેવી જ રીતે બોલિંગમાં સરેરાશ ૧૪ રન આપીને ૧૫ વિકેટ લઈ એણે જગતને પોતાના એ ખમીરની પણ ખાતરી કરાવી દીધી. પછી ૧૯૪૬માં ઇંગ્લૅંડના નામી બૅટ્સમેનોને પણ મહાત કરીને સો વિકેટ ને એક હજાર રનનો જુમલો નોંધાવી 'ક્રિકેટ-ડબલ'નું માન મેળવ્યું, એ પછી તો એમનું કૌશલ ઉચ્ચોચ્ચ કીર્તિશિખરનું આરોહણ જ કરતું રહ્યું છે. ઇંગ્લૅંડમાંથી 'વેરીટી' જતાં આજ ડાબોડી બોલર તરીકે તેમની તોલે કોઈ ઊભો ન રહી શકે. તેના આ છેલ્લા વિજય પર બ્રિટિશ પત્રો તેને બિરદાવતાં લખે છે કે 'જગતના સર્વ શ્રેષ્ઠ ઑલરાઉન્ડર ગણાતા, ઑસ્ટ્રેલિયાના કીથ મિલરે પણ કોઈ એક જ મૅચમાં ઑસ્ટ્રેલિયા માટે આટલું કૌશલ નથી દાખવ્યું. જેટલું હિંદ માટે આ ટેસ્ટ મૅચમાં માંકડે બતાવ્યું છે.' રમતની શરૂઆતથી જ એણે જે ફટકાબાજી આદરી હતી એ જોતાં ઇંગ્લૅંડના બોલરો તો તેની સામે જાણે મધ્યમ કોટિના જ લાગતા. સંપૂર્ણ સ્વસ્થતાથી તેણે પોતાનો જુમલો જોતજોતાંમાં ૧૮૪ને આંકડે પહોંચાડી દીધો. આટલા વખતમાં એક છક્કો અને ઓગણીસ ચોક્કા એમણે ફટકારેલા. ઇંગ્લૅન્ડ વિરુદ્ધ હિંદીએ દાખવેલા હજી સુધીના વધુમાં વધુ આંકડાનો ક્રમ પણ વટાવી જઈ એમણે નવો વિક્રમ સ્થાપ્યો, અને રમતથી હાથ ધોઈ બેઠેલી હિંદી ટીમમાં અને સાથોસાથ આખા મેદાનમાં જીવ મૂકી દઈ એમણે નવી ચેતના પસરાવી દીધી.

પહેલી વિકેટમાં જ સદી વટાવી જવા જેવી સરસ શરૂઆત થવા છતાં, અનુગામી બૅટ્સમૅનોએ તો લીડ્સની પહેલી ટેસ્ટમાં જે નિરાશા વર્તાવેલી એ જ રીતે રમીને અહીં પણ અંતે તો ધબડકો જ વાળ્યો. હરેક સારી ક્રિકેટ વખતે જ આપણે દાવ હારી બેઠા. માંકડની આવી અદ્ભુત રમત છતાં, ભારતીય સંઘે વિચાર વગરની ફિલ્ડિંગ વડે જે દડો ગુમાવી તેને લીધે તો હટન ૧૫૦ રન, સિમ્પ્સન ૫૩ ને પીટર ૭૪ રન આપણે કપાળે ચોડી ગયા. કેટલાકે આને આપણી બિનઆવડત ગણાવી, કેટલાકે બિનજવાબદારી ને બેદરકારી લેખવી. તેમાં માંકડની સાતસાત કલાકની અચૂક બોલિંગ અને દુનિયાભરમાં ઊજળી ઊઠેલી તેની ફટકાબાજી પણ શું કરી શકે? ભલે ભારતીય સંઘની હાર થઈ, પરંતુ તેમાં ઝળકી ઊઠેલા વિનુ માંકડના વિજયને તો કોઈ નકારી શકે તેમ નથી.

સાહિત્યસંપર્ક

'બુદ્ધિપૂત સુઘડતા'.

ધીરુ પરીખ

એક કાવ્યસંગ્રહનાં કાવ્યો એક પછી એક વાંચતો જતો, એનું કાંઈક જાંચતો હતો, એ કાવ્યો આસ્વાદતો જતો હતો અને કેમ આસ્વાદું છું તે વિમાસતો જતો હતો. એ સંગ્રહનો પ્રથમ કાવ્યવિભાગ વાંચી બીજા વિભાગમાં પણ અર્ધેથી આગળ નીકળી ગયો હતો...ત્યાં જ 'કાશ્મીરી કવિઓ વચ્ચે' નામક એક કાવ્યમાં બે શબ્દો મારી આંખે અથડાયા : 'બુદ્ધિપૂત સુઘડતા'. મને વાંચેલાં કાવ્યોનો કંઈ તાળો મળતો લાગ્યો. કદાચ આ સંગ્રહનાં અત્યાર સુધી વાંચી ગયો તે કાવ્યોમાં સંવેદના તો ખરી જ, પણ જે બીજું તત્ત્વ હતું તે આ બુદ્ધિપૂત સુઘડતા! અને પછી તો સંગ્રહ પૂરો વાંચી રહ્યો ત્યારે પતીજ પડી કે આ બુદ્ધિપૂત સુઘડતાની વાત આખાય સંગ્રહને માટે ઘણે અંશે સાચી છે. આ પુસ્તક તે શ્રી વાડીલાલ ડગલીનો પ્રથમ કાવ્યસંગ્રહ 'સહજ'.*

આમ તો કોઈ પણ કાવ્યની (કારણ કે અહીં કાવ્યસંગ્રહની વાત છે) ગંગોત્રી સહજમાં જ હોય છે. પણ એ નૈસર્ગિક નિર્ઝરિણીને નાથીને વધુ નમણી બનાવવાનું કામ કરે છે બુદ્ધિ. આ સંગ્રહમાં ઊર્મિના 'સહજ'-ઉદ્રેકની સાથેસાથે જે કૃતિ અને આકૃતિગત 'સુઘડતા' જોવા મળે છે તે 'બુદ્ધિપૂત' છે. કવિ પોતે સબુધ ભાવક અને સબૂજ વાચનસજ્જ છે, તેથી એમની સર્જકચેતનાને જે પુટ લાગ્યો છે તે આ સર્જનમાં પ્રતિબિંબિત થયા વગર રહ્યો નથી.

એમના આ સંગ્રહનાં કાવ્યો ચાર વિભાગોમાં વહેંચાએલાં છે : 'નીલગતિ', 'કાશ્મીરકાવ્યો', 'જપાનડાયરી' અને 'અવકાશ'. પ્રથમ વિભાગ 'નીલગતિ'નાં અઢાર કાવ્યોમાં કવિની સાગર વિષેની પ્રત્યક્ષાનુભૂતિમાંથી ઉદ્ભવેલાં વિસ્મયભાવી કાવ્યો છે. આ કાવ્યગુચ્છનો વિષય છે મરીનડ્રાઈવનો દરિયો. સવાર, સાંજ, મધ્યાહ્ન, રાત્રિ-એમ વિવિધ પ્રહરોની કવિચિત્તે અનુભવેલી આ દરિયાની લાગણી અહીં સુબદ્ધ રીતે અભિવ્યક્ત થવા પામી છે. કવિકલ્પનાએ જે કલ્પનો આપ્યાં છે તે નવાં હોઈ તાજગીદાયક બની રહે છે. એમાં એમણે સમુચિત અલંકારોનો પણ સૌન્દર્યનિર્મિતિ–અર્થે ઉપયોગ કરી લીધો છે. અભિવ્યક્તિમાં પણ નિજી સ્પર્શ હોઈ એ કાવ્યો કવિના વ્યક્તિત્વનાં દ્યોતક બન્યાં છે. એક ચિત્ર જુઓ, સાગર પર સરતી હોડીનું અને આકાશમાં તરતી પાંખોનું :

'પવનના ઢાળ પરે
ઊંધ સરે...' (પૃ. ૫)

'પવન, જે અમૂર્ત છે તેને મૂર્ત બનાવવાનો આ કવિકીમિયો અનેક સંદર્ભે આ સંગ્રહની રચનામાં જોવા મળે છે અને એક આહ્લાદક સૃષ્ટિ રચી રહે છે. 'મધ્યાહ્નને મરીનડ્રાઈવ'નો ઉપાડ જુઓ :

'હવે અહીં સૂરજ પથરાયો છે.' (પૃ. ૭)

તો આગળ એ જ કાવ્યમાં કહે છે :

'માત્ર ભીનો ચળકતો સૂર્ય
પાણીમાં રેલાઈ જઈ ધીરે ધીરે વહે છે.' (પૃ. ૭)

સૂર્યને 'ભીનો' કહી તેને 'પાણીમાં રેલાઈ જઈ ધીરે ધીરે' વહેતો દર્શાવવામાં ઉક્તિવૈચિત્ર્યથી કેવી કાવ્યચમત્કૃતિ સાધી આપી છે! અને એ સૂર્યનું સામ્રાજ્ય બધે છે એ સૂચવવા 'માત્ર'નો પણ પ્રયોગ નોંધ્યા વગર ચાલશે નહિ. આ, જે સુઘડતા-આકારગત સુઘડતા-આવવા પામી છે તે મુંબઈમાં વસતા એક બુદ્ધિજીવી કવિનું બુદ્ધિપૂત પરિણામ જ છે તે સ્મરવું રહ્યું. આવાં જ કેટલાંક સુંદર કલ્પનો ને કલ્પનાઓ : માત્ર વાંચી જ સંભળાવું :

'કોશાકટ વાયુ વચ્ચે
કેવળ પ્રકાશ તરે' (પૃ. ૮)
'કાંઠા પાસેના જળમાં
ડૂબકી મારીને
રેતી પર હડિયાપાટ કરતા
બાળકના ચહેરાની

---

* (પ્રકા. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૧૧૧, રૂ. ૧૦)

શબ્દકથા : ગિલ્લી · ગેંદ · ઇટી

મહાભારતકથામાં, આશરાની શોધમાં નીકળેલા દ્રોણ જ્યારે હસ્તિનાપુર આવી પહોંચ્યા ત્યારે રાજકુમારો વીટાથી રમતા હતા : क्रीडन्तो वीटया तत्र वीरा पर्यचरन् मुदा. રમતાં રમતાં તેમની 'વીટા' કૂવામાં પડી જાય છે, અને દ્રોણ પોતાની બાણવિદ્યાના બળે તે વીટા કૂવામાંથી કાઢી આપે છે. ટીકાકાર નીલકંઠ વીટા શબ્દ આ પ્રમાણે સમજાવે છે : वीटा यवाकारं प्रादेशमात्रं काष्ठं यद् हस्तमात्रदंडेन उपर्युपरि कुमारा प्रक्षिपंति એટલે કે જવના આકારનો અને એક પ્રદેશ (=અંગૂઠાના છેડાથી તર્જનીના છેડા જેટલું માપ, ચ પું) લાંબો લાકડાનો ટુકડો, જેને એક હાથ લાંબા દાંડા વડે છોકરાઓ ઉછાળીને ફેંકે છે. સમજી શકાશે કે જેને મોઈદંડા, મોઈદાંડિયા કે ગિલ્લીદંડાની રમત કહીએ છીએ તેની જ અહીં વાત છે.

વીટા એટલે 'મોઈ', 'ગિલ્લી'. મરાઠી विट, विटी, इटी; હિંદી इटी, નેપાળી बियो એ શબ્દો વીટા સાથે સંકળાએલા છે. પ્રાકૃતમાં મોઈ માટે अणोलिया અને उन्नइया (=સં. उन्नतिका 'જે ઉછાળાય છે') શબ્દ વપરાએલા છે. દાંડિયા માટે कणिया અને એ રમત માટે अणोलिया-खेड्ड અને उन्नइया-कीला એવા શબ્દ છે. બારમી શતાબ્દીની એક પ્રાકૃત કથામાં દાંડિયાના ફટકાથી મોઈ ઊછળીને એક ખાડામાં પડતાં ખોવાઈ ગયાની વાત છે; તો બીજી એક કથામાં એવો પ્રસંગ છે કે ફટકાથી ઊછળેલી મોઈને રમનારાઓમાંથી એક જણ હાથ ઊંચો કરીને ઝાલવા જાય છે, પણ તે ઘણી ઊંચે ઊછળીને વડના ઝાડ પરથી લટકતા (કોઈ ફાંસીએ દીધેલા માણસના) મડાના મોંમાં ભરાઈ જાય છે. તે જોઈને પેલો છોકરો જ્યારે હસી પડે છે અને બોલી ઊઠે છે કે 'કેવું અચરજ!' ત્યારે પેલું મડું પણ સામે હસીને બોલે છે કે આમાં શી મોટી અચરજ છે? થોડા દિવસમાં તું પણ આ સ્થાનેથી લટકવાનો છે, અને ત્યારે તારું પણ આમ જ થશે.

પ્રાકૃત अणोलिया કે उन्नइया શબ્દ અર્વાચીન ભાષાઓમાં ઊતરી આવ્યો જણાતો નથી. ગુજરાતી મોઈનું મૂળ પણ અજાણ્યું છે. गिल्ली કદાચ હિંદીમાંથી આપણે લીધો હોય. મોઈ માટે હિંદીમાં (તથા રાજસ્થાનીમાં) गुली, गुल्ली અને गिल्ली છે. આમાંથી પહેલા બેનો સંબંધ સં. गुटिका પ્રા. गुडिया 'ગોળી; ગોટી'ની સાથે હોવાનું લાગે છે. ત્રીજા શબ્દના મૂળમાં गींडली હોય અને તેનો સંબંધ સં. गेंदुक, गिंदुक, गेंडु 'દડો, ગેંદ' એ શબ્દ સાથે હોય. તે મૂળે તો દ્રાવિડી ભાષાનો શબ્દ જણાય છે. કન્નડ गिण्णु, गेण्णु 'ગાંઠ', 'પર્વ', गण्डु 'વાંસની ગાંઠ' વગેરે ઉપરથી એ જોઈ શકાય છે. સં. कंदुक પણ તેના પરથી થએલો છે. પછીથી 'દડો' કે 'ગોટી' એ અર્થને બદલે 'મોઈ'નો અર્થ વિકસ્યો. ગુજરાતીમાં ગેંદ 'ફૂલનો દડો' હિંદીમાંથી આવેલો છે.

હરિવલ્લભ ભાયાણી

તાજગી સાગર પર તરે છે.' (પૃ. ૧૦)
સાગરતટે વર્ષાઋતુની ઊતરતી સાંજ :
'મેઘવાળા ફાનસ જેવો
સૂરજ ઓલવે ધીમો દીવો.' (પૃ. ૧૨)
એ જ ચોમાસાનું મદમસ્ત ચિત્ર :
'પાયસુક્ત પથ્થરની પાળે
એકમેકની છ઼ેલી છાલકથી
સાગર ને વર્ષા લદબદ થાય.' (પૃ ૧૩)

કવિએ અહીં જે શબ્દપસંદગી કરી છે તે પણ એક નવો સંદર્ભ રચી આપતી હોઈ રોજિંદી ભાષાનો કાવ્યાત્મક ઉપયોગ પણ અસરકારકતાથી કેમ કરી શકાય તેનાં કેટલાંક એંધાણ દર્શાવે છે. જેમકે સાગરનો 'ઊંખો ગડૂડાટ', 'હુડિયાપાટ' કરતાં બાળકો, સાગરને વર્ષાનું 'લદબદ' થવું. 'પોચું' આકાશ પગ નીચે પથરાઈ જવું. તો 'વિમાસણ' જેવા કાવ્યમાં કવિચિત્તનો રોમૅન્ટિક ઉદ્રેક પણ જોવા મળે છે.

સંગ્રહનું બીજું ગુચ્છ છે 'કાશ્મીરકાવ્યો'નું. આ અઢાર કાવ્યોમાં પણ કાશ્મીરની પ્રકૃતિએ જગવેલાં સ્પંદનો જ મુખ્યત્વે નિરૂપાયાં છે. એમાં પણ કવિનો નિસર્ગપ્રેમ અછતો રહેતો નથી. પણ એ પ્રેમ સુંદર કલ્પનામઢ્યાં શબ્દચિત્રોનાં નિર્માણથી જ વ્યંજિત થયેલો છે. 'વુલર સરોવરે' કાવ્યમાં જે અન્તાનુભૂતિની પંક્તિઓ છે તે આ કાવ્યગુચ્છનું કેન્દ્ર છે.

'હવે વડે
જળે-મને
મૌન-ચારુ સ્પંદનો.' (પૃ. ૨૫)

'ગુલમર્ગમાં' રચનાની કપાડની બે પંક્તિઓમાં જ કેવું વિશાળ ચિત્ર લાઘવથી મઢી લીધું ?

'પાઈનનાં એકવડિયાં વૃક્ષોની પછવાડે
કોઈ શ્વેત સિંહની જેમ હિમાલય પડયો છે.'

અહીં 'એકવડિયાં' વિશેષણ જે જીવંતતા લાવે છે તે સમગ્ર ચિત્રને, હિમાલયની સિંહાકૃતિને, સજીવ અને ચાક્ષુસ બનાવી દે છે! 'ઝરણું નજીક, ઝરણું દૂર' કાવ્યમાં ઝરણાના અવાજની જે અનુભૂતિ થાય છે તે તદ્દન ગદ્યાળુ બાનીમાં મુકાયા હોવા છતાં ય જે કાવ્યાનુભૂતિ કરાવી રહે છે તેમાં જ ક્યાંક કવિતા ડંડારાઈ ગઈ છે :

'ઝરણાનું ખળખળ
કાનમાં એવું ઊભરાય છે કે
જળ અદૃશ્ય થઈ જાય છે.
ગાતી ગતિ ફરી વળે છે.' (પૃ. ૨૯)

અહીં જે બે ઇન્દ્રિયો—કાન અને આંખ—ની અનુભૂતિનું, અવાજ અને દૃશ્યનું, એક રસાયન છે તે જ આસ્વાદનો મુદ્દો બની રહે છે. જ્યારે 'શંકરાચાર્યની ટેકરી પરથી શ્રીનગર' રચનામાં એનો ઉપાડ અને અંત પણ પ્રકૃતિપ્રેમનાં દ્યોતક બની રહે છે. વળી, શંકરાચાર્યની ટેકરી અને તેના પરથી શ્રીનગર આ બે ભિન્ન

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી યોગેન્દ્રજી

મૂળ નામ મણિભાઈ હરિભાઈ દેસાઈ. જન્મ : તા. ૧૮ નવે. ૧૮૯૭, દેગામ (તા. ચિખલી)માં. ઈ. ૧૯૪૭માં સાન્તાક્રુઝ (પૂર્વ)માં યોગાશ્રમની સ્થાપના કરી, જેની દેશવિદેશમાં આજે ૩૦ જેટલી શાખાઓ છે. 'યોગેન્દ્ર રીધમ' નામે એમણે યોગાસનોનું એક સરળ મૌલિક સ્વરૂપ વિકસાવ્યું છે અને આ અંગે ૫૦થીએ વધુ પુસ્તકો લખ્યાં છે. એમના 'યોગ આસન સિમ્પ્લીફાઈડ' પુસ્તકની ૨૦ આવૃત્તિઓ થઈ છે. અમેરિકાની ઑગ્લેથ્રોપ યુનિ. એ ૫૦૦૦ વર્ષ પછી એ વાંચવાયોગ્ય પુસ્તકોની પસંદગીમાં એમનાં સાત પુસ્તકો ચૂંટ્યાં છે. 'યોગ' નામનું એક સામયિક ચલાવે છે. ઈ. ૧૯૭૩માં એમણે યોગના પ્રચાર-પ્રસાર માટે એક આંતરરાષ્ટ્રીય બોર્ડ રચ્યું છે. યોગની સહાયથી એમણે ૯૦૦૦ જેટલા દર્દીઓ સાજા કર્યા છે.

૧. યોગ એટલે ?

ઉ. યોગ એ સ્વાસ્થ્યસભર જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. એના વડે શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે. યોગ એ વ્યાયામ જ નહિ, પણ મનુષ્યના સર્વાંગી વિકાસનું સાધન છે.

૨. યોગ વડે રોગ દૂર કરી શકાય ?

ઉ. યોગ એ ચિકિત્સાપદ્ધતિ નથી. પણ એના વડે મનોકાયિક (સાયકોસોમેટિક) રોગો દૂર કરી શકાય છે. આજે લગભગ ૭૩ ટકા જેટલા આ પ્રકારના રોગો જોવા મળે છે.

૩. પ્રાણાયામની રીત અને એના લાભ જણાવશો ?

ઉ. કુંભક સહિતના જૂની પદ્ધતિના પ્રાણાયામ આજે તો કદાચ કઠીન છે. પ્રાણાયામ માટે મેં એક સરળ રીત વિકસાવી છે. એનાથી શ્વાસોચ્છ્વાસનું યોગ્ય નિયમન થઈને ફેફસાં અને લોહીની શુદ્ધિ થઈ મન શાન્ત બને છે અને ધીરેધીરે જીવન પ્રાણમય બને છે.

૪. આપની આ નવી પદ્ધતિ કઈ છે ?

ઉ. પૂરક, કુંભક, રેચક અને શૂન્યક એ પ્રાણાયામનાં ચાર અંગ છે. એને અલગઅલગ શીખી લઈને પછી યોગ્ય રીતે એનું સંકલન કરી શાંત ચિત્તે શ્વાસોચ્છ્વાસની ક્રિયા માટેના અવયવોને યોગ્ય કેળવણી આપવાનો એમાં ખયાલ છે.

૫. યોગાસનો વડે હૃદય રોગ પણ મટી શકે ?

ઉ. કેવળ આસનોથી એ શક્ય નથી. છતાં આસનોની પણ કેટલીક સરળ પદ્ધતિ મેં વિકસાવી છે. હૃદય રોગના દર્દીઓ પણ એ આસનો કરી શકે છે અને એનાથી એમને લાભ પણ થયા છે. શચિવદેવ બર્મન (ફિલ્મ-જગતના પ્રસિદ્ધ સંગીતકાર) બ્લડ પ્રેશર અને હૃદયરોગથી પીડાતા હતા. આ સરળ આસનોની સારવાર વડે એમની એ તકલીફો હું દૂર કરી શક્યો હતો. આવી જ રીતે એક મિસિસ હિનશ રોમરનો દમનો રોગ પણ દૂર કરી શક્યો હતો. પણ કેવળ આ આસનો પર જ આધાર ન રાખતાં આહાર, વિહાર, વિચાર અને જીવન પ્રત્યેના અભિગમ પર પણ લક્ષ આપવું જરૂરી છે.

૬. યોગ વડે વૃદ્ધત્વ દૂર કરી શકાય ?

ઉ. હા. સરળ આસનો, પ્રાણાયામ અને બીજાં કેટલાંક નિયમનો વડે વૃદ્ધત્વ ટાળી શકાય ખરું.

શ્રી યોગેન્દ્ર (હસ્તાક્ષર)

સંસ્કાર—બ્રાહ્મણી અને ઈસ્લામી—નું પણ ભાષાબળે કેવું સુભગ સંયોજન થયું છે :

'કે હિમાલયના ચરણમાં
મત્ત માતરિશ્વા
શબનમી શાલ પાથરે છે.'

અહીં સંસ્કૃત શબ્દ 'માતરિશ્વા' અને ફારસી 'શબનમી' કોઈ વર્ણસંકર બાનીના દોષ તરફ ધ્યાન ખેંચ્યા વગર જ એની ઉપયુક્તતા ચીંધી રહે છે અને આમ છે માટે જ તો 'બુદ્ધિપૂત સુઘડતા!' જ્યારે આ વિભાગના છેલ્લા કાવ્યમાં કવિએ જે એક નવો શબ્દ પ્રયોજી સચોટતા અને તાજગી જન્માવી છે તેવી અનેક સ્થળે અનુભવી શકાય છે :

'પણ ચિત્તકલ્પ કરે તેવું
હિમાલયી સરોવરનું મૌન નથી.'

અહીં 'કાયાકલ્પ'ના સંસ્કારથી જન્મેલો 'ચિત્તકલ્પ' શબ્દ કેવો વ્યંજક બની રહે છે !

સંગ્રહના ત્રીજા વિભાગ 'જપાનડાયરી'માં

જપાનના સિદ્ધ ને પ્રસિદ્ધ કાવ્યસ્વરૂપ 'હાઈકુ'-ની એક માળામાં ત્યાંના અનુભવને એકસૂત્ર કરવામાં આવ્યો છે. આધુનિક જપાનનું પ્રદૂષિત પ્રકૃતિસૌન્દર્ય, નગર અને નગરજીવન, ત્યાંની સંસ્કૃતિ ને સભ્યતાનું ક્યાંક સ્વભાવોક્તિભર્યું તો ક્યાંક વ્યંજનાપૂર્ણ ચિત્ર આંકવામાં આવ્યું છે. અગાઉના બે ગુચ્છને મુકાબલે આ મને જરા નબળું ગુચ્છ લાગ્યું છે એમ ન કહું તો મેં મને અન્યાય કર્યો ગણાય. આમ છતાં ય આ ગુચ્છમાંથી આસ્વાદવા ગમ્યા તે અંશોમાંથી એક બે નમૂના જ માત્ર અહીંયાં મૂકું:

'ચારુ ઉદ્યાને
સૂકાં પાન ઉપાડી
વૃદ્ધા મરકે.' (પૃ. ૫૦)

'બાળપોથીમાં
હૃદયદળના ફરી
ડાબલા પડે.' (પૃ. ૫૨)

ચોથા અને છેલ્લા 'અવકાશ' નામક ગુચ્છમાં વિવિધ અનુભૂતિઓની ૩૮ નાનીમોટી રચનાઓ છે. 'રવિવારની સવાર' અને 'પરપોટા' જેવાં આધુનિક સભ્ય રહેનસહેનના કટાક્ષયુક્ત કાવ્યો છે; તો 'આમ ને આમ' તથા 'હળવા મને' જેવાં ચિંતનાભાસી કાવ્યો છે અને 'ડૉ. ઝાકીરહુસેનના મૃત્યુદિને', 'સ્વામી આનંદ', 'ઉમાશંકરને' જેવાં સંવેદનાપટુ અંજલિકાવ્યો પણ છે. આ વિભાગમાં કટાક્ષકાવ્યોની સંખ્યા જેટલી વધારે છે તેટલી તેની ધાર તીવ્ર નથી. કટાક્ષ માત્ર બુદ્ધિજન્ય—અલબત્ત, એ બુદ્ધિજન્ય જ હોય—બનીને રહી જાય છે અને સંવેદનસિક્તતા ઊણી ઊતરે છે. આથી એમાં કવિતાની અનુભૂતિ કરતાં ગદ્યખંડની અનુભૂતિ જ વધુ થયા કરે છે. આમ છતાં ય કેટલીક લઘુ રચનાઓ અહીં એટલી જ સચોટ છે તે પણ કહેવું રહ્યું. એક બે જોઈએ:

"જન્મદિવસે"
વહી ગએલાં વર્ષો
વૃક્ષ નીચે વર્ષાભીનાં પર્ણો. (પૃ. ૬૭)

"વિયેટનામની પ્રાર્થના"
આ તરફડતા આકાશને
મનુષ્યના પંજામાંથી મુક્ત કરો,
બી-બાવન બૉમ્બરમાં જકડેલું
નભ હવે પંખીને પરત કરો. (પૃ. ૮૯)

'સ્વામી આનંદ' જેવી રચનામાં હૂબહૂ શબ્દચિત્ર હોવા છતાં ય એ કાવ્યકક્ષાએ કેટલું પહોંચે એ પ્રશ્ન મને તો થાય જ છે, અને 'મરેલા જન્મેલા બાળકનું હાલરડું' જેવા કાવ્યમાં અત્યંત નાજુક અને કારુણ્યસભર કાવ્યક્ષમ પળ હોવા છતાં ય કવિ એમાંથી સફળ કાવ્ય નિપજાવી શક્યા નથી એવો વસવસો પણ રહે જ છે; છતાં ય આ સંગ્રહની જે બાબાકીય; નિરૂપણપક્ષીય, અભિવ્યક્તિ પરત્વેની તાજગી છે, 'સહજ' તાજગી છે, તે 'કૉમર્સ' પછવાડે કાર્તુછાનું પણ તીવ્રતાથી ધબકી રહેલું શ્રી વાડીભાઈનું કવિહૈયું તો છતું કરી જ રહે છે.

નવી નવલકથાઓ

બહાદુરશાહ પંડિત

આર. આર. શેઠની કંપની

અમદાવાદ–૧ • મુંબાઈ–૨

શ્રી ર. વ. દેસાઈની નવલકથાઓ

છાયાનટ: હિંદુ મુસ્લિમો વચ્ચેના વૈમનસ્યના કારણે રાષ્ટ્રીય પ્રગતિમાં આવતા અવરોધને દૂર કરવા આ નવલકથાના નાયક ગૌતમ જેવા ભાવનાશીલ યુવાનો શું કરી શકે એ સૂચવતી, પણ છેવટ નિરાશાનો સૂર પ્રગટ કરતી હેતુલક્ષી નવલકથાની ચોથી આવૃત્તિનું પુનર્મુદ્રણ. (પૃ. ૨૫૫, પાકુ પૂઠું, રૂ. ૧૨-૨૫)

પહાડનાં પુષ્પો: રાણા પ્રતાપના પુત્ર ઉદયસિંહના ઐતિહાસિક રીતે વિલાસી અને નમાલા મનાયેલા પાત્રને ન્યાયયુક્ત રીતે ચીતરવાનો પ્રયાસ કરતી ઐતિહાસિક નવલકથાનું પુનર્મુદ્રણ. આખી કૃતિમાં ઇતિહાસને છેહ દીધા વિના એ કાળને જીવંત કરવાનો લેખકનો પ્રયાસ સફળ થયો જણાય છે. વાંચવી ગમે અને અંત સુધી આકર્ષી રાખે એવી આહ્લાદક નવલકથા. (પૃ. ૪૭૩, પાકું પૂઠું રૂ ૨૩)

ઠગ: લેખકની આ પહેલી નવલકથા. હિંદુસ્તાનમાં અંગ્રેજોના આગમન સમયે, મુસાફરોને લૂંટવાનો જ ધંધો કરતી 'ઠગ' લોકોની એક વ્યાપક જમાત ધ્યાનમાં રાખી લખાયેલી આહ્લાદક જાસૂસી કથા છે. એની આ પાંચમી આવૃત્તિ પછી પણ હજી યે વાચકોને આકર્ષી શકે એટલી એમાં સર્જનાત્મકતા છે એ નિર્વિવાદ હકીકત છે. (પૃ. ૨૮૪, પાકું પૂઠું, રૂ. ૧૪)

પત્રલાલસા: સામાન્ય બરની સામાજિક નવલકથા, જેમાં સનાતન નામના યુવાનનો જાગીરદારની પુત્રી મંજરી સાથેનો પ્રણય અનેક સામાજિક તકલીફો બાદ સફળ થાય છે. (પૃ. ૨૫૯, પાકું પૂઠું, રૂ. ૧૨ ૫૦)

સૌન્દર્ય-જ્યોત: દીપક નામનો પૈસાદાર અને ભાવનાશાળી યુવાન ગરીબીનાં પ્રત્યક્ષ દર્શન કરવા પોતાનાં તમામ સુખસગવડો ત્યજીને ઘર છોડી જાય છે. નયના અને મીનાક્ષી નામની યુવતીઓ સાથે પરિચયમાં આવ્યા પછી લેખકનો માનીતો પ્રણયત્રિકોણ સર્જાય છે. અને અંતે દીપક મીનાક્ષી સાથે લગ્ન કરે છે. બીજી આવૃત્તિનું પુનર્મુદ્રણ (પૃ. ૩૯૦, પાકું પૂઠું, રૂ. ૧૮·૫૦)

શૌર્યતર્પણ: હિંદના મહાન મોગલ બાદશાહ અકબર સામે જંગ ખેલનાર અને એને આખર સુધી નમતું નહિ આપનાર રાણા પ્રતાપના જીવન સાથે સંકળાયેલી અનેક દંતકથાઓનો આશ્રય લઈને લખાયેલી આ આકર્ષક ઐતિહાસિક નવલકથા મેવાડના શૌર્યને પ્રકટ કરે છે. (પૃ. ૨૯૫, પાકું પૂઠું, રૂ. ૧૪·૨૫)

અન્ય લેખકોની નવલકથાઓ

મારે પણ એક ઘર હોય: માનસિક રોગથી પીડાતી નાની બહેન સુરેખા માટે પોતાના અંગત સુખનો ત્યાગ કરતી લીના નામની યુવતી આરંભમાં પોતાની બહેન પ્રત્યે ખીજાય છે પણ અંતે એને સમજાય છે કે એ પોતે પોતાના અંતરના એક ભાગને જ ચાહતી હોય છે ને બીજા ભાગને ધિક્કારતી હોય છે. પોતાના માટે સુખ ઇચ્છવાનું છોડી દીધા પછી લીના સાચું સુખ પામે છે. શ્રી વર્ષા અડાલજાની આ લઘુનવલ આહ્લાદક રીતે એક માનસશાસ્ત્રીય પ્રશ્ન રજૂ કરે છે. આ લઘુનવલ સાથે જોડેલી સાત ટૂંકી વાર્તાઓ પણ હૃદયંગમ રીતે આવા લાગણી અને પ્રેમના પ્રશ્નો ચર્ચે છે. (પૃ ૧૮૭, રૂ. ૯–૫૦, પાકું પૂઠું)

નજરબંધી: કુમુદ અને સુહાગ નામની બે યુવતીઓના પ્રેમમાં નાસીપાસ થએલો નરેશ નામનો યુવાન સુહાગની બહેન અલકા સાથે પરિચયમાં આવી એનો પ્રિયપાત્ર બને છે અને અનેક વિટંબણાઓ બાદ એની સાથે લગ્ન કરવામાં સફળ થાય છે એનું આલેખન કરતી શ્રી વિઠ્ઠલ પંડ્યાની સામાજિક નવલકથા. (પૃ. ૪૮૦, રૂ. ૨૨-૫૦, પાકું પૂઠું.)

ઝુકાની બાંધેલા રસ્તા: લોહીનો વેપાર કરતી ટોળકીનો ભોગ થઈ પડેલી સરયુ નામની યુવતી પિયરથી માબાપના મૃત્યુ બાદ સાસરે આવતાં મોડી પડે છે એના પરિણામે એને સાસરેથી જાકારો મળે છે. આખરે એક અજાણ્યા યુવાન ધવલના ઘેર આશ્રય પામી એ એની પ્રિયપાત્ર બને છે અને અનેક તકલીફો બાદ બંનેનાં લગ્ન થાય છે. અનેક પ્રતીતિકર પ્રસંગોથી ભરેલી શ્રી વિઠ્ઠલ પંડ્યાની સામાન્ય કક્ષાની સામાજિક નવલકથા. (પૃ. ૨૪૪, રૂ. ૧૨, પાકું પૂઠું.)

—અને છેલ્લે

ઇંગ્લૅંડના રાજા ચાર્લ્સ બીજાએ ડ્યૂક ઑવ યૉર્કને મુલાકાત આપી ત્યારે તેનો કોઈ અંગરક્ષક હાજર ન હોવા માટે ડ્યૂકે આશ્ચર્ય દર્શાવ્યું. એ સાંભળી રાજાએ કહ્યું: 'મારો જાન લેવામાં કોઈને રસ નથી કેમકે તો તો પછી તમે જ ગાદીએ આવોને!'

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર ની સલાહ

શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા · ઉમરેઠ)

૧. રાતના પુષ્કળ લાળ ગળે છે? એનો ઉપાય ખરો?

ઉ. રોજ ત્રણસો ગ્રામ લાળનો સ્રાવ થાય છે. પણ રાતના તે વધારે ગળવા પાછળ ખોરાકના પાચનનો કોઈ બગાડો તો નથી ને તેની તપાસ થવી જોઈએ. અવાળાનો સોજો, દાઢ ઊગવી કે દાંતનું ચાબખું બરાબર મફક આવતું ન હોય ત્યારે પણ પુષ્કળ લાળ ગળે છે. આંતરડાં, હોજરી ને અન્નનળીમાં કૃમિ હોય ત્યારે પણ થૂંકનો સ્રાવ વધે છે. મળની તપાસ કરાવવાથી કૃમિની ખાતરી થાય છે.

ઝામરના અંકુશ માટે આંખમાં પાડવાનાં 'પિલોકારપાઈન'નાં ટીપાંની અસરથી પણ થૂંકનો સ્રાવ વધે છે. થાઈરૉઈડ ગ્રંથિના વધુકા સ્રાવની હાઈપરથાયરૉઇડિઝમની સ્થિતિ વખતે વધુકા પેશાબ અને પરસેવા સાથે થૂંક પણ વધારે ગળે છે.

આના ઉપચારમાં બૅલેડોના (ધતુરાના) વર્ગનાં ઔષધો ઉપયોગી છે, પણ ઝામરના રોગી માટે આ ઔષધ અપથ્ય છે.

૨. કોઢ કેમ થતો હશે? એ મટવાના ઉપાય ખરા?

ઉ. ચામડીનો મૂળ રંગ બદલાઇને શરીરના અમુક ભાગોમાં ધોળાં ચાઠાં થાય એ કોઢ છે. આમાં ચામડી કંઈ બગડતી નથી પણ તેમાં આવેલો મેલાનિન રંગ નાશ પામે છે. આ થવાનું કારણ ડાયરોસિનેઝ નામના એન્ઝાઈમની પ્રવૃત્તિની ઊણપ છે. બીજી માન્યતા એ છે કે ચામડીની સપાટીના જ્ઞાનતંતુના છેડાઓ ઉપર મેલાટોનિન નામનું દ્રવ્ય પેદા થવાથી મેલાનિન રંગ ઝાંખો પડે છે અને મેલાનિનનું ઉત્પાદન ઘટે છે.

દસ બાર વર્ષની વય સુધીમાં અને તેમાં ય સ્ત્રીઓમાં આ રોગ સવિશેષ થવાનાં ઘણાં કારણો છે. રબ્બરનાં સ્લીપરની પટ્ટીથી કે નાયલોનનાં મોજાંથી પગ ઉપર અને ખૂબ તાણીને નાડી બાંધવાથી કમરના ભાગમાં કોઢ થાય છે. કુટુમ્બમાં એકને રોગ હોય તો બીજાને થવાની વકી છે અગર તો કોઈને અકાળે વાળ ધોળા થાય છે. દાંત, નાક કે શરીરમાં કોઈ ચેપ, હોજરી-આંતરડાંના બગાડા, આહારમાં તાંબું, ખનિજદ્રવ્યો કે પ્રોટિનોની ઊણપથી કોઢ થતા હોવાનું કહેવાય છે. દાઝવાના કે વાગ્યાના ઘાથી ચામડી ઉપર અમુક સમય પછી રંગ જવાથી કોઢ જેવી સ્થિતિ થાય છે.

કોઢ થવાનાં કોઈ ચોક્કસ કારણો જણાયાં નથી તેવી રીતે શરીરમાં રોગ ફેલાવાની રીત પણ કોયડાભરી છે. રોગ મંદ ગતિથી શરૂ થાય છે. કોઈ પણ ક્ષણે તેનો ફેલાવો બંધ પડે છે, અગર તો ધીમેધીમે વધે છે. અગર અટકી પડે છે અને પછી કોઈ પણ સમયે વધવા માંડે છે. રોગ આપોઆપ મટ્યાના કિસ્સા પણ જાણવા મળે છે. સગર્ભાવસ્થા કે હાઈપરથાયરૉઇડિઝમ વગેરે સ્થિતિ વખતે કોઢમાં વધારો થાય છે.

કોઢ માટે બે ઔષધો છે. આપણા દેશનું બાવચી અને ઇજિપ્તમાં થતા આમી માજુસ છોડમાંથી બનાવેલાં મેલેડિન ગોળી, લોશન અને મલમ. બાવચીમાંથી 'લુડરમોલ' નામનું તેલ બનાવાયું છે. લુડરમોલ કે મેલેડિન તેલ કે મલમ કોઢ ઉપર લગાડ્યા બાદ કોઢવાળો ભાગ સૂર્યતાપમાં ત્રણથી પંદર મિનિટ સુધી રાખવાનો છે. લુડરમોલ તેલ કે મલમ સવારે અને મેલેડિન મલમ સાંજના લગાવી શકાય. ૬ થી ૧૨ મહિના સુધી નિયમિત ઉપચાર કરવાથી સારો ફાયદો થાય છે. પણ જો મહિનાના ઉપચારથી કોઢ મટવાનું કોઈ ચિહ્ન ન જણાય તો ઉપચાર છોડી દેવો. હાથ ને પગ ઉપરના કોઢ કરતાં ચહેરા, પેટ ને નિતંબના કોઢ વહેલા ને સારી રીતે મટે છે. પેટના બગાડાથી થતા કોઢમાં રોગ થતાં અગાઉ કે વધતાં અગાઉ ઝાડા કે મરડો થતો હોય, પેટમાં વિવિધ પ્રકારના કૃમિ હોય તો તે મટવાના ઉપચારથી કોઢ આગળ વધતો અટકી તેમાં સુધારો થાયછે.

૩. કૃત્રિમ કિડનીની સારવાર એટલે શું?

ઉ. શરીરમાં બંને પડખે એક એક મળી બે કિડની (મૂત્રપિંડ) આવેલી છે. એક કિડનીનો $\frac{1}{3}$ ભાગ શરીરનું આરોગ્ય જાળવવા માટે પૂરતો છે. રોગના કારણે કિડનીની કામગીરી બગડવાથી ને લોહીનાં વિષ ને વ્યય દ્રવ્યો પેશાબ વાટે બહાર ફેંકી ન શકે ત્યારે રોગીને તેનાં ઝેરીલાં લક્ષણો થાય છે. આમાંથી ઉગારવા માટે રોગીને કાં તો હિપો ડાયાલિસિસની કે કૃત્રિમ કિડનીની સારવાર અઠવાડિયામાં ત્રણ વાર ડાયાલિસિસ-મશીનની જાત ને રોગીની સ્થિતિ પ્રમાણે) ૬ થી ૧૦ કલાક સુધી આપવી પડે છે. બીજો ઉપાય રોગીના શરીરમાં તંદુરસ્ત કિડની ગોઠવવાનો છે.

કિડનીનું કામ ડાયલાઈઝર મશીન દ્વારા થાય છે. મશીનનું મુખ્ય કામ લોહીનું શુદ્ધિકરણ કરવાનું છે. આ માટે લોહીમાંથી યુરિયા છૂટું પાડવું, શરીરમાં મીઠું, પાણી ને બીજા પદાર્થોનું રાસાયણિક સંતુલન કરવું ને લોહીની અમ્લતાને યોગ્ય માત્રામાં જાળવવાની હોય છે.

ડાયાલિસિસની ક્રિયા વખતે રોગીની શિરામાંથી લોહી સતત મશીનમાં જાય છે ને તે શુદ્ધ થયા બાદ ધમની વાટે શરીરમાં પાછું ફરે છે. આ થવા માટે ધમની ને શિરામાં વારંવાર છિદ્ર પાડવાં ન પડે તે માટે હાથ કે પગની ધમનીને શિરામાં કાયમી ધોરણે એક એક નળી નાખવામાં આવે છે અને જરૂર પડે એને મશીન સાથે જોડવામાં આવે છે. આને 'શંટ' કહે છે. શરીરમાંથી લોહી બહાર કાઢવા ને અંદર જવા માટે આ સિવાય 'એ.વી. ફિસ્ચુલા' નામની બીજી રીત છે. જેમાં શિરા અને ધમનીને એકઠાં કરી મોટી નળી બનાવાય છે. આમાંથી લોહી મશીનમાં જાય છે અને શુદ્ધિકરણ બાદ આ જ નળી દ્વારા શરીરમાં પાછું પ્રવેશે છે.

લોહીની અશુદ્ધિઓને દૂર કરનારી ડાયાલિસિસની ક્રિયા પીડાકારી નથી. રોગી ઊંઘતો હોય ત્યારે પણ તે થઈ શકે છે. આ ક્રિયા વખતે રોગી વાંચી શકે છે, વાતચીત કરી શકે છે, ખાઈ શકે છે. ખોરાકમાં ઓછું મીઠું ને થોડા પાણી સાથે દાક્તરની સલાહ અનુસાર પથ્ય ખોરાક લેવાય તો રોગી મશીનના સહારે સામાન્ય જિંદગી વિતાવી શકે છે.

મશીનથી કિડનીઓને રાહત મળે છે અને પાછા પૂર્વવત્ કામ કરવાની દર્દીને એક તક મળે છે. મશીન દ્વારા કિડનીઓનું કામ થતું હોવાથી રોગીને પેશાબ ઓછો થાય છે.

અનુસંધાન] રૉકલટન [પૃષ્ઠ ૨૧૪થી

પણ એ એની અંતિમ અને પ્રાણાંતક સફર નીવડી. માર્ગમાં જ એની તબિયત લથડી પડી. અને 'કવેસ્ટ' જહાજમાં ઈ. ૧૯૨૨ની ૪થી જાન્યુઆરીએ એનું અવસાન થયું.

રૉકલટને 'ક્વેસ્ટ'ને બરાબર એ સ્થળે નાંગરાવ્યું હતું જ્યાં 'એન્ડ્યુરન્સ' નાંગરેલું. એ રાતે પોતાની રોજનીશીમાં એણે લખ્યું—

'અદ્ભુત સાંજ, ઘેરાતી સંધ્યામાં મેં જોયો
સાગર પર બળતો, એક એકાકી તારલો.'

બસ, રોજનીશીની આ નોંધ જ એની હયાતીની છેલ્લી સાબિતી. એ રાતે જ એ હેમાળી ગોદમાં એ ચિરનિદ્રામાં પોઢી ગયો. પણ એની આ પ્રિય પંક્તિઓ તો હરેક ઝિંદાદિલ સાહસિકના દિલમાં સદા ય પડઘાતી રહેવાની—

'નહીં વિફળ યત્ન વા નત નિશાન મારે હજો.'

['Never for me the lowered banner, Never the endeavour lost.'] □

ઋષિમંડળ-૭

જમદગ્નિ

ઋગ્વેદના ૯મા મંડળના ૬૨ અને ૬૫મા તથા ૧૦મા મંડળના ૧૧૦મા સૂક્તના રચનાર વૈદિક ઋષિ જમદગ્નિ ભૃગુકુળના મહર્ષિ ઋચિક અને ગાધી રાજાની કન્યા સત્યવતીના પુત્ર હતા.

એમના જન્મ વિષે એવી કથા છે કે સત્યવતી તથા ગાધી રાજાની રાણી માટે ઋચિક ઋષિએ બે ભિન્ન ગુણવાળા ચરુ બનાવી આપીને ઋતુસ્નાન પછી એનું પ્રાશન કરવા કહેલું. એનાથી સત્યવતીને નિષ્ઠ પુત્ર અને રાણીને ક્ષાત્ર ગુણવાળો મહાબલી પુત્ર ઉત્પન્ન થવાના હતા. પણ રાણીએ ચરુ બદલી નાખતાં સત્યવતી દ્વારા ઉગ્ર ક્ષાત્ર તેજવાળા જમદગ્નિ અને રાણીથી વિશ્વામિત્રનો જન્મ થયો.

જમદગ્નિને રાજા પ્રસેનજિતની પુત્રી રેણુકાથી રૂમણ્વાન, સુષેણ, વસુમાન, વિશ્વાવસૂ અને પરશુરામ એ પાંચ પુત્રો થયા હતા. એક કથા છે કે એક વાર જમદગ્નિએ છોડેલું બાણ બહુ દૂર જઈ પડતાં એમણે રેણુકાને એ લઈ આવવા મોકલી. એ લઈ આવતાં માર્ગમાં પ્રખર સૂર્યતાપથી દાઝતી રેણુકા એક વૃક્ષ તળે વિશ્રાંતિ લેવા બેઠી એટલે એને પાછા ફરતાં વાર લાગી. આથી ક્રોધે ભરાએલા જમદગ્નિએ વિલંબનું કારણ જાણતાં સૂર્ય સામે એ બાણ છોડયું. પરિણામે સૂર્ય શરણે આવ્યો અને એણે છત્ર તથા પાદત્રાણ ભેટ આપવા ઉપરાંત ઋષિને ત્યાં પુત્રરૂપે જન્મ લેવાનું વચન આપ્યું. આ રીતે જન્મેલો પુત્ર તે પરશુરામ.

વિશ્વામિત્રની પેઠે જમદગ્નિ પણ વસિષ્ઠના વિપક્ષી હતા. સૌદાસ રાજાના યજ્ઞમાં વસિષ્ઠના પુત્ર શક્તિએ વાદવિવાદમાં વિશ્વામિત્રને પરાજિત કરતાં એણે જમદગ્નિની સહાય માગેલી અને જમદગ્નિએ સૂર્ય પાસેથી 'સસર્પરી' વિદ્યા લાવી આપીને વિશ્વામિત્રની વક્તૃત્વશક્તિને વધારી આપી હતી.

વય વધતાં જમદગ્નિનો ક્રોધી સ્વભાવ શાંત પડતો ગએલો. ગંગાતીરે ઉગ્ર તપ કરીને એણે ઇન્દ્ર પાસેથી કામધેનુ મેળવી હતી. રાજા કાર્તવીર્ય આ કામધેનુને ઋષિ પાસેથી બળજબરીથી લઈ ગએલો ને પરશુરામે કાર્તવીર્યને હણીને કામધેનુ પાછી આણી હતી. પિતૃહત્યાનું વેર વાળવા કાર્તવીર્યના પુત્રે એકવાર લાગ સાધી જમદગ્નિની હત્યા કરી અને એથી ક્રોધે ભરાઇને પરશુરામે પૃથ્વી નિઃક્ષત્રિય કરવાની પ્રતિજ્ઞા લીધેલી.

વૈવસ્વત મનવંતરના સપ્ત ઋષિઓમાં જમદગ્નિની પણ ગણના છે ભૃગુકુળના એ ગોત્રકાર અને પ્રવર્તક હતા. પિતૃશ્રાદ્ધના વિધિનો પ્રારંભ એમણે જ શરૂ કરેલો એમ મનાય છે.



માધુકરી

દુઃખનો હલ્લોળ્યો દરિયો ને ત્યાં સુખની છલકી છાળ,
કાળાં વાદળ વરસ્યાં ને શો રૂનો પીંજ્યો પોલ!
ખીણ ખીણમાં ધૂમી વળ્યો વળી નીરખી ટૂંકની ટોચ,
સુખનો શાને છાક અને આ દુઃખનો શો સંકોચ?
ડાળ ડાળ પર કંટક સંગે ફૂલ પણ લિયે હિલોળ!


—સુરેશ દલાલ

સદ્ગત ડૉ. સુનીતિકુમાર ચેટરજી

અધ્યયન અને સંશોધનના ક્ષેત્રે સાઠ વરસ અવિરત કાર્ય કરનાર એક પ્રકાંડ પંડિત અને અગ્રયાયી ભાષાવિજ્ઞાની પ્રાધ્યા. ડૉ. સુનીતિકુમાર ચેટરજીનું ગઈ ૩૦મી મેએ ૮૫ વર્ષની વયે અવસાન થયું. તેમની સિદ્ધિઓ વિપુલ અને અનેક ક્ષેત્રોને લગતી હતી. તેમનું લખાણ અનેકાનેક ગ્રંથો ને સેંકડો શોધનિબંધો રૂપે વિસ્તરેલું હતું. કલકત્તા યુનિવર્સિટીમાં આડત્રીશ વરસ ભાષાવિજ્ઞાન વગેરે વિષયોના અધ્યાપક, રાષ્ટ્રીય પ્રાધ્યાપક, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મવિભૂષણ (૧૯૬૩) અને એવાં બીજાં કેટલાંયે માન, સ્થાન ને પદથી વિભૂષિત એમણે જીવનના અંત સુધી જીવંત વિદ્યા સેવી હતી. ભાષાકીય અભ્યાસક્ષેત્રે દુનિયાભરમાં એમની ખ્યાતિ હતી.

ઈ. ૧૯૨૬માં પ્રકાશિત ૧૩૦૦ પૃષ્ઠના 'ઓરિજિન ઍન્ડ ડેવેલપમેન્ટ ઑવ ધ બેન્ગાલી લૅન્ગ્વેજ' એ તેમના મહાગ્રંથમાં તેમણે સંસ્કૃત અને ઊતરી આવેલી આ તીય ભાષાઓના ઇતિહાસની રૂપરેખા આપવા સાથે ભરપૂર સામગ્રીને આધારે બંગાળી ભાષાનો ઉદ્ગમ અને વિકાસ સવિસ્તર નિરૂપ્યો છે. આટલી વિગતો અને ઝીણવટથી તથા વૈજ્ઞાનિક પદ્ધતિએ કોઈ ભારતીય ભાષાનું ઐતિહાસિક અધ્યયન આ પહેલું જ હતું. અન્ય ભારતીય ભાષાઓના અધ્યયનની પરંપરા તેનાથી સ્થપાઈ. એમના ગ્રંથની સામગ્રી, ચર્ચાઓ અને કેટલીક સ્ફુરણાઓ હજી પણ ભારતીય આર્ય ભાષાઓના ઐતિહાસિક અને તુલનાત્મક અભ્યાસ માટે ઘણી ઉપયોગી છે.

ડૉ. ચેટરજીના અધ્યયનની લાક્ષણિકતા એ હતી કે ભાષાને તેઓ તેના ભાષકોના ઇતિહાસ, સાંસ્કૃતિક પરંપરા અને સાહિત્યના બૃહત સંદર્ભમાં તપાસતા. ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને ભાષાઓના કેન્દ્રમાંથી તેમના અધ્યયનની ત્રિજ્યાઓ તેમની સાથે સંલગ્ન ભાષાઓ અને સંસ્કૃતિઓ તરફ વિસ્તરતી. અને ભારતીય સસ્કૃતિ પ્રત્યેનો તેમનો અભિગમ પણ વૈજ્ઞાનિક અને વ્યાપક હતો. આર્યોના સાંસ્કૃતિક પ્રદાનનું યથોચિત ગૌરવ કરવા સાથે 'નિષાદો', 'કિરાતો' અને 'દાસો'નું (એટલે કે કોલ-મુંડા જેવી ઓસ્ટ્રિક ભાષાઓના; નેવારી, નાગા, બોડા વગેરે જેવી ચીની-ભોટ ભાષાઓના; તથા દ્રાવિડી ભાષાઓના ભાષકોનું) સાંસ્કૃતિક પ્રદાન પણ તેમણે મૂલવ્યું છે.



ડૉ. ચેટરજી એક પ્રખર માનવવાદી હતા. જે જે સાંસ્કૃતિક પરંપરાનો કોઈક નિકટનો સંપર્ક સાધવાનો તેમને અવસર પ્રાપ્ત થતો હતો તે તે પરંપરાની ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યનો ભારતીય પરંપરા સાથેના સંદર્ભમાં (અથવા તો ભારત-યુરોપીય વારસાના સંદર્ભમાં) પ્રમાણભૂત અને રસિક પરિચય આપતો અભ્યાસગ્રંથ તેમના તરફથી મળતો. લિથુઆનિયા અને લેટવીઆના માત્ર અઠવાડિયાના પ્રવાસે તેમણે જે સંપર્કો સાધ્યા અને સામગ્રી એકઠી કરી તેના ફળ રૂપે 'બાલ્ટ્સ ઍન્ડ આર્યન્સ' નામનો ગ્રંથ આપણને મળ્યો. તેમાં બાલ્ટિક લોકોનો ઇતિહાસ, તેમની

હરિઃ ૐ આશ્રમ તરફનું
અંક ૬૪૨ માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'અશ્વિનીકુમાર દત્ત'ના
ઢૉ. શ્રી અરવિંદ પી. દવે અને શ્રી બિહારીલાલ ટાંકને મળે છે.

સાંસ્કૃતિક અને સાહિત્યિક પરંપરા, તેમની ભાષાનો ભારત-યુરોપીય મૂળમાંથી થયેલો ક્રમિક વિકાસ વગેરેને લગતી જે જાણકારી પ્રાપ્ત છે, તેનું વ્યવસ્થિત દોહન, કેટલીક મૌલિક ચર્ચા, અર્થઘટન અને સંયોજના સાથે તેમણે આપેલું છે. બાલ્ટ લોકગીતો 'દૈના'નું રસદર્શન વૈદિક સૂક્તોના દેવતા, નિસર્ગોપાસના વગેરેને અનુલક્ષીને સૂક્તોનું અને દૈનાનું સામ્ય, બાલ્ટિક 'દૈના', વૈદિક 'ધેના' (પ્રાર્થના) અને અવેસ્તી 'દએના' (જે પછીથી અરબીમાં 'દિન'–એટલે કે 'ધર્મ' રૂપે મળે છે) એ શબ્દોની એકતા, મૂળ ભારતીય–યુરોપીય સંસ્કૃતિનું દિગ્દર્શન વગેરે અનેક બાબતોને કારણે આ પુસ્તક રસપદ અને સમૃદ્ધ બન્યું છે.

બંગાળી ભાષા-શિક્ષણ, પ્રાકૃત ભાષાઓ, રાજસ્થાની ભાષા, આસામ-હિમાચલ પ્રદેશ વગેરેની આદ્ય કિરાત સંસ્કૃતિ, તુલસીદાસની પહેલાની જૂની કોસલી ભાષા, ઇથિઓપીઆ અને ભારતનો સંપર્ક, ભારતીય ભાષાઓ અને સાહિત્યો એમ અનેક વિષયોને લગતાં શાસ્ત્રીય કે પરિચયાત્મક સાહિત્યનો પ્રવાહ તેમની કલમમાંથી લગાતાર વહેતો રહ્યો છે. આ વિષે એમણે ૩૮૦ થી વધુ અભ્યસનીય પુસ્તકો લખ્યાં છે.

ઈ. ૧૯૪૦માં ગુજરાત વિદ્યાસભાને આશ્રયે તેમણે આપેલાં વ્યાખ્યાન 'ઈન્ડો આર્યન ઍન્ડ હિન્દી' એ નામે અંગ્રેજીમાં પ્રગટ થયાં છે (ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કરેલો એનો ગુજરાતી અનુવાદ 'ભારતીય આર્ય અને હિન્દી' એ નામે પ્રકાશિત થયો છે.) તેમાં હિન્દીના ઇતિહાસ, ઘડતર અને સ્વરૂપ વિષે તથા રાષ્ટ્રભાષા તરીકે તેના સ્વીકારને લગતી વિવિધ સમસ્યાઓ વિષે તટસ્થ વૈજ્ઞાનિકતાથી અને છતાં રાષ્ટ્રીય ભાવનાથી જે માહિતીસભર વિચારણા અને ઉકેલો તેમણે રજૂ કર્યા છે, તે ડૉ. ચેટરજીના પાંડિત્ય, ડહાપણ, સૂઝ અને વિચારશક્તિના દ્યોતક છે.

ડૉ. ચેટરજી સાથે ભાષાને અને ભાષાના ઇતિહાસને વ્યાપક સાંસ્કૃતિક અને માનવીય સંદર્ભમાં તપાસવાનો રસ ધરાવતી આગલી ભાષા–અધ્યયનની પરંપરાનો પણ આપણે ત્યાં અસ્ત થયો એમ લાગે. આધુનિક સામાજિક–વૈજ્ઞાનિક અને સંસ્કૃતિનું સંકેત વિજ્ઞાન 'સેમિઓટિક્સ ઑવ કલ્ચર'–કાંઈક એ દિશા તરફનાં વલણો છે ખરાં, પણ પદ્ધતિ, દૃષ્ટિ અને અભિગમમાં કેટલોક મૌલિક ભેદ છે. ડૉ. ચેટરજીનાં જીવનકાર્યમાંથી પ્રેરણા લઇને ભાષા અને સંસ્કૃતિનું અધ્યયન આગળ ચાલતું રહે એ જ તો એમને માટેની સાચી શ્રદ્ધાંજલિ હોય.

('નિરીક્ષક'માંથી) — હરિવલ્લભ ભાયાણી

સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા

'કુમાર'માં વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ સાહિત્યસર્જનને માટે અપાતા 'કુમાર-ચન્દ્રક'ની સાથે ત્રણ વર્ષ સુધી જેમના નામે રૂ. ૫૦૧નું એક પારિતોષિક આપવાનું જાહેર થયું છે, એ સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા ખાદીના પ્રચાર-પ્રસારના ક્ષેત્રે એક અગ્રગણ્ય વ્યક્તિ હતા.

ઈ ૧૯૧૨માં સૌરાષ્ટ્રમાં જૂનાગઢ નજીક બિલખા મુકામે એમનો



જન્મ થએલો. બાર વર્ષની વયે એકાએક પિતાનું છત્ર ગુમાવતાં કૌટુંબિક જવાબદારીઓ અદા કરવા એમણે મુંબાઈ જઈ ત્યાંની મૂળજી જેઠા માર્કેટમાં એટલી નાની વયે ગુમાસ્તા તરીકે નોકરી લીધી ને ધીરેધીરે કાપડના વ્યાપાર અંગે ઊંડી સૂઝ મેળવી લીધી. એ સૂઝ અને દેશપ્રેમની ભાવનાનો સમન્વય કરી તેઓએ ચરખા સંઘમાં પણ કામ કર્યું. ૧૯૪૩માં લગ્ન કરી એમણે અકલોલી (થાણા જિ.)માં હાથછડના ચોખાનો વેપાર પણ કર્યો. તે પછી ત્રણેક વર્ષ નવજીવન સંઘમાં પણ કામ કર્યું

પણ ખાદી પ્રત્યે એમને અજબ પક્ષપાત હોઈ ફરી એ ક્ષેત્રમાં પ્રવેશી એમણે મુંબાઈ ઉપનગર સંઘ સંચાલિત એક ખાદી ભંડારની કાલબાદેવીમાં સ્થાપના કરી પાંત્રીસ વર્ષ સુધી એનું કામ કર્યું. દરમિયાન પોતાની સૂઝથી એમણે ખાદી ઉત્પાદનમાં અનેક સુધારા કરી એમાં વિધવિધ રંગ અને ભાતનું ઉમેરણ કરીને એને ખૂબ લોકપ્રિય બનાવી. એ અંગેના એમના પ્રયોગો અને પરિશ્રમને લીધે તેઓ ખાદીછપાઈના 'રાજા' કહેવાતા. કાર્યદક્ષતા અને વ્યાપારી સૂઝને કારણે એમનું કામ ઘણું દીપી ઊઠ્યું હતું. ઉત્પાદનની ઊંચી ગુણવત્તા જાળવી રાખવાના તેઓ ચુસ્ત આગ્રહી હતા ને હાથ ધરેલા કાર્ય અંગેની ચીવટ તથા સહિષ્ણુતા એ બે એમના મોટા ગુણ હતા. વડાલામાં એમણે સ્થાપેલા 'ગુજરાત ખાદી વસ્ત્રાગાર' તથા અન્ય અનેક વેચાણ કેન્દ્રો તથા 'દડિયા ટેક્સ્ટાઈલ્સ' જેવા ઉત્પાદનકેન્દ્ર દ્વારા ખાદીની લોકપ્રિયતા અને વેચાણ વધારવા એમણે કરેલી વ્યવસ્થા અવિસ્મરણીય બની રહી છે. 'મન સમજ સમજ પગ ધરીએ' એ એમનું એક જીવનસૂત્ર હતું એ રીતે જ એ જીવ્યા અને એ રીતે સમજપૂર્વક એમણે ચાલુ કરેલાં બધાં કાર્યો એમના એકાએક થએલા અવસાન પછી યે સુવ્યવસ્થિત રીતે ચાલી રહ્યાં છે.

'કુમાર' ચન્દ્રક ઉપરાંત

રૂ. ૫૦૧નું નવું પારિતોષિક

અમને જાહેર કરતાં આનંદ થાય છે કે 'કુમાર'માં આવતા લેખો પૈકી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે રૂ. ૫૦૧નું એક પારિતોષિક મુંબાઈના શ્રી હર્ષદરાય કે. દડિયા (દડિયા ટેક્સ્ટાઈલ્સ) તરફથી તેમના સ્વ. પિતાશ્રીના નામથી **'સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક'** તરીકે આપવા માટે ત્રણ વર્ષની રૂ. ૧૫૦૩ની રકમ અમને મળી છે. એ માટે એમનો આભાર માનીએ છીએ. સદરહુ પારિતોષિકના નિર્ણાયકો તરીકે 'કુમાર' ચન્દ્રકના નિર્ણાયકો જ રહેશે ને 'કુમાર' ચન્દ્રકના વિજેતાને એ ચન્દ્રક ઉપરાંત આ પારિતોષિક પણ અપાશે. આશા છે કે ગુજરાતના લેખકો આનો લાભ લેશે.

ડોડી

ડોડી કે મીઠી ખરખોડી એક શ્રેષ્ઠ શાક ગણાય છે. અતિ પ્રાચીનકાળથી એ શાક તરીકે જાણીતી છે. જીવંતી, જીવા, જીવાનિયા, મધુસ્રવા, મંગલ્યનામધેયા, શાકશ્રેષ્ઠા અને પયસ્વિની એ ડોડીનાં સંસ્કૃત નામો છે. જાઈના વેલા જેવા ડોડીના વેલા થાય છે અને આપમેળે ઊગીને વાડવંડી ઉપર ફેલાઈ જાય છે. ડોડી એ વર્ષાઋતુમાં થનારો, ચીકણો અને વૃક્ષોને વીંટળાઈ વળનારો વધારે પાનવાળો ઝડપથી વધનારો બાર માસી વેલો છે. પંજાબ, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા, મધ્ય ભારત ને ગુજરાત-સૌરાષ્ટ્રમાં એ થાય છે. આ વેલાનું મૂળ જમીનમાં ઊંડે સુધી જાય છે. વધારે જૂનાં મૂળ હાથના કાંડા જેવાં જાડાં અને કાપવાથી છિદ્રાળું લાગે છે. મૂળની વાસ થોડી ઉગ્ર અને સ્વાદ ફિક્કો અને પછી કંઈક મીઠાશવાળો લાગે છે. તેનાં પાન પાતળાં ચીમળાએલાં, એક-બે ઇંચ લાંબાં અને દોઢેક ઇંચ પહોળાં તથા અણીદાર હોય છે. પાન ઉપરની બાજુએ રુવાંટીવાળાં તથા સહેજ વાસવાળાં હોય છે.

ડોડીના ફળને ડોડાં કે ખરખોડાં કહે છે. ડોડાં બે થી ત્રણ ઇંચ લાંબાં, અર્ધો-પોણો ઇંચ જાડાં, લીલા રંગનાં અને આકડાનાં ફળ જેવાં હોય છે. ડોડાં તોડવાથી પીળા રંગનો દૂધ જેવો રસ નીકળે છે. શિયાળામાં ડોડીના વેલા પર ડોડાં બેસે છે. કૂણાં ડોડાંનું શાક અને કઢી થાય છે. કુમળાં ડોડાંનું શાક તેલ અને મરચાંના વધારથી ખૂબ સ્વાદિષ્ટ બને છે. ડોડાં ભાગ્યે જ બજારમાં વેચાવા આવે છે. એટલે મુખ્યત્વે ગામડાના લોકો જ તેનું શાક ખાય છે. શહેરી પ્રજાએ પણ ડોડીના શાકનો લાભ લેવા જેવો છે. દહીં કે છાશ સાથેની ડોડીનાં કૂણાં પાનની ભાજી પણ સ્વાદિષ્ટ લાગે છે. ભાજી ખાવાથી આંખોનું તેજ વધે છે. ઉનાળામાં ડોડીની ભાજી ખાસ ખાવા જેવી છે. ડોડાંનું અથાણું પણ થાય છે.

ડોડાં પાકી સુકાઇને ફાટતાં તેમાંથી એક કાળું ઝીણું બી નીકળે છે. તેની ચોપાસ કપાસની માફક બહુ જ ઝીણા સુંવાળા આછા રેસાઓ લાગેલા હોય છે. એથી એ હવામાં ઊડયા કરે છે. ડોડીના મૂળનો ઔષધિ તરીકે ઉપયોગ થાય છે. ક્વાથ માટે તેના મૂળની એકથી બે તોલા સુધીની ને ચૂર્ણ માટે ત્રણ થી છ માસા સુધીની માત્રા છે.

ડોડી કે મીઠી ખરખોડી ઠંડી, મધુર, સ્નિગ્ધ, ત્રિદોષહર, રસાયનરૂપ, બળ આપનાર, નેત્રને હિતકારી, ઝાડાને રોકનાર અને હલકી છે. પુષ્ટિ આપનાર, વીર્યને વધારનાર, રુચિ ઉત્પન્ન કરનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર ને હલકી હોઈ પિત્ત, કફ, અર્શ, કૃમિ, ગોળા તથા વિષરોગને મટાડે છે.

આધુનિક વૈદકના મત પ્રમાણે ડોડી સ્નેહન, શીતલ, મૂત્રલ અને શોથહર છે. એક વિદેશી કંપનીએ ડોડીનું સત્ત્વ તૈયાર કરાવ્યું છે અને તેની ટીકડીઓને 'લેપ્ટેડિન' નામ આપેલ છે. આ ટીકડીઓ ગર્ભાશયના શોધન માટે અપાય છે. જે માતાનાં બચ્ચાં નાની વયમાં વિસર્પરોગથી પીડાઇને મરી જાય છે તેને એના સેવનથી ફાયદો થાય છે. એ સાબિત કરે છે કે ડોડીમાં જીવનીય ગુણ છે. ડોડીના મૂળનું સેવન કરવાથી સ્ત્રીઓના કોઠાની ગરમી દૂર થઈ જે સ્ત્રીઓનાં રતવાથી બાળકો ન જીવતાં હોય તે જીવે છે.

ડોડીના મૂળનો કલ્ક એક શેર, ડોડીનાં મૂળ તથા શતાવરીનો ક્વાથ સોળ શેર અને ગાયનું ઘી ચાર શેર એકત્ર કરી મંદાગ્નિ પર એ ઘી સિદ્ધ કરવું. સવાર-સાંજ એક-એક તોલો આ ઘી ખાવાથી ક્ષય, ઉરઃક્ષત, દાહ, દષ્ટિની મંદતા અને રક્તપિત્ત મટે છે.

ડોડીનાં કૂણાં પાનને બાફીને તેનો રસ પીવાથી અગ્નિદીપન થાય છે. તેમજ રસાયન જેવો ગુણ આપે છે અને નેત્રને ઠંડક પણ આપે છે. ડોડીની ભાજીનું સેવન રતાંધળાપણું મટાડે છે. અર્શમાં પણ તે પથ્ય છે.

ડોડી અને ખીજડાનાં મૂળનું ચૂર્ણ ચારથી છ માસા સરખે ભાગે સાકર મેળવી ખાવાથી ને તેના ઉપર દૂધ પીવાથી શુક્રસ્રાવ બંધ થાય છે.

ડોડીના મૂળનો ઉકાળો દોઢ માસો, જીરાનું ચૂર્ણ મેળવી ત્રણ દિવસ સુધી સવારે ખાવાથી અને ઉપર દૂધ પાણી એકત્ર કરી પીવાથી પેશાબ વખતે થતી બળતરા ઓછી થાય છે, એકઠું થયેલું પરુ નીકળી જાય છે અને નવા થએલા પરમિયામાં ફાયદો કરે છે. ડોડીની એક જંગલી જાત પણ થાય છે જેનાં ફળ કડવાં હોય છે. —માધવ મો. ચૌધરી

ગણિતગમ્મત

બે બાજુબાજુની સંખ્યાઓમાં ૪૦ અને ૪૧ એવી સંખ્યા છે કે

$$૪૧ + ૪૦ = ૮૧ = ૯^{૨}$$ તથા

$$૪૧^{૨} - ૪૦^{૨} = ૮૧ = ૯^{૨}$$ થાય છે.

અને આ બંને સંખ્યાના આંકડાઓનો સરવાળો—

$$૪ + ૧ + ૪ + ૦ = ૯$$ થાય છે.

આના પછીનું તરતનું આવું ત્રણ આંકડાનું જૂથ તમે શોધી શકશો' કે જેમાં ઉપર મુજબની ખાસિયત જોવા મળે?

જવાબ: ૧૮૦ અને ૧૮૧. ઉપરની જ રીતે—

$૧૮૧ + ૧૮૦ = ૧૯^{૨}$ તથા $૧૮૧^{૨} - ૧૮૦^{૨} = ૧૯^{૨}$ થાય છે. અને $૧ + ૮ + ૧ + ૧ + ૮ + ૦ = ૧૯$. —કિશોર ન. ગોરધનદાસ

પરદેશનાં પત્રમિત્રો

(1) Mr. Alan Heathcote, 11 Glanmore Road, P. O. Chisipite, Sailsbury, Rhodesia. (Age 16) Pop. reading, sports. (2) Miss Barbara Gordon, 60 Valley of Tears, Wissmar, Demerara River, Linden, Guyana (Age 16) Reading, singing, dancing. (3) Mr. Eamonn Kenny, 12 Ulverton Road, Dalkey, co. Dublin, Ireland. (Age 14) Aeroplane modelling, stamps, sports, reading. (4) Mr. Andrzej Podgorski, 33-100 Tarnow, Ul. M. Buczka 48, Poland. (Age 16). Travelling, Sports, Pop and classical music, stamps. (5) Mr. Jaroslaw Smogor, 69-700 Czarnkow, ul. Sikorskiego 43a/4. woj. Poznan, Poland (Age 16) Travelling, foot-ball, stamps, viewcards. (6) Miss Karyn Parsons, 27 Bridge Street, Eketahuna, Wairarapa, North Island, New Zealand–Sports, stamps Knitting, crochet.

ગુજરાતના પીડિત લોકો માટે ઉદાર હાથે સહાય કરો

શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપદ નીચે કાર્ય કરતી 'ગુજરાત રાજ્ય રાહત સમિતિ' માટે લાયન્સ ક્લબ ઑવ અંધેરીની 'સ્પેશિયલ પ્રોજેક્ટ કમિટી' દાન સ્વીકારે છે અને એ અંગેનો વહીવટી ખર્ચ જાતે ભોગવીને બધી રકમ રાહત સમિતિને અમદાવાદ પહોંચતી કરે છે.

આ દાનની રકમને આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.

આપનું દાન C/o એલ. પી. શાહ ઍન્ડ સન્સ, સેન્ટ્રલ બિલ્ડિંગ નં. ૨, પહેલે માળે, ન્યૂ સિલ્ક બઝાર, કાલબાદેવી પોસ્ટ ઑફિસ સામે, મુંબઈ–૪૦૦ ૦૦૨ એ સરનામે મોકલવા વિનતિ. (ટેલિફોન નં. ૩૧૯૪૩)

ગુજરાતી સાહિત્ય મંડળ · કલકત્તા

ડિસેમ્બરમાં મંડળ નીચે મુજબ કાર્યક્રમો યોજશે: (૧) નાટ્યવિષયક પરિસંવાદ વ્યાખ્યાનમાળા: વ્યાખ્યાતા: કવિ નાટ્યકાર સિતાંશુ યશશ્ચંદ્ર (૨) 'આહુજાસુડાં'નું પ્રકાશન. સંપાદક તથા નિર્ણાયક સિતાંશુ યશશ્ચંદ્ર, (૩) શ્રેષ્ઠ એકાંકીને નવરોઝ ચંદ્રકના રૂ. ૫૦૧)નું પારિતોષિક. એકાંકીઓ તા. ૧૫–૮–૭૭ સુધીમાં—જયન્તીલાલ મહેતા, ૪૮/૧A હરીશ મુખરજી રોડ, કલકત્તા-૭૦૦ ૦૨૫–એ સરનામે મોકલી આપવી.

માસમાસના આકાશમાં: જુલાઇ–ઑગસ્ટ



હાલના આકાશમાં 'ભૂતેશ' તારામંડળમાં 'સ્વાતિ', કન્યામાં 'ચિત્રા', કિરીટમાં 'કોહિનૂર' ને વીણામાં 'અભિજિત' તથા દક્ષિણે સાર્થનામ વૃશ્ચિકમાં 'પારિજાત' જેવા તેજસ્વી તારાઓ તથા કાલિય, શૌરિ, સર્પધર વગેરે તારામંડળો દેખાય છે તેને તો આપણે ઓળખીએ છીએ. હવે પૂર્વાકાશેથી એમાં ધીરેધીરે 'હંસ', 'ગરુડ', 'ધનુ' વગેરે તારામંડળો ઉમેરાઈ રહ્યાં છે. શૌરિ અને વૃશ્ચિકની વચ્ચે 'સર્પધર' તારામંડળનું પૂર્ણ દર્શન પણ હવે શક્ય છે. એક લાંબા સર્પનાં મુખ અને પુચ્છ પકડીને એના દેહ પર પગ ખોડી ઊભેલા સર્પધર એટલે કે ગારુડીની આકૃતિની એમાં કલ્પના છે. નવાં આવી રહેલાં તારામંડળોમાં 'હંસ'માં 'હંસપુચ્છ' એક વિખ્યાત તારો છે. આપણે હવે એને ગાંધીજીનું નામ પણ આપ્યું છે. મૃગ તારામંડળના 'બાણરજ' તારા જેટલો તેજસ્વી હંસપુચ્છ તારો આપણાથી લગભગ ૧૬૦૦ પ્રકાશવર્ષ દૂર છે. એનું વાતાવરણ સ્પંદન પામતું હોવાનું મનાય છે. હંસની સામે 'ગરુડ' પણ એવું જ સુંદર તારામંડળ છે. આ ગરુડની આંખના સ્થાને દેખાતા તેજસ્વી તારાને આપણે 'શ્રવણ' નામે ઓળખીએ છીએ. એની બે બાજુ તોળાઈ રહેલા બે તારા એ આ શ્રવણે કાંધ પરની કાવડમાં બેઠેલાં એનાં અંધ માતાપિતા હોવાની ઉપાડેલી કલ્પના છે. આપણાથી સાડા સોળ પ્રકાશવર્ષ દૂરનો આ શ્રવણ તારો સૂર્ય કરતાં ય દસ ગણો તેજસ્વી છે ને કદમાં સૂર્યથી દોઢ ગણો. શ્રવણનો આકાર ચપટો ગોળ છે. એટલે કે એના ધ્રુવીય વ્યાસ કરતાં પોતાના વિષુવવૃત્ત પાસે એનો વ્યાસ દોઢેક ગણો વધારે છે. આનું કારણ એ છે કે પોતાની ધરી પર માત્ર સાડા સાત કલાકમાં જ એ એક ચક્કર પૂરું કરી લે એટલી ઝડપથી એ અક્ષભ્રમણ કરે છે. આ અતિવેગથી શક્ય છે કે પોતાના વિષુવવૃત્ત પાસેનું એનું દળ વધુ ને વધુ પ્રસરતું જઈ ભવિષ્યમાં એનું વિભાજન થઈ જાય. જોકે હાલમાં યે એ એક અત્યંત ઝાંખા સાથીદાર સાથેનો એક યુગ્મતારક તો છે જ, પણ પછી એ ત્રણ તારાની ત્રિપુટી બની જશે.

—બિ. ઠાં.

આ માસ (જુલાઇ) ઇતિહાસમાં

તા. ૧ (૧૮૦૦) 'ઇંડિયન સ્ટાંડર્ડ ટાઈમ'ના અમલનો આરંભ થયો. પૂર્વ-પશ્ચિમ લગભગ ૩૦૦૦ કિ.મી થી યે વધુ વિસ્તૃત હિંદુસ્તાનમાં સ્થાનિક સમયની તફાવતભરી ગણનામાં રહેલી અવ્યવહારુતા ટાળી સમગ્ર દેશમાં એક સરખી સમયગણના આણવાની નેમ એમાં હતી. આ મુજબ ૮૨½ અંશ પૂર્વ રેખાંશ પરના સમયને આપણા દેશમાં પ્રમાણભૂત ગણવામાં આવે છે. ગ્રીનીચથી બરાબર ૫½ કલાક આગળ રહેતો આ સમય પાકિસ્તાનના કરતાં અર્ધો કલાક આગળ અને બાંગ્લા દેશના સમય કરતાં અર્ધો કલાક પાછળ છે.

તા. ૨ (૧૮૪૩) હોમીઓપથીની ઉપચાર-પદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું અવસાન.

તા. ૩ (૧૯૫૩) જર્મન-ઑસ્ટ્રીઅન પહાડખેડુ એઆએ હિમાલયનું નગાપર્વત શિખર સર કર્યું.

તા. ૮ (૧૯૫૪) ભારતની ગંજાવર બંધ યોજના ભાકરા-નાંગલનું પં. નેહરુના હસ્તે ઉદ્ઘાટન.

તા. ૯ (૧૮૨૭) હિંદુસ્તાનીઓને જ્યૂરીમાં બેસવાનો અધિકાર મળ્યો.

તા. ૧૧ (૧૮૭૨) હિંદમાં પાંચરૂપિયાની ચલણી નોટો મુંબાઈથી પહેલવહેલી ચલણમાં મુકાઈ.

તા. ૧૯ (૧૫૩૧) વૈષ્ણવોના પુષ્ટિમાર્ગના સ્થાપક વલ્લભાચાર્યનું અવસાન. ગોદાવરી-તટ પરના કાકરવાડના એક રુદ્રસંપ્રદાયી તેલુગુ બ્રાહ્મણ લક્ષ્મણભટ્ટ અને ઈલ્લમ્માગારૂના એ પુત્ર. બચપણથી જ શાસ્ત્રાભ્યાસમાં પારંગત થઈ ગયા હતા. શંકરાચાર્ય, રામાનુજ અને મધ્વના



દાર્શનિક વિચારોથી આગળ જઈ, ભાગવત મહાપુરાણને આધાર માની એમણે શુદ્ધાદ્વૈત નામક પોતાની દાર્શનિક વિચારધારા વિકસાવી હતી. સગુણ રૂપને જ બ્રહ્મનું યથાર્થ રૂપ માની એ પરમ ચેતનને વલ્લભાચાર્યે સત્ ચિત-આનંદમય પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના નામથી અભિહિત ગણાતા 'પુષ્ટિમાર્ગ'ની સ્થાપના કરીને દેશભરમાં એનો પ્રચાર કરેલો અને વ્રજભૂમિમાં એની પ્રધાન ગાદી સ્થાપી હતી. અટપટા શાસ્ત્ર-જ્ઞાનને બદલે એમણે બતાવેલા સરળ ભક્તિમાર્ગને લોકસમૂહે આસાનીથી અપનાવી લીધો. પોતાના વિચાર પ્રસારવા એમણે ત્રણવાર દીર્ઘ યાત્રાટનો કરેલાં. વિજયનગરના કૃષ્ણદેવરાયે કનકાભિષેક કરી એમનું બહુમાન કરેલું. મધુમંગલ નામક એક બ્રાહ્મણની પુત્રી મહાલક્ષ્મી સાથે એમણે લગ્ન કરેલું. વયના બાવનમા વર્ષે પ્રયાગમાં સંન્યાસદીક્ષા લીધી અને ત્યારબાદ કાશી જઈ ત્યાં ચાળીસ દિવસ પૂર્ણ ઉપવાસ કરી સતત ભગવદ્ચિંતન કરી અંતે શક ૧૪૫૨ના અષાઢ સુદ ત્રીજના મધ્યાહ્નકાળે કાશીના હનુમાન ઘાટ પરથી ગંગામાં જળસમાધિ લીધી હતી. બ્રહ્મસૂત્રોનું 'અણુભાષ્ય', શ્રીમદ્ ભાગવતની 'સુબોધિની' ટીકા તથા 'તત્ત્વદીપ નિબંધ', 'પૂર્વ-મીમાંસા ભાષ્ય', 'ગાયત્રીભાષ્ય', 'પત્રાવલંબન', 'પુરુષોત્તમ સહસ્રનામ', 'દશમસ્કંદ અનુક્રમણિકા', 'ત્રિવિધ નામાવલી', 'ભગવત્પીઠિકા', 'ન્યાયાદેશ', 'સેવાફલ વિવરણ', 'પ્રેમામૃત' અને વિવિધ અષ્ટકો વગેરે સહિત એમના લગભગ ૩૧ ગ્રંથો વિખ્યાત છે, જેમાંના પ્રથમ ત્રણ એમના દાર્શનિક મતના આધારસ્તંભ સમા સંસ્કૃત ગ્રંથો છે. બે વર્ષ પછી એમની પંચ શતાબ્દી આવે છે.

તા. ૨૦ (૧૯૦૫) અઢારસો સત્તાવન પછી હિંદભરમાં પ્રથમ વ્યાપક રાષ્ટ્રદ્રોહ પ્રકટાવનાર બંગાળાના ભાગલાની જાહેરાત થઈ.

તા. ૨૮ (૧૯૧૪) પ્રથમ મહાયુદ્ધનાં મંડાણ. સર્બિયાના રાજા ફ્રાંસિસ ફર્ડિનાન્ડની હત્યાની તપાસમાં સર્બિયાની પોલીસ સાથે પોતાની પોલીસ રાખવા માટેની ઑસ્ટ્રીઆની માગણી ને નકારવાથી તેણે હંગેરી સામે યુદ્ધ જાહેર કર્યું. રશિયા પણ આ યુદ્ધમાં કૂદી પડ્યું અને તેની સામે જર્મની યુદ્ધમાં ભળ્યું. એ પછી ફ્રાંસ, બેલ્જિયમ અને બ્રિટન પણ ભળ્યાં. ઈ. ૧૯૧૪ની આખર સુધીમાં તેર રાષ્ટ્રો યુદ્ધમાં સામેલ થઈ ગયાં હતાં ને ત્યાર પછી બીજાં પણ. આ વ્યાપક યુદ્ધમાં ૪,૦૦,૦૦,૦૦૦ સૈનિકો લડ્યા, જેમાંથી લગભગ ૧,૦૦,૦૦,૦૦૦ માર્યા ગયા. સબમરીન, હવાઈજહાજ અને ટૅન્કોનો આ યુદ્ધમાં પહેલી વાર ઉપયોગ થએલો. યુદ્ધના કારણે મહા અછતની સ્થિતિ પેદા થઈ, રશિયામાં લોકક્રાંતિ થઈ અને સૌથી વધુ તો આ યુદ્ધ પછી પ્રસરેલા ઈન્ફ્લુએન્ઝાને કારણે તો યુદ્ધ કરતાં પણ અનેકગણી મોટી માનવખુવારી થઈ હતી.



ચર્ચિલ એક વાર કોઈ સ્નેહીને મળવા ગયા હતા. ત્યાં એટલું મોડું થઈ ગયું કે પોતાને રેડિયો પર વાર્તાલાપ આપવાનો સમય ભરાઈ ગયો. તેથી ઉતાવળા ટૅક્સી સ્ટૅન્ડ પર જઈ એક ટૅક્સીવાળાને પોતાને જલદી બી.બી.સી. પર લઈ જવા કહ્યું: ટૅક્સીવાળાએ એટલે દૂર જવાની ના પાડતાં તેનું કારણ પૂછતાં તેણે કહ્યું: 'આજે થોડી વાર પછી ચર્ચિલ વાર્તાલાપ આપવાના છે, તે સાંભળવા મારે જલદી ઘેર જવું છે.' એ સાંભળી ચર્ચિલે ખુશ થઈ તેને એક પાઉન્ડની નોટ આપી. એ ગજવામાં મૂકતો ટૅક્સીવાળો બોલ્યો: 'બેસી જાઓ સાહેબ, ચર્ચિલ જાય જહન્નમમાં!'

∞

એક પ્રોફેસર સાહેબ બસ ઊપડતાં રસ્તા પરની ઘડિયાળમાં જોયું તો સાડા નવ વાગ્યા હતા. થોડે દૂર જતાં એક બીજી ઘડિયાળમાં નજર પડતાં તેમાં સવા નવ વાગેલા જોયા. એ જોતાં વેંત બસ અવળી દિશામાં જઈ રહી છે એમ માનીને તરત ઊતરી પડ્યા!

∞

મૅનેજરે પૂછ્યું: 'તમારી પાસે જૂની નોકરીનું પ્રમાણપત્ર છે?'

'હા, જી' કહીને ઉમેદવારે તે આપ્યું. મૅનેજરે પ્રમાણપત્ર વાંચ્યું. તેમાં લખ્યું હતું: 'શ્રી ફલાણા એક માસ બાદ અમારે ત્યાંથી નોકરી છોડી રહ્યા છે, જેનાથી અમને સંતોષ છે.'



('જનસત્તા'માં 'શિવ')

થાકી જશે તું માર્ગમાં એ કેમ ચાલશે ?
તારી જ લાશ છે અને તારો જ સ્કંધ છે.

પહેલા મહાયુદ્ધ વેળા એક કટોકટીની લડાઈ વખતે સરસેનાપતિ માર્શલ ફૉશની પાસે પોતાના લશ્કરની ભયંકર ખાનાખરાબીના સમાચારો ઉપરાઉપર આવવા લાગ્યા ત્યારે એ જીવસટોસટની પળે તેણે જે વિખ્યાત હુકમ આપ્યો તે આજ પણ યુદ્ધ-સંચાલનનાં સર્વ પાઠ્યપુસ્તકોમાં અમર સ્થાન પામ્યો છે: 'મારા લશ્કરનો મધ્ય ભાગ તૂટી રહ્યો છે. મારી જમણી પાંખ પાછી હઠાવી દેવાઈ છે ને મારી ડાબી પાંખ ઢચુપચુ બની ગઈ છે. પરિસ્થિતિ બહુ ઉમદા છે! હું હલ્લો જ કરીશ!'

અને એણે જે હલ્લો કર્યો તેણે દુશ્મનોની કરોડ ભાંગી નાખી.

કહેવતો: 'દુકાળમાં અધિક માસ'—વરસાદ ઓછો થઈને દુકાળનું વર્ષ ચાલતું હોય તેમાં પાછો અધિક માસ ઉમેરાઇને વિપત્તિનો ગાળો વધે તે દૃષ્ટાંત લઈ ઉપરાઉપર આવતી વિપત્તિ માટે વપરાતી કહેવત. એવી બીજી: 'દુખતી આંખે ઝોકો વાગે'; 'ખાવાનાં સાંસાં ત્યાં પરોણાના વાસા' વગેરે.

અનેકાર્થી શબ્દ: વેધ = છિદ્ર, વેહ; દોષ, બાધ; જખમ; ગ્રહ, તારા વગેરે આકાશી પદાર્થોનું ગતિ, સમય વગેરેનું નિરીક્ષણ; સુતાર કે કડિયાના કામમાં શાસ્ત્રીય દોષ; સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પહેલાંનો સૂતકનો સમય; ખાર કે રોષ; ગણિતમાં કૉઑર્ડિનેટ ઑવ ઝેડ; કોઈ પણ ત્રિકોણના શિરોબિંદુમાંથી તેની સામેની ભુજા પર દોરેલો લંબ; પરિધિનો નવમો ભાગ.

અંકસંદર્ભ—પાંચ: પંચરત્ન—ઈન્દ્રનીલ, હીરો, માણેક, મોતી, પરવાળું; પંચપ્રમાણ—શબ્દ પ્રમાણ, આપ્તવાક્ય પ્રમાણ, અનુમાન પ્રમાણ, ઉપમાનપ્રમાણ, પ્રત્યક્ષ પ્રમાણ; પાંચ પ્રાચીન (મૂળ) ભાષા—સંસ્કૃત, ગ્રીક, લૅટિન, હિબ્રૂ, અરબી.

નવી વ્યાખ્યા: પિતા પહેલાં ખૂબ આપે છે અને પછી ક્યારેક માગે છે; સરકાર પહેલાં ખૂબ માગી લે છે અને પછી થોડુંક આપે છે.

વેસેલિન ખલાસ થઇ ગયું હોય એવી ખાલી શીશીને સાફ કર્યા વિના (અંદર થોડું વેસેલિન ખરડાએલું હોય તે રહેવા દઇને) તેમાં ઉપયોગી સ્ક્રૂ, ખીલીઓ, હૂક, ઝીણા નકૂચા વગેરે રાખી મૂકવાથી કટાશે નહિ.



બે હજાર વર્ષ પૂર્વે પેરુ (દ. અમેરિકા)ની અમુક જાતિઓમાં કઠણ કાચ અને કાંસાની ધારદાર છરી વડે ખોપરીની શસ્ત્રક્રિયા થતી હતી! પાટો બાંધવા માટે તેઓ પોતાના પ્રદેશમાં જ ઊગતાં રૂ તથા તેમાંથી જ વણેલું કાપડ વાપરતા. એવું પણ મનાય છે કે એ પ્રાચીન શસ્ત્રવૈદ્યો સ્થાનિક વનસ્પતિમાંથી ઘેનની દવા પણ બનાવતા.



ટિકિટકથા: સવાસો વર્ષ પહેલાંની સિસિલીની આ ટિકિટ પર એના રાજવી ફર્ડિનાન્ડ બીજાની છબી છે. રદ્દીકરણની છાપથી ટિકિટ પર પોતાની છબિ બગડે એ એને ગમે તેવું ન હોઈ વર્ષો સુધી એણે ટપાલટિકિટો બહાર પાડી જ નહિ. અંતે ટપાલ ખાતાએ એની છબી પર છાપ ન પડે એવો ગાળો રાખીને રદ્દીકરણની મહોર બનાવીને માર્ગ કાઢ્યો! બહુ ક્રૂરતાથી એણે પોતાના રાજ્યમાં થએલો બળવો દાબી દીધેલો એટલે લોકો એને 'બૉમ્બા' કહેતા. આ પરથી સંગ્રાહકો પણ એની ટિકિટને 'સિસિલીઅન બૉમ્બા' કહે છે. જો કે ૧૮૫૯માં ટિકિટો બહાર પડી ત્યારે એ તો ઉપર સિધાવી ગયો હતો. વેપારીઓએ આની બનાવટી ટિકિટો વેચીને કંઈકને છેતર્યા છે.

क्षमातुल्यं तपो नास्ति
न संतोषात् परं सुखम्।
न तृष्णायाः परो व्याधिः
न च धर्मो दयापरः॥

ક્ષમા જેવું કોઈ તપ નથી; સંતોષ જેવું કશું સુખ નથી, તૃષ્ણા કરતાં કોઈ મોટો વ્યાધિ નથી, ને દયા જેવો મોટો ધર્મ નથી.

કાચમાં કાણું પાડવું હોય તો થોડાં ટીપાં ટર્પેન્ટાઈનમાં પીગળે એટલા કપૂરની ભૂકી નાખી, તે સારડીને લગાડવાથી ઊંજણની ગરજ સારશે. સારડી કાચ ઉપરથી લપસી ન પડે તે માટે કાચ ઉપર સજ્જડ લાકડું દબાવીને લાકડા સોંસરું કાચમાં છિદ્ર પાડવું. શીશી કે બરણીમાં વેહ પાડતી વખતે તેની ગોળાઈ પ્રમાણે લાકડાને છોલી લેવું જોઇએ.

લોબાન તથા તલનું તેલ સાથે મેળવી, તેનાં ટીપાંનું કાનમાં પૂરણ કરવામાં આવે તો કાનનો ગમે તેવો દુખાવો તરત જ દૂર થાય છે.

ફિરોઝ: પછી ડાક્તરે તારી ધણીઆણીના જડબાનું એક્સ-રે પિક્ચર લીધું?
સોરાબ: હા, લેવાને કોશિશ તો કીધી, પણ મૂવિંગ પિક્ચર આવ્યું.



કલાકણિકા: આ તો માત્ર માટીનો કૂજો, પણ ગાતી સ્ત્રીના ખુલ્લા મુખનો ચાતુરીભર્યો વિનિયોગ કરીને કોઈ કલારસિયા કુંભારે એમાં રોજિંદા વપરાશની ચીજ સાથે જીવનનો આનંદ સાંકળી દીધો છે.

સાહિત્યસંપર્ક

[અનુસંધાન પૃષ્ઠ ૨૩૦થી]

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

આર. આર. શેઠની કંપના
ગાંધીમાર્ગ, અમદાવાદ–૧
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ–૨

ગીતાદર્શન : જાણીતા લેખક ને સમાજ-ચિંતક ઈશ્વર પેટલીકરે આ લઘુ પુસ્તકમાં ગીતા જેવા અર્થઘન ગ્રંથરત્નના દર્શનને સરળ અને સુભગરીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે, જે સામાન્ય વાચકને ખૂબ ઉપયોગી થઈ પડશે. એનું આ ત્રીજું મુદ્રણ એની લોકોપયોગિતા પુરવાર કરી આપે છે (પાકું પૂઠું, પૃ. ૧૩૦, રૂ. ૬)

મહાભારતદર્શન : ઉપર જણાવ્યું તેમ ઈશ્વર પેટલીકરે આ પુસ્તકમાં આપણા શ્રેષ્ઠ ગ્રંથ મહાભારતનો તત્ત્વબોધ તેના પ્રસંગ-વિશેષો અને પાત્રવિશેષોની છણાવટ દ્વારા લોક-સુલભ કરાવી આપ્યો છે, અને એનું પણ આ ત્રીજું મુદ્રણ છે. (પાકું પૂઠું. પૃ. ૧૧૪, રૂ ૫-૨૫)

રામાયણદર્શન : આ પુસ્તકમાં પણ ઈશ્વર પેટલીકરે રામાયણનાં પ્રસંગો-પાત્રોની છણાવટ દ્વારા પ્રથમ બે પુસ્તકોની ઢબે એનો તત્ત્વબિંદુ સારવી આપ્યો છે, ને એની આ પણ ત્રીજી આવૃત્તિ છે. (પાકું, પૃ. ૧૧૪, રૂ ૫-૨૫)

ગ્રામચિત્રો : ગ્રામસમાજના વિભિન્ન વર્ગોનાં પ્રતિનિધિરૂપ શિક્ષક, દુકાનદાર, જોષી, ખેડૂત, કુંભાર વગેરે કાલ્પનિક પાત્રો લઈ રેખા-ચિત્રની શૈલીએ ઈશ્વર પેટલીકરે તે તે વર્ગની ખાસિયતો ઉપસાવવાની સાથેસાથે આ પુસ્તક-માં ગ્રામસમાજની સમીક્ષા પણ કરી લીધી છે. એમની રોચક શૈલીને લઇને આ ચિત્રો વાચનમધુર બન્યાં છે તો એમની વેધક અને વિશ્લેષણાત્મક સામાજિક દૃષ્ટિએ પૃથક્કરણા-ત્મક પણ બન્યાં છે. આપણા ગ્રામસમાજનું યથાતથ દર્શન રસિક રીતે પૂરું પાડવાનો પેટલી-કરનો આ નવીન પ્રયોગ આવકારાયો છે તેની ગવાહી પ્રસ્તુત પુસ્તકની આ ચોથી આવૃત્તિ થઈ તે જ સૂચવી આપે છે. (પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૮-૭૫)

જીવનદીપ : સંસારાભિમુખ યુવક યુવતી-ઓને જીવન નંદનવન સમુ કેમ બની શકે તે વિભાવના સાથે પેટલીકરે 'ગૃહસંસાર', 'સમા-જજીવન' અને 'અંગતજીવન' એમ ત્રણ નાના ખંડોમાં આ પુસ્તકને વિભક્ત કરી પ્રત્યેકને ઉપયોગી માર્ગદર્શન મળી રહે તેવું રોચક લ-ખાણ પૂરું પાડયું છે, જેથી આપણાં સમાજ-સંસાર જીવન વિષયક પુસ્તકોમાં એ લાંબા સમય વાચનક્ષમતા જાળવીરાખી શકે તેવું બન્યું છે. પુસ્તકની આ ચોથી આવૃત્તિ એની લોક-પ્રિયતા દર્શાવે છે. (પાકું, પૃ. ૨૪૬, રૂ. ૧૨)

ભોરનાં આંસુ : જાણીતા લેખક સારંગ બારોટની નમણી નકશીદાર અને પ્રસંગપ્રધાન વાર્તાઓના સંગ્રહની ત્રીજી આવૃત્તિ. (પાકું પૂઠું. પૃ. ૨૪૨, રૂ. ૧૧-૭૫)

શિશિરે વસન્ત : પીઢ ને પ્રસિદ્ધ કવિ સુંદરજી બેટાઈના આ આઠમા કાવ્ય-સંગ્રહમાં નાનાંમોટાં જે પંચાવન કાવ્યો સંગૃહીત કરવા-માં આવ્યાં છે તે પ્રતીત કરાવી આપે છે કે જીવનના આઠમા દાયકામાં પ્રવેશી ચૂકેલા આ કવિની જીવનશિશિર હજુ કાવ્યવસંતથી ભરી-પૂરી છે. એ કાવ્યોના વિવિધ વિષયો, વિવિધ પ્રકારો, વિવિધ પદ્યલયો, વિવિધ ભાવો-વિ-ચારો દર્શાવે છે તેમ કવિ પાસે એક ચિંતનપૂત દૃષ્ટિ છે અને ઊર્મિગર્ભ વિચાર છે, જે સર્વથા એમની કૃતિઓને આસ્વાદ્ય બનાવે છે. એમની શૈલીમાં જે પ્રશિષ્ટતા છે તે એમના વ્યક્તિત્વ-ની દ્યોતક બની રહે છે. એકંદરે આ કાવ્યો શ્રી બેટાઈની સર્જનકાળની વીળવેળા હજુ ઘણી દૂર હોવાનું સૂચવે છે. (કાચું, પૃ. ૭૨, રૂ. ૭)

દીવાન-એ-આમ અને દીવાન-એ-ખાસ : મનસુખલાલ ઝવેરી 'કાયમ'ના આ બે ગઝલસંગ્રહોમાં પ્રણય, તેની સફલતા અને વિફલતા તથા ચિંતન મુખ્યત્વે આગળ તરી આવે છે, જેમાં પણ કવિવ્યક્તિત્વની કોઈ ખાસ છાપ ઊઠવા પામતી નથી. ગઝલની ઈબારતની દૃષ્ટિએ પણ આ સંગ્રહોની રચનાઓ સરેરાશ બની રહી છે. હા, એનું મુદ્રણ સુંદર અને સુશોભિત છે ખરું (બન્નેનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૧૧૬, પ્રત્યેકની કિં. રૂ. ૧૧.)

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય : શિક્ષણવિશેષ સૂત્ર સાથે દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં ગિજુભાઇએ શિક્ષણકાર્ય કર્યું તે કારકિર્દીનાં સુફળ રૂપે જે બાલસાહિત્યના કેટલાક નમૂનારૂપ પુસ્તકોના સમૂહ તેમણે આપ્યા તે છે તારાબેન સાથેનાં આ સંપાદનો. આમાં પ્રથમ સમૂહ છે : **પાઠપોથી ગ્રંથમાળા :** નાનાં બાળકોને માટે ભાષાજ્ઞાનની સાથે સાથે વ્યવહારુ માહિતી પણ અહીં પૂરી પાડવામાં આવી છે. બીજો સેટ છે : **પશુપંખી ગ્રંથમાળા :** ગધેડું, ગાય, કૂતરો, મોર, ચામાચીડિયું વગેરે પશુપંખીઓની લાક્ષણિકતાઓ વાર્તારૂપે દર્શાવતો આ સેટ બાળકોને ખરેખર વાંચવો ગમે તેવો છે. ત્રીજો સેટ છે : **અવલોકન ગ્રંથમાળા :** ગ્રામજીવનના પ્રસંગ–વ્યવહાર, રમતગમત વગેરેને કેન્દ્રમાં રાખી રોચક શૈલીએ લખાએલી વાર્તાઓ આમાં આપવામાં આવી છે. ચોથો સેટ છે : **હાસ્ય-વિનોદ ગ્રંથમાળા :** બાળકોને નિર્દોષ હાસ્ય-વિનોદ પીરસતા ટુચકા અને વાર્તાઓ ભૂલકાંઓને જરૂર ગમશે. પાંચમો સેટ છે : **રમ્યકથા ગ્રંથમાળા :** આપણાં પુરાણો અને ઇતિહાસમાંથી પ્રસિદ્ધ પાત્રોને કેન્દ્રમાં રાખીને ગૂંથાએલી આ બાળવાર્તાઓ શ્રદ્ધા, હિમ્મત, ભક્તિ આદિ ઉમદા ગુણોનું બાળકોના જીવનમાં સિંચન કરે તેવી હોઈ તેમને જરૂર વંચાવવી જોઇએ. છઠ્ઠો સેટ છે : **ગાતી ગ્રંથમાળા :** બાળકોને ગીતો ગાવાં પણ ખૂબ જ ગમે, એ હકીકતને ધ્યાનમાં રાખી આ સેટમાં જોડકણાંથી માંડી સરળ સુંદર સુપથ્ય નાનાંનાનાં કાવ્યો પણ આપવામાં આવ્યાં છે. આ ગ્રંથમાળાનું પ્રકાશન અત્યારે અને ગમે ત્યારે પણ આપણાં બાળકોને ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવું છે તે તેનું સ્થાયી મૂલ્ય છે. (પ્રત્યેક સેટમાં આઠ પુસ્તિકાઓ, પ્રત્યેક પુસ્તિકામાં પૃ. ૩૨ થી ૪૦, પ્રત્યેકનું કાચું પૂઠું, સેટની કિં. રૂ. ૧૦.)

પરિચય પુસ્તિકાઓ : પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મૅમોરિયલ બિલ્ડિંગ, નેતાજી રોડ, મુંબઈ ૨) તરફથી સામાન્ય જ્ઞાન શ્રેણીમાં નીચેની નવી પુસ્તિકાઓ પ્રકટ થઈ છે : **મધર ટેરેસા** (લે. લલિતકુમાર બક્ષી) **ગ્રામ દક્ષિણામૂર્તિ અને લોકભારતી** (ન. પ્ર. બુચ), **એકસરે** (ડૉ. કે. એન. કામદાર), **જંગલનાં પ્રાણીઓ:** (વજેન્દ્રપ્રસાદ દેસાઈજી), **ગામડાંમાં વીજળી** (જે. એન. વર્મા), **ભાષાશાસ્ત્ર શું છે?** (ઊર્મિઘનશ્યામ દેસાઇ), **ઍડમ સ્મિથ** (રામુ પંડિત), **ઇજિપ્તની સંસ્કૃતિ** (ચંદ્રકાન્ત બક્ષી), **દક્ષિણ આફ્રિકાનો રંગભેદ** (હસમુખ ગાંધી), **નવું રાષ્ટ્ર સેશેલ્સ** (બી. જી. વર્ગીઝ), **હવાઈ ચાંચિયાગીરી** (હિંમતલાલ મહેતા), **દહેજની સમસ્યા** (નીરા દેસાઈ), **ક્રિકેટ કોમેન્ટરી** (સુરેશ સરૈયા), **મોન્ટેસોરી પદ્ધતિ શું છે?** (તારા ગોરડિયા), **મણિપુરી નૃત્ય** (નયના ઝવેરી), **દારૂબંધી** (હરીશ ર. યાદવ) વિવિધ વિષયો પરની આ પુસ્તિકાઓ તે તે વિષયના અધિકારીની કલમે લખાઈ હોઈ તેની ઉપયોગિતા વિષે ભાગ્યે જ કશું કહેવાનું હોય. (દરેકનું કાચું પૂઠું, દરેકનાં પૃ. ૩૨, કિં. ૭૫ પૈસા)